Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૫૧
તા.૨૮-૦૩-૨૦૧૮, બુધવાર
સંવત ૨૦૭૪ ચૈત્ર સુદ - ૧૨
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૭ સૂર્યાસ્ત : ૦૬:૫૪

તાપમાન
ડીસા ૩૯.૮ | વડોદરા ૪૦.૭
અમદાવાદ ૪૦.૪ | સુરત ૪૦.૬
ગાંધીનગર ૪૦.૫ | નલિયા ૩૮.૧

ચાંદી : ૩૯,૪૦૦ સોનું : ૩૧,૫૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

રખેવાલ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૩૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

કર્ણાટક : ૧૨મી મે એ એક તબક્કામાં મતદાન

કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી માટેનું રણશિંગુ ફૂંકાયું : કર્ણાટકમાં ૬૦ લાખ નવા મતદારો ઉમેરાતા કુલ મતદારોની સંખ્યા ૪.૯૦ કરોડ થઇ : ૪૫૦થી વધારે પોલિંગ બૂથ પર મહિલાઓ જવાબદારી સંભાળશે

નવી દિલ્હી

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે હાઇપ્રોફાઇલ કર્ણાટક વિધાનસભાની ચૂંટણી માટે આજે રણશિંગુ ફુંકાઈ ગયું હતું. આની સાથે જ રાજકીય પક્ષો અને ખાસ કરીને ભાજપ અને કોંગ્રેસમાં રાજકીય ગતિવિધિ વધી ગઈ છે. કર્ણાટક વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરતા મુખ્ય ચૂંટણી કમિશનર ઓપી રાવતે કહ્યું હતું કે, રાજ્યમાં ૫૬૦૦૦ પોલિંગ બૂથ બનાવવામાં આવનાર છે. દિવ્યાંગો માટે પોલિંગ બુથ ઉપર ખાસ વ્યવસ્થા કરવામાં આવશે. ૪૫૦થી પોલિંગ બુથની વ્યવસ્થા મહિલાઓ સંભાળશે. કર્ણાટક વિધાનસભાની ચૂંટણીને ભાજપ અને કોંગ્રેસ બંને માટે મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. પૂર્વોત્તરમાં જીતનો ડંકો વગાડી દીધા બાદ ભાજપ હવે દક્ષિણ માટે દ્વાર ગણાતા કર્ણાટક ચૂંટણીને જીતીને દક્ષિણ ભારતમાં નેટવર્કને મજબત કરવાના પ્રયાસમાં છે. બીજી બાજુ કોંગ્રેસ પાસે મોટા રાજ્યોમાં એકમાત્ર કર્ણાટક હાથમાં રહ્યું છે જેથી કર્ણાટકમાં સત્તા જાળવી રાખવા કોંગ્રેસ દ્વારા તમામ પ્રયાસો કરવામાં આવશે. જેડીએસ પણ બહુજન સમાજ પાર્ટી સાથે મળીને બંને પાર્ટીને પડકાર ફેંકવાના પ્રયાસ કરશે. લિંગાયતને અલગ ધર્મ માટેનો દરજ્જો આપવામાં આવ્યા બાદ કર્ણાટકની રાજનીતિમાં નવો વળાંક આવી ગયો છે. લિંગાયત સમાજને કર્ણાટકમાં મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. રાજ્યમાં ૧૭ ટકા વસતી લિંગાયત સમુદાયની છે. કર્ણાટકમાં હજુ સુધી લિંગાયત સમુદાયના સાત અને વોક્કાલિંગાથી પાંચ મુખ્યમંત્રીઓ રહી ચુક્યા છે. ચૂંટણી પંચ દ્વારા સવારે કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી હતી. આની સાથે જ રાજ્યમાં રાજકીય ગરમી વધી ગઈ છે. કર્ણાટકમાં એક જ તબક્કામાં ૧૨મી મેના દિવસે મતદાન થશે. ૧૭મી એપ્રિલના દિવસે જાહેરનામુ જારી કરવામાં આવનાર છે. ત્યારબાદ ઉમેદવારો ૨૭મી એપ્રિલ સુધી તેમના નામ પરત ખેંચી શકશે.

વિચાર વૈભવ..

નીલકમલ

જો યુવાન પોતાના ગુરુ-દેવને એક વિશાળ ભૂ-ભાગ પર લઈ આવ્યો.

ભૂ-ભાગ પર રહેલું એક ચાંચિક યાન બતાવ્યું અને કહ્યું: ગુરુ-દેવ! મેં જબ્બર પ્રગતિ કરી છે. મારું આ ચાંચિકયાન આખી દુનિયાનું પરિભ્રમણ કરી શકે છે. દુનિયાના કોઈપણ ખૂણે તે જઈ શકે છે. ગમે ત્યાં તે નિર્વિઘ્ને જઈ શકે છે.. પાણીમાં ઉડાણ પણ તે મારી શકે છે અને આકાશની ઊંચાઈને પણ તે આંબી શકે છે, તો પૃથ્વીના પેટાળમાં પણ પળવારમાં પ્રવેશી જાય છે.

વળી, દુનિયાની દરેક જીભને તે આપણને અહીં બેઠા પણ દેખાડી શકે છે.. કેવી જોરદાર કહેવાય આ પ્રગતિ!'

ગુરુ-દેવે એક સ્મિત ફરકાવ્યું અને પછી ઠોક ખોલતાં કહ્યું: 'વત્સ! આને પ્રગતિ ન કહેવાય. પ્રગતિ તો તેને કહેવાય, જેની ગતિ પ્રવૃષ્ટ હોય, સર્વોત્કૃષ્ટ હોય. જેની ગતિ પ્રવૃષ્ટતા તરફ હોય તેને પ્રગતિ કહી શકાય.

દુનિયા તરફની તારી ગતિ તો સીમિત છે, કારણ દુનિયાનો ક્યાંક છેડો હોય છે.. એના પછી તારી ગતિ અટકી જાય છે. પટકી જાય છે. પટકી જાય છે. પટકી જાય છે..

અંદરની ગતિ- અંતરમાં ગતિ- આંતરગતિ આત્મગતિ એ જ વાસ્તવમાં પ્રગતિ છે. કારણ અંદર ક્યાંય સીમા નથી. આત્મમૂલ અનંતુ છે. આત્માની ગતિના સ્થાનો અનંતા છે. અનંતમાં જે ગતિ કરે, તે જ વાસ્તવમાં પ્રગતિ છે. તે જ પ્રવૃષ્ટ ગતિ છે. એ જ ઉત્કૃષ્ટ ગતિ છે. સર્વોત્કૃષ્ટ ગતિ છે. ત્યાં ગતિ કર્યા પછી પટકાવાનું નથી. પછી તો પરમ પ્રવૃષ્ટતામાં પહોંચી જવાય છે.

તારી ગતિ દૂરની છે. અર્થાત્ દુર્ગતિ છે. ગતિથી જે દૂર લઈ જાય તે દુર્ગતિ... ગતિથી દુઃખી કરાવે તે દુર્ગતિ.. સ્વથી જે દૂર-દૂર ધકેલી જાય તે દુર્ગતિ.

આખરે તારી ગતિ તને દુઃખી કરાવશે. તારી આ ગતિ તને તારાથી જ વિખૂટો પાડી દેશે.

માટે જ કહું છું - આ દુર્ગતિથી અટકી જા.. પાછો વળ.

તારામાં પ્રવેશ કર. ત્યાં ગતિ કરી.. પછી પ્રગતિ.. પછી પરમગતિ..' અને યુવાન ગુરુ-દેવનાં ચરણોમાં સર્વસમર્પણ માટે નમી પડ્યો.

- પ.રાજર્ષિવિજયજી ગણિ

સાર સમાચાર...

ગુજરાતમાં હિટવેવથી લોકો ભારે હેરાન : પારો ૪૧ થયો

અમદાવાદ

ગુજરાતમાં હિટવેવની ચેતવણી અકબંધ રાખવામાં આવી છે. આગામી દિવસોમાં હિટવેવની ચેત વણીના કારણે તંત્ર બિલકુલ સાવધાન છે. આજે સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા ભાગોમાં હિટવેવની સ્થિતિના કારણે લોકો ભારે પરેશાન દેખાયા હતા. અમદાવાદ શહેરમાં પણ બપોરના ગાળામાં લોકો ગરમીથી પરેશાન દેખાયા હતા. ગરમીના લીધે માથામાં દુખાવા અને પેટમાં દુખાવાની ફરિયાદ પણ આજે લોકોએ કરી હતી. અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાન માં તબક્કાવાર રીતે વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. આજે રાજ્યના અનેક ભાગોમાં પારો ૪૦થી પણ ઉપર પહોંચી ગયો હતો. સૌથી વધુ ગરમીનો અનુભવ અમરેલીમાં થયો હતો.

અધ્યક્ષ સામે અવિશ્વાસની દરખાસ્ત પાછી ખેંચાઈ

કોંગી ધારાસભ્યોના સસ્પેન્શન મુદ્દે ભાજપ-કોંગીમાં સમાધાન

આખરે સમાધાનના ભાગરુપે શાસક પાર્ટી દ્વારા કોંગ્રેસી ધારાસભ્યનું સસ્પેન્શન સત્ર સમાપ્તિ સુધી ટુંકાવી દેવાયું

અમદાવાદ

ગુજરાત વિધાનસભામાં ગૃહની ગરિમાને લાંછન લાગે અને લોકશાહી મૂલ્યોના લીરેલીરાઉ ઉડાવનારા કોંગ્રેસના ધારાસભ્યો પ્રતાપ દુધાત અને અમરીષ રેરને બે વર્ષ માટે અને બળદેવ ઠાકોરને એક વર્ષ માટે સસ્પેન્ડ કરવાના વિધાનસભા અધ્યક્ષના નિર્ણયના વિરોધમાં ગુજરાત કોંગ્રેસ દ્વારા ગુજરાત હાઇકોર્ટમાં કરાયેલી પિટિશનમાં આજે સુનાવણી હાથ ધરાય તે પહેલાં જ વિધાનસભા ગૃહમાં શાસક પક્ષ ભાજપ અને વિપક્ષ કોંગ્રેસ વચ્ચે ઠેલુ-ઠેલુના દ્રશ્યો જોવા મળ્યા હતા અને બંને પક્ષે આખરે સમાધાન થઇ જતાં ધીના ઠામમાં ઘી પડ્યું હતું. જે મુજબ, વિપક્ષ તરફથી વિધાનસભાના અધ્યક્ષ સામેની અવિશ્વાસની દરખાસ્ત પાછી ખેંચી લેવામાં આવી હતી તો, સામે પક્ષે શાસકપક્ષ તરફથી પણ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે કોંગ્રેસના સસ્પેન્ડેડ ત્રણ ધારાસભ્યોને માત્ર સત્ર સમાપ્તિ સુધી જ સસ્પેન્ડ કરવાની વધી દરખાસ્ત ગૃહમાં રજૂ કરી હતી, જે મંજૂર કરાઇ હતી. દરમ્યાન ગુજરાત હાઇકોર્ટ સમક્ષ કોંગ્રેસ દ્વારા કરાયેલી રિટ અરજીની સુનાવણીમાં સરકારપક્ષ તરફથી આ સમગ્ર મામલે હવે બંને પક્ષે સમાધાન થઇ ગયું હોઇ તેની વિધિવત્ જ્ઞાણ કરવામાં આવતાં હાઇકોર્ટે કેસનો નિકાલ કર્યો હતો. આ અગાઉ વિધાનસભા ગૃહમાં આજે કોંગ્રેસના ત્રણ ધારાસભ્યોનું સસ્પેન્શન રદ કરવાની દરખાસ્ત મૂકતાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, એ દિવસે કાળ ચોઘડિયુ બાઝી ગયુ હતું અને તેથી આવી ઘટના બની હતી.

ફેબ્રુઆરી જીએસટી વસુલાત આંક ૮૫૧.૭૪ અબજ રહ્યો

નવીદિલ્હી

ફેબ્રુઆરી મહિના માટે જીએસટી કલેક્શનનો આંકડો ૮૫૧.૭૪ અબજ રૂપિયા રહ્યો છે જે જાન્યુઆરી મહિનામાં ૮૬૩.૧૮ અબજ રૂપિયા રહ્યો હતો. ફેબ્રુઆરી મહિનામાં સતત બીજા મહિનામાં જીએસટી હેઠળ રેવન્યુ કલેકશનમાં ઘટાડો થયો છે. ૧૧.૪૪ અબજ રૂપિયા સુધીનો ઘટાડો થતાં આંકડો ૮૫૧.૭૪ અબજ રૂપિયા રહ્યો છે. ડિસેમ્બર મહિનામાં ૮૯૩.૦૩ અબજ રૂપિયાથી જાન્યુઆરી મહિનામાં આ કલેક્શનનો આંકડો ઘટીને ૮૬૩.૧૮ અબજ રૂપિયા થઇ ગયો છે. ફેબ્રુઆરી ૨૦૧૮ માટે જીએસટી હેઠળ મેળવવામાં આવેલા કુલ રેવન્યુનો આંકડો ૮૫૧.૭૪ અબજ રૂપિયા રહ્યો છે.

પાલનપુર એલ.સી.બી.એ આંતરરાજ્ય ગેંગ ના ત્રણ આરોપીઓ જડપ્યા

બનાસકાંઠા જીલ્લામાં લાખો રૂપિયાની થયેલ ત્રણ લુંટના ભેદ ઉકેલાયા

ડીસાના ટેટોડા નજીક જીરા લુંટમાં રૂ.૨૧,૩૮,૦૦૦/- નો મુદ્દામાલ કબજે કર્યો

ડીસા

ડીસા તાલુકાના ટેટોડા નજીક થોડા દિવસ અગાઉ એક વીસ લાખ ઉપરાંતનુ જીરુ ભરેલી ટ્રકની લુંટ થઈ હતી જે મામલે તપાસ દરમિયાન પાલનપુર એલ.સી.બી.ની ટીમે ડીસા તાલુકા પોલીસને સાથી રાખી ત્રણ આરોપીઓને ઝડપી લઈ લુંટનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે પોલીસે આ ગુનામાં રૂા.૨૧,૩૮,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઉપરાંત પુછપરછ દરમિયાન રૂા.૨૭,૪૫,૫૯૯ ના અન્ય બે લુંટનો ભેદ ઉકેલી ના ગુનામાં સંડોવાયેલા અન્ય પાંચ આરોપીઓને સોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ જિલ્લા પોલીસ વડા નીરજ બડગુજરની સુચનાથી એલ.સી.બી. પીઆઈ જે.એચ.સિંધેવ ટીમો બનાવી જીલ્લામાં બનેલ લુંટ તથા ધાડના બનાવો બાબતે ડીસા રૂરલ પો.સ્ટે.નોંધાયેલ ફરીયાદ આધારે તપાસમાં હતા.જે દરમ્યાન ડીસા ટેટોડા હાઇવે ઉપર થયેલ જીરા લુંટ કિ.રૂ.૨૧,૩૮,૦૦૦/- તથા જીરૂ ભરેલ ટ્રક નં.ઈદ ૧૯ ૫૭ ૧૭૦૩ ની તપાસમાં મળેલ ચોક્કસ બાતમી આધારે તેમણે મુસ્તુફા રમઝાન જાતે.સિપાઈ રહે.અદગામ તા.સમી જી.પાટણ વાળાને પકડી પાડ્યો હતો જેની આ લુંટ બાબતે સઘન પુછપરછ કરતા પોતે આ જીરા લુંટ (૧) સદ્દામ અલુ મિયા ડફેર (૨) અહુ અલુ ડફેર ત્રણેય રહે.અદગામ તા.સમી તથા (૪) ભુરા મૈયા ભટ્ટી (ડફેર) રહે.રાણીસર તા.સાંતલપુર (૫) જલાભાઈ રુગનાથભાઈ ઠાકોર રહે. આગીચણા તા.રાધનપુરવાળાઓ મળી કુલ-૬ ઇસમો સાથે તા.૧૯,૨૦/૦૩/૦૧૮ના રાત્રીના સમયે ધાનેરા હાઈવે રોડ ઉપર ટેટોડા નજીક લુંટ કરી હોવાની કબુલાત કરી હતી અને જીરાની બોરીઓ ભરેલ ટ્રેનના ડ્રાઈવર તથા તેની સાથેના માણસને બંધક બનાવ્યા હતાં તેવું કબુલ્યું હતું અને સદ્દામ અલુ મિયા ડફેર રહે.અદગામ ના રહેણાંક ઘરે વાડામાં આ જીરાની બોરીઓ ઉતારી હતી. જ્યારે ટ્રકને ભાભર હાઇવે ઉપર અજાણી જગ્યાએ માણસોને બાધેલ હાલતમાં મુકીને નાસી છુટયા હતાં. આ પકડાયેલ ઇસમને સાથે રાખી પોલીસે આ લુંટમાં સંકળાયેલ અન્ય ઇસમો દ્વારા અલગ અલગ જગ્યાએ સંતાડેલ જીરાની કુલ-૨૮૬ બોરીઓ કબજે કરી હતી. તેમજ (૧) મુસ્તુફા રમઝાન સિપાઈ તથા (૨) જલાભાઈ રુગનાથભાઈ ઠાકોરનાઓની ધરપકડ કરી આગળની તપાસ ડીસા રૂરલ પો.સ્ટે. કરવામાં આવી હતી.

જ્યારે ડીસા રૂરલ પોલીસે જીરા લુંટની તપાસમાં પકડાયેલ ઇસમ મુસ્તુફા રમઝાન સિપાઈની સઘન તપાસ કરતા અન્ય લુંટના પણ ખુલાસા થયા.જેમાં આશરે આજથી એક વર્ષ પહેલા પોતાના ગુના સાથીઓ જેમાં (૧) હયાત અલુ ડફેર રહે. અદગામ તા. સમી (૨) સદ્દામ અલુ ડફેર રહે.અદગામ તા. સમી (૩) અહુ અલુ ડફેર રહે. અદગામ તા. સમી (૪)

અનુસંધાન પાના નં.૬

એક વર્ષ અગાઉ કુલ રૂ. ૨૭,૪૫,૫૯૯ લાખની થયેલ અન્ય બે લૂંટનો પણ ભેદ ઉકેલાયો

રાહુલ ગાંધી દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો

ગુજરાત કોંગ્રેસના નવા પ્રદેશ પ્રમુખ તરીકે અમિત ચાવડા

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીના રાજીનામાનો સ્વીકાર : યુવા નેતાને અગત્યની જવાબદારી સોંપી દેવાઈ

અમદાવાદ

ગુજરાત કોંગ્રેસના નવા પ્રદેશ પ્રમુખ તરીકે અમિત ચાવડાની સત્તાવાર નિયુક્તિ કરવામાં આવી છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી દ્વારા બહુ મહત્વનો નિર્ણય લઈ આ ફેરબદલ કરવામાં આવી છે અને ગુજરાત કોંગ્રેસની બાગડોર આખરે યુવા નેતા અને આંકલાવના ધારાસભ્ય એવા અમિત ચાવડાને સોંપવામાં આવી છે. તો, પ્રદેશ કોંગ્રેસના પ્રમુખપદેથી ભરતસિંહ સોલંકીના રાજીનામાનો કોંગી હાઇકમાન્ડે સ્વીકાર કરી લીધો છે. આ સાથે ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખને લઈ છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો છે તો, સાથે સાથે ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલાં કોંગી હાઇકમાન્ડે મહત્વના ફેરફારો અને યુવા નેતાઓને પ્રાધાન્યતાના સ્પષ્ટ સંકેતો આપી દેવાયા છે. ગુજરાત કોંગ્રેસના નવા પ્રદેશ પ્રમુખ તરીકે આંકલાવના ધારાસભ્ય અને યુવા ચહેરા એવા અમિત ચાવડાની નિમણૂંક કરાતાં ગુજરાત કોંગ્રેસમાં આ સમાચાર મુખ્ય અને મહત્વની ચર્ચાનું કેન્દ્ર બની રહ્યો હતો. અમિત ચાવડા રાજકીય કુટુંબમાંથી આવે છે, તેમના દાદા ઈશ્વરભાઈ ચાવડા એક સમયે સાંસદ હતા, એટલું જ નહી, ઈશ્વરભાઈ ચાવડા રાજયના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના સસરા હતા. આમ તે ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીના મામાના દિકરા થાય છે. અમિત ચાવડા પૂર્વ સાંસદ ઈશ્વરભાઈ ચાવડાના પુત્ર અજીત ચાવડાના દિકરા છે અને તે સંબંધે તે પૂર્વ સાંસદના પૌત્ર છે. આમ, રાજકારણ તેમને વારસામાં મળ્યું છે. અમિત ચાવડા હાલ ગુજરાત વિધાનસભામાં દંડક તરીકેની ભૂમિકા ભજવી રહ્યા છે. આંકલાવના ધારાસભ્ય અમિત ચાવડાની પ્રોફાઇલ જોઈએ તો, ૪૧ વર્ષીય ચાવડા કેમીકલ એન્જિનીયરની ડિગ્રી ધરાવે છે, ૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીના સોગંદનામા પ્રમાણે તેઓ એક કરોડ રૂપિયાની સંપત્તિ ધરાવે છે.

ભાષાને લઈ સરકારનો સન્માનજનક નિર્ણય

ગુજરાતમાં ગુજરાતી ભાષાનું શિક્ષણ ફરજિયાત બનાવાયું

અંગ્રેજીની ઘેલછામાં ભાષાની થતી ઉપેક્ષાને લઈ આખરે સરકારનો ગુજરાતી માટે આદર જન્માવતો નિર્ણય

અમદાવાદ

સમગ્ર ગુજરાત રાજયમાં હવેથી ગુજરાતી ભાષાનું શિક્ષણ ફરજિયાત બનાવાયુ છે. અંગ્રેજીની ઘેલછામાં ગુજરાતી ભાષાની થઇ રહેલી ઉપેક્ષા અને તે આપણી માતૃભાષા હોઇ તેને કોઇપણ સંજ્ઞોગોમાં અવગણી શકાય નહી તે દ્રષ્ટિકોણથી ભાજપ સરકારે બહુ સન્માનજનક કહી શકાય તેવા એક મહત્વના નિર્ણય મારફતે ગુજરાત રાજયમાં હવેથી ગુજરાતી ભાષાના શિક્ષણને ફરજિયાત કરી દેવાયું છે. ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસામાએ આ અંગેની મહત્વની જાહેરાત કરી હતી. સરકારના આ નિર્ણયને પગલે ગુજરાતી પ્રેમી સહિત સમગ્ર ગુજરાતની જનતામાં એક ગૌરવ અને આનંદની લાગણી ફેલાયેલી જોવા મળી હતી. ગુજરાતની ભાષા ધીરે ધીરે લુપ્ત થઇ રહી હોવાની કાગારોળ અને વાલીઓનો પોતાના સંતાનોને ઈંગ્લીશ મીડિયમમાં જ ભણાવવાના વધતા જતા ક્રેઝને પગલે ગુજરાતી ભાષાની ક્યાંક ને ક્યાંક ઉપેક્ષા થઇ રહી હતી અને તેને લઈને જ આજે રાજય સરકાર દ્વારા વિધાનસભા ગૃહમાં ગુજરાતી ભાષાને આદર અપાવતા નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી, જે મુજબ, હવેથી રાજયમાં કોઇપણ બોર્ડની શાળા હશે પરંતુ તે શાળામાં વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષાનું શિક્ષણ ફરજિયાતપણે આપવાનું રહેશે. શિક્ષણમંત્રીએ વિધાન સભા ગૃહમાં આ અંગેની જાહેરાત કરતાં સ્પષ્ટ કર્યું હતું કે, સરકારના ગુજરાતી ભાષાના શિક્ષણને શાળામાં ફરજિયાત બનાવતા નિર્ણયનો અમલ વર્ષ ૨૦૧૮-૧૯ના પહેલા સત્રથી જ કરી દેવામાં આવશે.

આજે બાર કાઉન્સીલની ચૂંટણી થશે : ૯૯ ઉમેદવારો મેદાનમા

અમદાવાદ

આવતીકાલે ગુજરાત બાર કાઉન્સીલના ૨૫ સભ્યોની પ્રતિષ્ઠાભરી અને અત્યંત રસાકસીભરી ચૂંટણી યોજાનાર છે. બાર કાઉન્સીલના ૨૫ સભ્યોની ચૂંટણી માટે ૯૯ ઉમેદવારો મેદાનમાં છે. રાજયભરના વકીલ આલમ માંથી ૫૦ હજારથી વધુ વકીલ મતદારો આ મતદાનમાં ભાગ લેશે. ગુજરાત બાર કાઉન્સીલની પ્રતિષ્ઠાભરી ચૂંટણીને લઇ રાજયભરના વકીલઆલમમાં ભારે ઉત્સાહ અને ઉત્તેજનાનો માહોલ છવાયો છે. આવતીકાલે રાજયભરમાં આશરે ૧૩૮થી વધુ મતદાનમથકો પર વકીલ મતદારો મતદાન કરી શકશે. ઉમેદવારો દ્વારા અમદાવાદ સહિત રાજયભરમાં તેમનો પ્રચાર છેલ્લા તબક્કામાં અને ચરમસીમાએ પહોંચ્યો છે. આ વખતની ચૂંટણીમાં એકબાજુ, ગુજરાત બાર કાઉન્સીલના પૂર્વ ચેરમેન અને ભાજપના પૂર્વ સાંસદ/ધારાસભ્ય વિજયભાઈ એચ.પટેલ, જામનગરના મનોજ અનડકટ, મહેસાણાના કિશોર ત્રિવેદી, ઓઢંદના સી.કે.પટેલ જેવા ઉમદવારોની જીત નિશ્ચિત મનાઈ રહી છે. તો બીજીબાજુ, બાર કાઉન્સીલની બહુ મોટા ગજાની ચૂંટણીમાં નવા ઉમેદવારો એટલે કે, નવા નિશાળીયાઓ માટે તો કપરા ચઢાણ છે. આ ચૂંટણીમાં એકબાજુ, માત્ર પ્રતિષ્ઠા અને હોદ્દાના શોખ ખાતર મેદાનમાં ઝંપલાવનારા ઉમેદવારો પણ છે તો બીજીબાજુ, વકીલોના હિત અને કલ્યાણકારી કાર્યો માટે હરહંમેશ સમર્પિત બાર કાઉન્સીલના પૂર્વ ચેરમેન અને હાઇકોર્ટ એડવોકેટ્સ એસોસી એશનના પૂર્વ પ્રમુખ વિજય એચ.પટેલ જેવા સેવાભાવી અને દૂરંદેશી ઉમેદવારો પણ છે.

સૂર્યોદય - ૬.૩૭ સૂર્યાસ્ત - ૬.૫૪

તિથિદર્શન

ચૈત્ર સુદ ૧૨ બુધવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ ચૈત્ર સુદ :બારસ બુધવાર નક્ષત્ર:આશ્લેષા સવારે ૧૦.૦૧ પછી મઘા યોગ : શુલ કરણ : કૌલવ આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ.હ.) સવારે ૧૦.૦૧ પછી સિંહ (મ.ટ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. - જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

દેવવશા દુત્પન્નૈ સતિ વિભવે યસ્ય નાસ્તિ ભોગેચ્છા ન ચ પરલોક સમીહા સ ભવતિ ધનપાલકો મૂર્ખઃ

'નસીબ સંજોગે જેને પૈસો- ધન- સમૃદ્ધિ તો મળ્યાં છે પણ તેમ છતાં તે કંજૂસ તે ભોગવતો પણ નથી કે તે ધન દાન- પુણ્યમાં ઉપયોગ કરી, પરલોક પામવાની ઈચ્છા પણ રાખતો નથી. એવો કંજૂસ માત્ર એ ધનની ચોકી - રખેવાળી કરનારો મૂર્ખ માત્ર જ છે.' ધન-સમૃદ્ધિ પૂર્વ-જન્મના કર્મ સંજોગે મળે છે એ જીવન સુધારવાનું સાધન છે એને એકત્ર કરી સાચવી રાખવું કે વધારવા તનતોડ મહેનત કરી એના પાછળ જીવન વેડફી નાખવું એ જીવન નથી. જીવનનો હેતુ અને લક્ષ્ય ધન- સમૃદ્ધિના સદુપયોગથી સિદ્ધ થઈ શકે છે. કેટલાક લોકો ખોટાં કામ કરી, છેતરપિંડી કે કૌભાંડો કરી કરોડો રૂપિયા એકઠા કરે છે પણ પછી એનું શું કરવું એની એમને દિશાસૂઝ હોતી નથી. પરિણામે ધનભંડારની સુરક્ષા માટે દીધેલ 'તાળાં' જેવો ધન સંરક્ષક 'નાગ' થી વિશેષ એનું કોઈ કામ નથી. લક્ષ્મી ચંચળ છે. તમે એનો આજે સત્કાર્યોમાં ઉપયોગ નહીં કરો તો ચોર- ડાકુ, લૂંટારા- ધુતારા કે ઈન્કમટેક્ષવાળા અને એ નહીં તો પારિવારિક વારસ જ તેનો ઉપયોગ કરશે. માટે ધન- સમૃદ્ધિનો યથાયોગ્ય ઉપયોગ- સદુપયોગ કરો, માત્ર 'ચોકી' તો મૂર્ખ જ કરે છે.

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.)ચિંતાનો ઉકેલ મળે. કાર્યમાં સફળતા મળે.

વૃષભ : (બ.વ.ઉ.) મનની ઇચ્છા ફળે. મહત્વના કાર્યમાં પ્રગતિ થાય.

મિથુન : (ક.છ.ઘ.) વાહનથી સંભાળવું હિતાવહ. નવિન આર્થિક લાભ મળે.

કર્ક : (ડ.હ.) પ્રિયજનથી વિરહ રહે. ધંધાના કાર્યોમાં સફળતા મળે.

સિંહ : (મ.ટ.)વ્યર્થ માનસિક ચિંતા સતાવે. ઉચ્ચાટ ભર્યો દિવસ વ્યતિત થાય.

કન્યા : (પ.ઠ.ણ.) કૌટુંબિક કાર્યોમાં સફળતા મળે. યશ, માન, કીર્તિ મળે.

તુલા : (ર.ત.) માંગલિક કાર્યોમાં ધન વ્યય થાય. મહત્વના પ્રશ્નોનો નિકાલ થાય.

વૃશ્ચિક : (ન.ય.) રોકાયેલા નાણાં છૂટા થાય. મકાન-જમીનને લગતા કાર્યોમાં સફળતા મળે.

ધન : (ભ.ફ.ધ.) જીવનસાથીના સહકારથી કાર્યમાં સફળતા મળે. નવિન તક સાંપડે.

મકર : (ખ.જ.) સામા પ્રવાહમાં ચાલતા હોઇએ તેવું લાગે, વ્યર્થ ભાગ-દોડ કરવી પડે.

કુંભ : (ગ.શ.સ.) ધન હાનિના યોગ હોઇ સંભાળવું. પ્રવાસમાં નિષ્ફળતા મળે.

મીન : (દ.ચ.જ.થ.) ગૃહજીવનમાં ચકમક ઝરે. નવા લાભની આશા ફળે.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

૧૬ વિવિધ ભાષાઓમાં નીકળતા કરોડો વાચકોની સંખ્યા ધરાવતા મહાન મેગેઝીન રીડર્સ ડાયજેસ્ટના આદ્યસ્થાપક તંત્રી અને પત્રકાર વિલિયમ વોલેસની પુણ્યતિથિ છે. એમનો જન્મ ઈ.સ. ૧૮૯૦માં અમેરિકામાં થયો હતો. રીડર્સ ડાયજેસ્ટ શરૂ કરતાં પહેલા પતિ-પત્નીએ મળીને ઓક્ટોબર' ૨૧માં લગભગ ૧૦,૦૦૦ પત્રો વાચકોને લખેલા, જેના લીધે રૂા. ૪૦,૦૦૦ના લવાજમો તો તેમને અગાઉથી મળી ગયા અને પ્રથમ અંક પ્રગટ થતાં જ ચારે બાજુથી પ્રશંસાના પુષ્પો વરસ્યાં અને આઠ વર્ષમાં તો તેનો ફેલાવો ૧૦ લાખ નકલો પર પહોંચ્યો. વોલેસ એક લાખના ૨,૦૦૦ ડોલર સુધી પુરસ્કાર લેખકોને આપતા થયા. છેક ૧૯૫૫ સુધી તેઓ જાહેરખબર નહોતા લેતા, પરંતુ કાગળ-મુદ્રણના ભાવો રૂા. ૫૦,૦૦૦ જેટલો છે. અત્યારે રીડર્સ ડાયજેસ્ટનો ફેલાવો ૩,૦૫,૦૦,૦૦૦ નકલનો છે. અને તે વિશ્વના ૧૬૩ દેશોમાં લગભગ ૧૦ કરોડ વાચકોની ૧૬ ભાષાઓમાં પ્રગટ થઈ વાંચનભૂખ સંતોષે છે. હિંદી ભાષામાં સર્વોત્તમ રીડર્સ ડાયજેસ્ટ ફેબ્રુઆરી ૧૯૮૧થી શરૂ થયું છે.

આવા મહાન લેખક પત્રકાર સંશોધક અને પરિશ્રમી તંત્રી વિલિયમ વોલેસનું ૯૧ વર્ષની વયે તા.૩૦-૩-૧૯૮૧ના રોજ અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ

માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001 : 2015 CERTIFIED

॥ રોકાણકારોની શ્રદ્ધા સબૂર..... અમે વિશ્વાસનું પ્રતિક ॥

ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ

www.Investmentpoint.in

Stock Market Trading Consultancy

નિખિલ ભટ્ટ

Research Analyst - SEBI

+91 99793 80808

hellonikhilbhatt@gmail.com

તા. ૨૮.૦૩.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

નિફ્ટી ફ્યુચર ૧૦૨૭૩ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!

તા. ૨૭.૦૩.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૧૭૫ પોઈન્ટ :-

આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૨૩૦ પોઈન્ટના પ્રથમ અને ૧૦૨૭૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૧૪૭ પોઈન્ટ થી ૧૦૧૩૦ પોઈન્ટ, ૧૦૧૧૭ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૨૭૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

તા. ૨૭.૦૩.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૪૪૦૭ પોઈન્ટ :-

આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૪૩૬૦ પોઈન્ટના પ્રથમ અને ૨૪૩૦૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૪૪૪૭ પોઈન્ટ થી ૨૪૪૭૪ પોઈન્ટ, ૨૪૫૦૫ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૪૩૦૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

HDFC લિમિટેડ (૧૮૨૫) :- HDFC ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૮૦૮ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૭૯૬ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૮૩૭ થી રૂ.૧૮૫૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૮૫૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

રેયમોન્ડ લિમિટેડ (૯૨૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૯૦૯ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૮૯૬ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૯૪૨ થી રૂ.૯૫૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!

મહિન્દ્રા & મહિન્દ્રા (૭૪૩) :- રૂ.૭૨૭ નો પ્રથમ તેમજ રૂ.૭૧૭ ના બીજા સપોર્ટથી ઓટો સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૭૫૩ થી રૂ.૭૬૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!

તાતા સ્ટીલ (૫૯૦) :- સ્ટીલ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૬૦૩ થી રૂ.૬૧૨ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૫૭૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

તાતા મોટર્સ (૩૩૦) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૩૧૭ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ઓટો સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૩૪૨ થી રૂ.૩૫૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!

ACC લિમિટેડ (૧૫૧૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સિમેન્ટ સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૫૪૪ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૫૦૩ થી રૂ.૧૪૯૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૫૬૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

ડિવિસ લેબ (૧૦૮૯) :- રૂ.૧૦૯૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૧૦૯ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૦૭૩ થી રૂ.૧૦૬૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૧૧૨ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!

જેટ એરવેઝ (૬૩૯) :- એરલાઇન્સ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૬૭૪ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૬૨૭ થી રૂ.૬૧૯ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!

બાયોકોન લિમિટેડ (૬૦૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૧૯ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૯૬ થી રૂ.૫૯૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૬૨૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

એકસિસ બેન્ક (૫૧૪) :- રૂ.૫૨૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૩૦ ના સ્ટોપલોસે વેચવાલાયક બેન્ક સેક્ટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૫૦૨ થી રૂ.૪૯૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૫૩૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!

તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

રોટરી કલબ, ડીસા દ્વારા દાનની સરવાણી

ડીસા

સમાજ હિતનું ચિંતન કરતી, વિશ્વ ફલક ઉપર છવાઈ ગયેલી સંસ્થા, રોટરી કલબની ડીસા શાખાની સત્તાવાર મુલાકાતે આવેલા ડીસ્ટ્રીકટ ગવર્નર-૨૦૧૮ રોટરીયન મૌલિકભાઈ પટેલ, આસિસ્ટન્ટ ગવર્નર રોટેરીયન ધનરાજભાઈ ઠક્કર,ફસ્ટ લેડી રોટેરીયન સોનલબેન પટેલની ઉપસ્થિતિમાં રોટરી ડીસાના પ્રમુખ નટુભાઈ પટેલ, મંત્રી યશવંતભાઈ ખત્રી તથા અનેક સેવાભાવી સંસ્થાઓના મહાનુભાવોએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

પી.એચ.એફ.રોટરીયન મહેન્દ્રભાઈ પંચાલે તેમના ધર્મ પત્ની સ્વ.હંસાબેનની સ્મૃતિમાં દિવ્યાંગ દિપ્તીબેન નાઈને શિવવાનો સંચો ભેટ આપ્યો ડૉ. પ્રિયદર્શીની આશ્નાની (આંખના સર્જન) એ વૃધ્ધાશ્રમમાં ઠંડા પાણી માટે વોટરકુલ આપ્યું. રોટરીયન અરૂણભાઈ અગ્રવાલે દિવ્યાંગ માટે ટ્રાઈસીકલ આપી.

ડિસ્ટ્રીકટ ગવર્નર-૨૦૧૮ મૌલિકભાઈએ આ બધા દાનેશ્વરીઓ તથા શાખા દ્વારા હાથ ધરાયેલ સેવાના કાર્યક્રમોથી પ્રભાવિત થઈને ડીસા રોટરીને અને દાનવીરોને ધન્યવાદ આપ્યા હતા.

જુનાડીસા જિ.પં.સીટના સદસ્યનો સન્માન સમારોહ યોજાયો

ચેતન શ્રીમાળી

પ્રતિનિધિ આસેડા

ડીસા તાલુકાની જુનાડીસા જિલ્લા પંચાયત બેઠક ઉપરથી ઠાકોર રામકરણજીના ધર્મપત્ની બાલુબેનનો વિજય થતાં તેમનો તથા જિલ્લા અને તાલુકામાં ચૂંટાયેલા અન્ય સદસ્યોનો કણઝરા ગામે સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ, જિલ્લા પંચાયત પ્રમુખ પીનાબેન ઘડીયા, દિનેશભાઈ જાલેરા, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ દિનેશભાઈ દવે, પાટણ જિલ્લા પંચાયત પ્રમુખ સૌરાબજી ઠાકોર સહિત આસપાસના ગામના સરપંચો તથા ગ્રામજનો હાજર રહ્યા હતા.

પિલુચા ખાતે વડાપ્રધાન મોદીનો મન કી બાત કાર્યક્રમ યોજાયો

પ્રતિ. પિલુચા

વડગામ તાલુકા પંચાયતની પિલુચા સીટ પરથી બીજીવાર ભાજપમાંથી વિજય થઈ ચૂકેલા ગંગાબેન જસવંતલાલ શ્રીમાળીના ઘરે રવિવારે તા.૨૫/૦૩/૧૮ ના રોજ વડાપ્રધાન મોદીને ૪૨ મી મન કી બાતનો કાર્યક્રમ સાંભળવામાં આવ્યો હતો. આ પ્રસંગે મેમદપુર જિ.પંચાયત સીટમાંથી વિજય થયેલ અશ્વિનભાઈ સકસેના તેમજ પિલુચા સીટમાં આવતા ગામોના ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો, આગેવાનોએ હાજરી આપી હતી મન કી બાતમાં વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે લોકો એ ભીમરાવ આંબેડકરની ગરીબી મજાક ઉડાવી પરંતુ 'ન્યૂઈન્ડીયા' ગરીબો અને પછાતોનું છે. તેવું આંબેડકરે પુરવાર કરી દીધું હતું. કે સફળ થવા માટે અમીર અને ઉચ્ચવર્ગના પરિવારમાં જન્મ લેવો જરૂરી નથી. ભારતમાં ગરીબ પરિવારમાં જન્મેલા લોકો પણ તેમના સ્વપ્ન સાકાર કરી શકે છે.

છ+ ગ્રેડ મેળવી દાંતીવાડા તાલુકાનું ગૌરવ વધારતી સાંતરવાડા પ્રાથમિક શાળા

દિનેશ ત્રિવેદી

પ્રતિનિધિ પાંથાવાડા

તાજેતરમાં સરકાર દ્વારા અનુપમ શાળા પ્રોજેક્ટ એવોર્ડ શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં દાંતીવાડાની સાંતરવાડ પ્રાથમિક શાળાનું તા.૨૧/૩/૧૮ ના રોજ મહેસાણા ટીમ દ્વારા નિરિક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં સાંતરવાડા પ્રા.શાળામાં તમામ ધારા ધોરણમાં સર્વોત્તમ દેખાવ કરી છ+ ગ્રેડ મેળવી બ.કાંઠા જિલ્લામાં તેમજ દાંતીવાડા તાલુકાનું ગૌરવ વધારેલ છે. શાળાને અનુપમ બનાવવા માટે છેલ્લા ૩ થી ૪ વર્ષમાં આચાર્ય જીજ્ઞેશ.બી. ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર શાળા પરિવાર એક બની શાળાને અનુપમ એવોર્ડ મળે તે માટે સહિયારો પ્રયત્ન કરેલ. જે પ્રયત્ન સાર્થક નીવડતા શાળાને છ+ગ્રેડ સાથે અનુપમ શાળાનો એવોર્ડ મળેલ છે. અને શાળાનું ટુંક સમયમાં શિક્ષણમંત્રીના વરદ્હસ્તે સન્માનનો કાર્યક્રમ રાખી શાળા પરિવારનું સન્માન કરવામાં આવશે.

શ્રી વાંતડાઉ પ્રા શાળામાં શાળાના ભુતપુર્વ વિદ્યાર્થીએ પ્રવેશદ્વારનું નિર્માણ કરાવ્યું

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાની શ્રી વાંતડાઉ પ્રા શાળા માં જુનો દરવાજો તુટી પડયો હતો. પ્રવેશદ્વારએ શાળાની પ્રથમ ઓળખ છે. ત્યારે નવો દરવાજો બનાવવાનું બીડુ આજ શાળાના વિદ્યાર્થી અને અત્યારે અમદાવાદમા બિઝનેસમેન એવા વાગડા પીરાભાઈ બધાજીના સુપુત્ર વાગડા ઓબાભાઈ પીરાજીએ ઝડપી લીધેલ અને આ શાળાના ભૂતપૂર્વ શિક્ષક ચંદુભાઈ સાહેબ ના માર્ગદર્શન નીચે અતિઆધુનિક ડિઝાઈનમાં દરવાજો ૧,૫૧,૦૦૦ના ખર્ચે બનાવેલ છે. જે શાળાની શોભામાં અભિવૃધ્ધિ કરે છે. દરવાજો જાણે શાળાના પ્રાંગણમાં આવેલ નીલગીરી અને વડના વૃક્ષ ની ગોદમાં બેઠો હોય તેવું સુંદર દર્શ્યનું નિર્માણ થયેલ છે.શાળાની સામે આવેલા મામાજીના સ્થાનક પાસે બનેલ અતિ શોભાયમાન આ દરવાજા પાસેથી પસાર થતા પથિક મંત્ર મુગ્ધ બની જાય છે.

રવિયાણા પ્રા.શાળામાં ધો.૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ

મહાદેવ પરમાર

પ્રતિ. રવિયાણા

કાંકરેજ તાલુકાના રવિયાણા પ્રા.શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૮ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ આજ રોજ શાળાના પ્રાંગણમાં વર્ગ શિક્ષક પરસોતમભાઈ જે.દેસાઈ અને શાળાના આચાર્ય જીવરાજભાઈ પટેલ તેમજ શાળા પરિવારના સાનિધ્યમાં યોજાયેલ વિદાય લેનાર વિદ્યાર્થીઓ દ્વારા શાળાને માતા સરસ્વતીજીની તસ્વીર ભેટ આપેલ શાળા પરિવાર દ્વારા વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ કરી પ્રગતિ કરી શાળા તથા ગામનું નામ રોશન કરે તેવા આર્શીવચન આપેલ.

વડગામના મલોસણા ગામે બ્રાન્ચ પોસ્ટ ઓફીસનો શુભારંભ

પુષ્કર ગૌસ્વામી

તા પ્રતિ. વડગામ

વડગામના મલોસણા ગામે સોમવારે બ.કાં. જિલ્લા પોસ્ટ સુપ્રિટેન્ડેન્ટ એચ.સી. જોષીના વરદહસ્તે બ્રાન્ચ પોસ્ટ ઓફીસનો શુભારંભ કરાયો હતો. આ પ્રસંગે જિલ્લા પોસ્ટ વિભાગના આ સુપ્રિટેન્ડેન્ટ એચ.સી. પરમાર, એસ.એમ. સુથાર ઉપસ્થિત રહ્યા હતા. તા.પં.પૂર્વ ડેલિગેટ ભિખાભાઈ બોકા,તા.પં. પૂર્વ ડેલિગેટ વીરજીભાઈ એફ.ચૌધરી સરપંચ સુરેખાબેન બાબુલાલ દેસાઈ વગેરેએ પોસ્ટના અધિકારીઓનું સ્વાગત કર્યુ હતું.

શિકરીયા સેજોલ માતાજીનો વાર્ષિક મહોત્સવ યોજાયો

પ્રતિનિધિ દાંતીવાડા

શિકરીયા ગામે સેજોલ માતાજીના મંદિર રામ નવમીને રવિવારેના દિવસે યજ્ઞયો જવામાં આવેલ સાસ્ત્રી કનુભાઈ જોષી વેદોક્ત મંત્રોચાર સાથે માતાજીની પુજા અર્ચના અને યજ્ઞ યોજવામા આવ્યો હતો આપસંગે ગામના ગામજનો એ સામુહિક ભોજન પસાદ લીધેલ. આ પસંગે પી.સી જોષી વિષ્ણુભાઈ જોષી વિરેન જોષી શંકરભાઈ બારોટ ઈશ્વર રબારી દલપતભાઈ તેમજ ગામજનો ઉપસ્થિત રહેલ.

પમરૂ ગામે વિશ્વ ટીબી દિવસ નિમિત્તે રેલી યોજાઈ

ડીસા

તા. ૨૪/૩/૨૦૧૮ ના રોજ ટી.બી.યુનીટ ડીસા તથા પ્રા.આ.કે. ઝેરડા દ્વારા તાલુકા હેલ્થ ઓફિસરના માર્ગદર્શન હેઠળ પમરૂ ગામે ક્ષયરોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત વિશ્વ ટીબીદિવસની ઉજવણી નિમિત્તે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પમરૂ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીગણ

અનુસંધાન પાના નં.૬

બનાસકાંઠા માધ્યમિક શિક્ષક સંઘના હોદેદારોની મિટીંગ મળી

સુભાષ વ્યાસ

પ્રતિ. સીસરાણા

બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના હોદેદારોની મિટીંગ સાંદીપનિભવન ખાતે મળી જેમાં પૂર્વ ડી.ઈ.ઓ.કે.ડી. ડામોરના ધર્મપત્ની માધવીબેનના નિધન પ્રસંગે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું. સભાનો હેતું ભવન નિર્માણ, શિક્ષકોના વિવિધ પ્રશ્નો અને ગણિતના પ્રશ્નપત્ર અંગેની ચર્ચાનો રહ્યો.

જેમાં ભવનનિર્માણ અંગે પૂર્વ પ્રમુખ અને પ્રૂ.બોર્ડ મેમ્બર અમરસિંહભાઈ ચૌહાણ, મહામંત્રી ગિરિશભાઈ રાવલ, પ્રમુખ નાગજીભાઈ ડી.રાજપૂત અને અને અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહેલ હતા.

સુરત જૈન સંઘમાં વન ડે આયંબિલ

સુરત

શ્રી ઉમરા જૈન સંઘ સુરતમાં પંન્યાસ રાજરક્ષિતવિજયજી મ.સાહેબની પ્રેરણાથી નવપદની ઓળીના ત્રીજા આચાર્ય પદ નિમિત્તે વન-ડે આયંબિલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦૦ આરાધકો જોડાયા હતા. જેમાં ૧૨૫ નાના બાળક અને બાળીકાઓ હતાં.

જૈનશાસનમાં આયંબિલ તપ મહામાંગલીક બતાવ્યો છે. જેના પ્રભાવથી આધિ- વ્યાધિ- ઉપાધીઓ શાન્ત થાય છે. શાશ્વતી ઓળીના નવદિવસ શ્રીમંત- સુખીવર્ગ પણ મોટી સંખ્યામાં જોડાય છે. આ દિવસોમાં દેરાસરમાં પ્રભુની વિશિષ્ટ ભક્તિ કરવામાં આવે છે. ઉપાશ્રયમાં સાધુ ભગવંતો નવપદના પ્રભાવ બતાવતા પ્રવચનો અને શ્રીપાળ- મયણાસુંદરીનો રાસ વંચાય છે. આયંબિલ તપ મહાવૈજ્ઞાનિક છે. જેનાથી શારીરિક રોગો નાશ પામે છે. કોઢ જેવા ચેપી રોગો પણ નષ્ટ થાય છે. તથા ક્રોધાદિ દોષો પણ નાશ પામે છે.

ઊંમરા સંઘમાં આજે વન-ડે આયંબિલનું આયોજન થતા સેંકડો ભાઈ- બહેનો તથા બાળકો હોંશભેર જોડાયા હતા. ઘી- દૂધ- તેલ, મીઠાઈ- ફરસાણ- મેવો- ફ્રૂટનો જેમાં ત્યાગ હોય છે. તેને આયંબિલ કહેવાય છે.

શ્રી દીઓદર પ્રા.શાળા નં.૩માં ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો

તાલુકા પ્રતિનિધિ દીઓદર

તા.૨૭-૩-૨૦૧૮ના રોજ દીઓદર પ્રા.શાળા નં.૩માં ધોરણ-૮ના ૧૦૯ વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો.આ પ્રસંગે બાળકોને આર્શિવચન આપવા બ્રહ્મચારી મહંત શ્રી પરમ પૂજ્ય વાલજીબાપુ રાંટીલાવાળા અત્રે ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ દીઓદર વિ.કે.વાઘેલા હાઈસ્કુલ કેળવણી મંડળના પ્રમુખશ્રી પ્રવિણસિંહજી વાઘેલા તથા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ બળવંતજી ઠાકોર,તાલુકા શિક્ષક ઘટક સંઘના પ્રમુખશ્રી પી.કે.ઠાકોર, ભદ્રસિંહ રાઠોડ, અમરતભાઈ ભાટી, એસ.એમ.સી.અધ્યક્ષ શ્રી રત્નાજી ચૌહાણ,શાળાના આચાર્યશ્રી મુકેશભાઈ ત્રિવેદી,સ્ટાફગણ તથા મોટી સંખ્યામાં વાલીગણ ઉપસ્થિત રહ્યો હતો.

આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દિપ પ્રાગટ્યથી કરી હતી.ત્યારબાદ શાળાના બાળકોએ વિદાય ગીત રજુ કરી વાતાવરણ ભાવ વિભોર કરી મૂક્યુ હતું.આ પ્રસંગે શાળાના શિક્ષક મિત્રોને શાળાના આચાર્યશ્રી દ્વારા આર્શિવચન આપ્યા હતા.ધોરણ-૮ના વિદ્યાર્થીઓને કુમ કુમ તિલક કરી સાકરથી મોં મીઠું કરાવી પેન ભેટ સ્વરૂપે આપી પરમ પૂજ્ય વાલજી બાપુએ આર્શીવચન આપ્યા હતા.

આ વિદ્યાર્થીઓએ શાળાને ૧૨૦૦૦(બાર હજાર રૂપીયા)નું ઝેરોક્ષ મશીન ભેટ સ્વરૂપે આપ્યું હતું.આ કાર્યક્રમની આભાર વિધી શાળાના ઉ.શિ.શ્રી બળવંતસિંહ ચૌહાણે કરી હતી.આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન શાળાના શિક્ષકશ્રી ચેતનભાઈ પ્રજાપતિએ કર્યુ હતું.

પેન સ્ટુડિયો અને જયંતીલાલ ગડા પોતાની ખુબ સફળ નીવડેલી પ્રથમ ગુજરાતી ફિલ્મ 'ગુજ્જુભાઈ મોસ્ટ વોન્ટેડ' પછી હવે રજૂ કરે છે - 'ચિત્કાર'

ચિત્કાર ફિલ્મએ પ્રસિદ્ધ અને મૂળ ગુજરાતી નાટક 'ચિત્કાર' પર આધારિત છે, જે સાચી કથા પર આધારિત છે. આ નાટકનું પહેલું આયોજન વર્ષ ૧૯૮૩ માં થયું હતું.ભારત અને વિદેશમાં ૨૫ વર્ષ સુધી આ નાટક ભજવાયું હતું અને તમામ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ સુપર - હિટ નાટક હવે જૂની તથા નવી પેઢી માટે સિલ્વર - સ્ક્રીન પર ફિલ્મ સ્વરૂપે રજૂ થવા જઈ રહ્યું છે એ તમામ ઓડિયન્સ માટે જે કન્ટેન્ટ આધારિત ફિલ્મને પસંદ કરે છે.

ચિત્કાર એ માનવ સંબંધો અને લાગણીઓને દર્શાવતી સુપ્રસિદ્ધ વાર્તા છે. જેમાં સુજાતા મહેતા અને હિતેનકુમાર જેવા દિગ્ગજ કલાકારોએ પોતાનાઓ ઉત્કૃષ્ટ અભિનય નિભાવ્યો છે. સુજાતા મહેતા કદાચ એકમાત્ર એવા અભિનેત્રી છે કે જેઓ એક જ પાત્રને ખુબ જ લાંબા સમય સુધી સ્ટેજ પર નિભાવવાનો વિશ્વ વિક્રમ ધરાવે છે. અને હવે તેઓ ફિલ્મમાં પણ તે જ પાત્ર ભજવી રહ્યા છે. તેમનું પાત્ર અને તેનો પ્રભાવ એટલા તીવ્ર છે કે ડોકટરોએ તેમના મગજ પર આની અસર ના થાય એ માટે વારંવાર આ નાટક ભજવવા બાબતે ટકોર કરી છે. હિતેનકુમાર જેઓ ઘણા ગુ- જરાતી ચલચિત્રોના સ્ટાર છે તેમણે આ નાટકમાં એક નાના પાત્રની ભજવણી અને બેક - સ્ટેજ ક્રૂ એમ બમણી જવાબદારી સાથે પોતાના કરિયરની શરૂઆત કરી હતી. સપોર્ટ કાસ્ટમાં દીપક ઘીવાલા છે જેઓ ગુજરાતી સ્ટેજ અને ફિલ્મોના વરિષ્ઠ અભિનેતા છે.અન્ય કાસ્ટમાં છાયા વોરા અને લતેશ શાહ છે.આ સાથે એક્ટિંગ ક્ષેત્રે આવી રહ્યા છે. ધરા રાજપરા અને મેહુલ સવાણી.

કાંકરેજ તાલુકામાં વિજ કંપનીના પ્રશ્નો બાબતે કિસાન સંઘ દ્વારા ઉચ્ચસ્તરે રજૂઆત

પ્રતિ. શિહોરી

કાંકરેજ તાલુકા ભારતીય કિસાન સંઘ દ્વારા કાંકરેજ તાલુકાના વીજ કંપનીના અનેક પ્રશ્નો બાબતે ઉચ્ચસ્તરે રજુઆત કરવામાં આવેલ જેમાં ખેડૂતોને મોટર ચૈકીંગ કરી પુરવણી બીલ આપવામાં આવે છે તે કુલ રકમના ૨૦ ટકા ભરી ૮૦ ટકાની માફીની જોગવાઈ કરવા, જે એચ.પી. વધારો થયાને ખેડૂતો કાયદેસર કરવા સમંત છે અને પાછળથી કોઈ ખેડૂતને એસ ટી મેન્ટ ભરવા ખેડૂતો સંમત નથી અને આ માંગણી સ્વીકારવામાં ના આવે ત્યાં સુધી કોઈ પણ ફોર્મ હાઉસમાં જઈને ખેડૂતનો કેબલ કાપવો નહી અને જો વીજ કંપની દ્વારા ખેડૂતોના કનેકશન કાપવામાં આવશે તો આંદોલન કરવામાં આવશે તેમ લેખિતમાં રજુઆત કરેલ અને દંડની ટકાવારી માફી ન થાય ત્યાં સુધી કોઈ કનેકશન ન કાપવામાં આવે તેમ ભારતીય કિસાન સંઘ દ્વારા લેખિતમાં રજુઆત કરવામાં આવેલ જેના કાર્યપાલક ઈજનેર ડીસા, સર્કલ ઓફીસર પાલનપુર, ચીફ ઈજનેર મહેસાણાએ ઉર્જા મંત્રી નવા સચીવાલય ગાંધીનગર, ભારતીય કિસાન સંઘ ગુજરાત ગાંધીનગર અને નાયબ ઈજનેર શિહોરીને લેખીતમાં રજુઆત તા.૨૭/૩/૨૦૧૮ ના રોજ કરેલ.

વડગામમાં કદાવર આખલાની ત્રિપુટીનો તરખાટ

વારંવાર મિજાજ ગુમાવતા આખલાઓના આતંકથી લોકો ભયભીત

પુષ્કર ગોસ્વામી

તા પ્રતિ. વડગામ

પાંચ કિલોમીટરના ઘેરાવામાં ઝેટગતિએ વિકાસની કેડીકંડારતું તાલુકા મથક વડગામ જિલ્લાના વિકસીત શહેરોની ગણનામા સ્થાન પામ્યું છે છેલ્લા દસ વર્ષમાં તમામ રોડ ટચના વિસ્તારો ભરચક થતાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતના અન્ય વિસ્તારના લોકો અહીં સ્થાયી થતાં વડગામ નગર ધાન્યર પંથકનું મુખ્ય શહેર બન્યું છે નજીકના ગામડાનું અંતર વડગામથી ઘટતાં બિનવારસી ગાયો, આખલા ગામના ભરચક વિસ્તારમાં આવી કોઈકવાર ટ્રાફીક સમસ્યા હળવી કરતાં નજરે પડે છે.જાગૃત ગ્રામ પંચાયત દ્વારા રખડતાં પશુઓના નિકાલ માટે વારંવાર પ્રયત્ન કરવા છતાં દરરોજ નવાં નવાં બિનવારસી પશુઓનો ઉમેરો થતો જાય છે છેલ્લા એકમાસથી બિનવારસી પશુ પૈકી ત્રણ આખલાઓએ ગામમાં આતંક મચાવતાં આખલાઓને જોઈ કરફ્યુ જેવો માહોલ સર્જાય છે. સાથે કરતા ત્રણે આખલા વારંવાર મિજાજ ગુમાવી યુધ્ધે ચઢી રાહદારીઓને શીંગેડે ચઢાવે છે, આમ તો વડગામમાં આખલાઓ કાયમી વિહરતા હોય છે. પરંતુ ત્રણ આખલાની જોડીએ ગામની ગલીઓમાં દહેશત પેદા કરી છે. વેટરનરી વિભાગ દ્વારા મિજાજ ગુમાવી બેઠેલા આખલાઓની સારવાર કરી અન્ય સ્થળે મોકલી આપે તો ગ્રામજનો રાહત અનુભવે તેમ લોકો જણાવી રહ્યાં છે.

રાષ્ટ્રીયકૃત બેંકોની લાપરવાહીના કારણે

વડગામ- છાપીના એટીએમ કેશલેસ બનતા લોકોને ભારે હાલાકી

છેલ્લા એક માસ ll વારંવાર એટીએમના શટર ડાઉન થતા છતાં નાણાં એ લોકો ને મુશ્કેલી

સુરેશ અગ્રવાલ

પ્રતિનિધિ છાપી

બનાસકાંઠા ના વડગામ તેમજ છાપી પંથક માં આવેલ એટી એમ બેંકો ની લાપરવાહી ના કારણે છેલ્લા એક માસ થી વારંવાર કેશલેસ થવાના કારણે બેન્ક ના ખાતેદારો નાણાં માટે આમતેમ ભટકી રહ્યા છે.બીજા તરફ બેન્ક માં નાણાં માટે ચેક નો ઉપયોગ કરે છે તો બેન્ક કર્મચારીઓ એટી એમ થી રૂપિયા ઉપાડવા નું કહી લોકો ને ધક્કે ચઢાવે છે

કેન્દ્ર સરકાર દ્વારા ડિજિટલ ઈન્ડિયા ના સપના બતાવવામાં આવી રહ્યા છે જ્યારે વાસ્તવિકતા વિપરીત જોવામળી રહી છે અનેક વિભાગો માં ઓનલાઈન માં સર્વર ડાઉન ની સમસ્યા થતાં લોકો પરેશાન જોવા મળે છે તો બીજું બાજુ બેન્કિંગ વ્યવસ્થા ઓ ખાડે ગઈ હોવા ની બુમરાબ મચી છે છાપી સહિત વડગામ પંથક માં આવેલ એસ બી આઈ , બેન્ક ઓફ બરોડા તેમજ બેન્ક ઓફ ઈન્ડિયા ના એટી એમ માં વારંવાર કેશ ખાલી થઈ જવા ના કારણે બેન્ક ના ખાતેદારો બેન્ક માં બેલેન્સ હોવા છતાં નાણાં માટે આમતેમ ભટકતા જોવા મળી રહ્યાછે બેંકો માં બીજા અને ચોથા શનિવારે રજા રહતી હોવા ના કારણે સતત બેન્કો માં સતત બેગણ રજાઓ એક સાથે આવતા એટી એમ માંથી નાણાં મેળવવા નાગરિકો ભારે મુશ્કેલી નો સામનો કરવા સાથે માંદગી ના સમયે તબીબી સેવા માટે પણ મુશ્કેલી અનુભવી રહ્યા છે રાષ્ટ્રીયકૃત બેન્કો ના રિજિયોનલ અધિકારી આબાબતે યોગ્ય સુચનાઓ આપી લોકો ની મુશ્કેલીઓ દૂર કરે અને કસૂરદાર બેન્ક કર્મી ઓ ઉપર કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે.

ધાનેરા પી.ડબલ્યુ.ડી. વિભાગનું મકાન વર્ષોથી જર્જરીત

છતમાંથી અવારનવાર પોપડા ખરતા જાનહાનિનો ભય

એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા સહિત તાલુકામાં સરકારી મકાનો અને રસ્તાઓનું સમારકામ અને બાંધકામ કરતા પી.ડબલ્યુ.ડી. વિભાગની ઓફિસનું મકાન છેલ્લા ઘણાં સમયથી જર્જરીત બની ગયું છે. જેની છતમાંથી અવારનવાર કોંક્રીટના પોપડા ખરતા મકાન ભયજનક બની ગયું છે. તેમ છતાં તેના સમારકામ કે બાંધકામની તસ્દી લેવાતી નથી. જેથી સરકારી વહીવટી તંત્રની કામગીરી સામે સવાલો ઉઠવા પામ્યા છે.

ધાનેરા ખાતે સ્ટેશન રોડ ઉપર આવેલી પી.ડબલ્યુ.ડી. વિભાગની ઓફિસનું મકાન વર્ષો પહેલા બાંધવામાં આવેલ છે. જે કંડમ હાલતમાં છે જેનું હાલ મકાનનું તળીયું રોડ લેવલ કરતા ઘણું જ નીચું થઈ ગયું છે. ધાનેરામાં પૂરના પાણી આવ્યા ત્યારે ઓફિસમાં કેડ સમા પાણી ભરાયા હતા. દર ચોમાસામાં ઓફિસની આજુબાજુ અને અંદર પણ પાણી ભરાઈ જાય છે. જેનાથી બાંધકામને ક્ષતિ થવા પામેલ છે.

અનુસંધાન પાના નં.૬

યક્ષપ્રશ્નવાળો અભાવ પી.ડબલ્યુ.ડી. ધાનેરાની ઓફિસમાં હજુય ભજવાતા ઘટાવાળા વારૂવાઈ ઠાલોર ઓફિસની છતનું પોપડુ તુટી પડ્યુ. ત્યારે જ જર્જરીત ઓફિસનું સદાઈ કામ કરી રહ્યા કરતા. પરંતુ સદભાગ્યે પોપડુ ઘટાવાળા તેમના ઘર ના પડતા તેઓને ઘણાસારો અનુભવતો હતો. આ જર્જરીત મકાનના પોપડા ઘડવાથી કોઈને ઈજા થાય તે નવાઈ નહીં. તેવું જણાઈ રહ્યું છે. શું ઉચ્ચ અધિકારીઓ કોઈ આત્મગિતોધનની ધમકી આપે અથવા અથવી જર્જરીત ઈમારતથી ઈજા અથવા મૃત્યુ પામે ત્યારે જ વહીવટી તંત્ર જાગશે? તેવો લોકો ઠપકા કરે છે.

થરાદ નગરપાલિકાના સીસીટીવી કેમેરા ચાલુ કરવાની માંગ

છેલ્લા સાત મહિનાથી તમામ કેમેરા બંધ હાલતમાં

પ્રતિનિધિ થરાદ

થરાદ નગરપાલિકાના ચીફ ઓફિસર કલ્પેશ ભટ્ટ દ્વારા તાજેતરમાંજ તમામ રૂમોમાં સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવ્યા હતા . જેના થકી તેઓ ઓફિસમાં ચાલતા કામકાજ ઉપર પણ દેખરેખ રાખી શકતા હતા. તેમની બદલી થતાં આવેલા ચીફ ઓફિસર રૂડાભાઈ રબારીએ પણ સીસીટીવી કેમેરા નો ઉપયોગ કર્યો હતો. પરંતુ તેમની બદલી બાદ નિમાયેલા ચીફ ઓફિસર મયુર જોષી ના આગમનની સાથે જ નગરપાલિકાના સીસીટીવી કેમેરા બંધ હાલતમાં જોવા મળી રહ્યા છે અત્રે ઉલ્લેખનીય છે કે ચીફ ઓફિસર જોશી નગર પાલિકાના વહીવટી કામકાજ બાબતે બહુ જ કડક વલણ અપનાવી રહ્યા છે આથી ત્રીજી આંખસમા કેમેરા ચાલુ હોવા જરુરીછે.નગરજનોના નાનામાં નાના કામો ઝડપી થાય તે માટે અંગત રસ લઈને સક્રિય રહેલા ચીફ ઓફિસર સ્ટાફ ઉપર પણ તવાઈ ઉતારી રહ્યા છે ત્યારે નગરપાલિકાના જ કેમેરા બંધ હાલતમાં હોવાના કારણે અનેક તર્કવિતર્કો પણ ચર્ચાસ્પદ બન્યા છે.

નગરપાલિકાના એક કર્મચારીએ નામ નહિ આપવાની શરતે ચોંકાવનારો આક્રોષ કરતાં જણાવ્યું હતું કે ચીફઓફિસર ઘણી વખત કર્મચારીઓ સાથે અભદ્ર ભાષામાં વર્તાવ કરીને અશોભનીય શબ્દપ્રયોગો પણ કરે છે. જેનું ઓડિયો વીડિયો રેકોર્ડિંગ ન થાય તે માટે તેઓ ઇરાદાપૂર્વક કેમેરા ચાલુ કરાવતા નથી.જોકે પાલિકામાં કાર્યરત કેમેરા બહુજ ઉપયોગી પણ બનતા હોય છે.

તાજેતરમાં નગરપાલિકામાંથી ચીફઓફીસર દ્વારા સામાન્યસભામાં ઠરાવ કર્યા વગર છૂટા કરવામાં આવેલા સિવિલ એન્જિનિયર સાથે એક પુર્વ સદસ્યએ ગાળાગાળી કરી હુમલાનો પ્રયાસ પણ કર્યો હતો.આથી નગરપાલિકામાં સીસીટીવી કેમેરા ચાલુ હોવાહોવા અનિવાર્ય નહીં પરંતુ આવશ્યક પણ છે. સુરક્ષાસેતુ સોસાયટી અંતર્ગત પોલીસપણ જાહેરસ્થળોએ ફરજીયાત કેમેરા ગોઠવવાની અને તેને ચાલુ પણ રાખવા જણાવી રહી છે.વળી નગરપાલિકામાં કર્મચારીઓ દ્વારા થતી કામગીરી પર દેખરેખ રાખવા તથા ખરેખર નગરજનોની કામગીરી ઝડપી થાય છે કે નહી તે જાણવા માટે પણ કેમેરા ચાલુ હોવા જરૂરી છે ત્યારે હજુતો માંડ થોડા સમય પહેલાં જ નગરપાલિકાએ રૂપિયા ખર્ચીને લગાવવામાં આવ્યા હોવા છતાં શોભાના ગાંઠિયા જેવા બની રહે તે વ્યાજબી નથી તેવો તર્ક પણ નગરના પ્રબુદ્ધ નાગરિકોમાં ઉઠવા પામ્યો છે.

લાખણીથી ગણતા રોડ ઉપરનો પુલ આઠ મહિનાથી તૂટેલો, વાહન ચાલકો ખેતરમાંથી ચાલવા મજબૂર

છેલ્લા ત્રણ વર્ષમાં બે વખત આ પુલ તૂટતાં ગ્રામજનો પરેશાન

પ્રતિનિધિ લાખણી

લાખણીથી ગણતા રોડ ઉપર આવેલા પુલ ગત જુલાઈ માસમાં આવેલા પૂરમાં ધરાશયી થતા લાખણી તાલુકાના સંપર્કમાં રહેલા અનેક ગામોના લોકો સંપર્ક વિહોણા બન્યા હતા.જે ઘટનાને આઠ મહિના થવા છતાં પણ તંત્ર દ્વારા પુલ બનાવવા માટે કોઈ કાર્યવાહી ન કરાતા અંદાજે ૨૫ જેટલા ગામોના લોકો ખેતરમાંથી ચાલવા મજબૂર બન્યા છે અને તંત્ર દ્વારા આ પુલનું કામ ઝડપી ચાલુ કરવામાં આવે તેવી અપેક્ષા રાખી રહ્યાં છે.

લાખણીથી ગણતા, સેદલા, આસોદર, રાહ,ટટ્ટવા, લવાણા વગેરે ગામોને જોડતા પાકા રોડ ઉપર જુલાઈ ૨૦૧૫ માં આવેલા ભારે પૂરમાં લાખણી થી ગણતા નો રોડ ધોવાઈ ગયો હતો. જે રોડ બાબતે અનેક રજૂઆતો બાદ તંત્ર દ્વારા વર્ષ ૨૦૧૬માં પુલ બનાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું.પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા કામમાં ધીમી ગતિ અને હલકી ગુણવત્તાની સિમેન્ટ, કપચી તેમજ ફક્ત નામ પુરતું લોખંડ વાપરવામાં આવતું હોવાની ગણતા ગ્રામજનોને ધ્યાને આવ્યું હતું.જે બાબતે ગ્રામજનોએ લેખિત રજૂઆતો કરવા છતાં પણ તંત્ર દ્વારા સબ સલામતના દાવા કરવામાં આવ્યા હતા અને કામ પૂર્ણ કરવામાં આવ્યું હતું. પરંતુ પાપ છાપરે ચઢીને પોકારે તે કહેવત સાર્થક થતી હોય તેમ પુલ બન્યાના છ મહિનામાં જ ઓગસ્ટ ૨૦૧૭ માં ફરીથી પૂર આવ્યું અને પાણીનો પ્રવાહ વધે તે પહેલા જ પુલ ધરાશયી થવા પામ્યો હતો.

આમ છેલ્લા ત્રણ વર્ષમાં ફક્ત છ મહિના જેટલો સમય જ આ રસ્તો લોકોની અવરજવર માટે ઉપયોગી થયો હતો. પુલ તૂટવાની ઘટનાને આઠ મહિના જેટલો સમય થવા છતાં પણ તંત્ર દ્વારા હાલમાં રસ્તો કે પુલ બનાવવાની કોઈ કાર્યવાહી હાથ ન ધરાતા આ રસ્તાનો ઉપયોગ કરતા અંદાજે ૨૫ ગામોના લોકોને રોડની બાજુમાં આવેલા ખેતરોમાંથી પસાર થવું પડે છે.જેથી લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ બાબતે ગ્રામજનોએ જણાવ્યું હતું કે જો આ રસ્તાનું કામ તાત્કાલિક ધોરણે ચાલુ કરવામાં નહી આવે તો ના છૂટકે અમારે આંદોલનનો માર્ગ અપનાવવો પડશે.

ગેર નૃત્ય આકર્ષણ જમાવ્યું

હસમુખ ચૌધરી

પ્રતિનિધિ લવાણા

રાજસ્થાન ના જોધપુર જિલ્લા ના સિકારપુરા ગામે શ્રી ૧૦૦૮ રાજેશ્વર ભગવાન નું ભવ્ય આશ્રમ અને મંદિર આવેલ છે જે મંદિરે રામનવાનીના દિવસે શ્રી રાજેશ્વર ભગવાન ની ૧૩૬ મી જન્મ જયંતિ પ્રસંગે ભવ્ય લોકમેળો ભરાયો હતો જે લોક મેળા માં રાજસ્થાન નું પ્રખ્યાત ગેર નૃત્ય યોજાયું હતું જે ખાસ આકર્ષણ નું કેન્દ્ર બન્યું હતું.

દિઓદરના ગાંગોલ ગામેથી વિદેશી દારૂ પકડાયો

તા.પ્રતિ. દિયોદર

દિયોદર પોલીસે ગાંગોલ ગામના રોઝીયા વિસ્તારમાં આવેલ દશરથભાઈ જગાભાઈ પરમારના છાપરામાં ભપોરના સુમારે મળેલી બાતમીના આધારે આકસ્મિક દરોડો પાડ્યો હતો. જેમાં વિદેશી દારૂની ૪૫૬ બોટલ (કિંમત રૂા.૪૫,૬૦૦) મળી આવી હતી. તેથી પોલીસે વિદેશી દારૂ સાથે દશરથભાઈ પરમારની ધરપકડ કરી હતી. જો કે દરોડા દરમિયાન પોલીસને જોઈ અન્ય આરોપી વિક્રમભાઈ હરચંદભાઈ (રહે.પેનકવાડા) ફરાર થઈ ગયો હતો. પોલીસે બંને વિરૂધ્ધ પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મડાણા (ડાંગીયા) ખાતે એસ.આર.પી. ગ્રુપ-૩નો રક્તદાન કેમ્પ યોજાયો

પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

ગુજરાત સરકારના પૂર્વ મંત્રી બનાસડેરી ચેરમેન શંકરભાઈ ચૌધરીના પ્રયત્નથી બનાસડેરીના પૂર્વ ચેરમેન સ્વ.ગલબાભાઈ માંનજીભાઈ પટેલના પુત્ર યુવા સામાજીક કાર્યકર મેઘરાજભાઈ ગલબાભાઈ પટેલની તાજેતરમાં બનાસકાંઠા જિલ્લા સહકારી ખરીદ- વેચાણ સંઘના ચેરમેન તરીકે બિનહરીફ વરણી થતાં સમગ્ર ધાન્યર પંથકમાં વર્ષની લાગણી પ્રસરી ગઈ છે. દરમ્યાન ગનરોજ રવિવારે માદરે વતન વડગામના જુદા- જુદા સંગઠનો, સંસ્થાઓ મિત્ર મંડળ દ્વારા નવનિયુક્ત ચેરમેન મેઘરાજભાઈ પટેલને ફુલહાર સાલ અર્પણ કરી વિશિષ્ટ સન્માન કર્યુ હતું, માર્કેટયાર્ડ અને તા. સહકારી સંઘ પૂર્વ ડિરેક્ટર ડી.એસ.પુળીયા, બેંક ઓફ બરોડા મેનેજર કાંનજીભાઈ એલ.પુળીયા, પૂર્વ સરપંચ અને બાવન આંટા રાજપુત સમાજના અગ્રણી કેશરસિંહ રાજપુત, તાલુકા કોંગ્રેસના મહામંત્રી મેઘરાજભાઈ ડેલીયા(અર્બુદાનગર), વડગામ વેપારી મંડળના અગ્રણી પ્રકાશભા હંસરાજભા સોની, ક્ષત્રિય ઠાકોર સમાજના અગ્રણી ડાહ્યાભા પરથીજી ઠાકોર, દરજી સમાજના અગ્રણી ધુળાભાઈ પી. દરજી સહિત ઈસ્લામપુરા, વરવાડીયા વગેરે ગામના અગ્રણીઓ દ્વારા જિ.સ.ખ.વે.સંઘના નવનિયુક્ત ચેરમેનનું સન્માન કર્યું હતું. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી વડગામ પ્રમુખ અને લક્ષ્મણપુરા ગ્રા.પં.સભ્ય દલસંગભાઈ ધુળીયાએ કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું.

ભીલડી સામુહીક આરોગ્ય કેન્દ્ર આજુબાજુમાં ગટરના પાણીથી ગંદકીનું સામ્રાજ્ય

પ્રતિ. ભીલડી

ડીસા તાલુકા નવી ભીલડી સામુહિક આરોગ્ય કેન્દ્રની આજુબાજુમાં ગટરના ગંદા પાણીથી ગંદકીનું સામ્રાજ્ય છવાયું છે. ભીલડી આરોગ્ય ધામ ગંદકીનું ધામ બની રહ્યું છે. આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓ અને સ્ટાફ દવાખાનામાં બેસી શકતા નથી ભીલડી ફોર લાઈન હાઈવે પરથી નેશનલ હાઈવે ઓથોરેટી દ્વારા પાણીનો નિકાલ કરવામાં નિષ્ફળ ગયા છે ભીલડીના ગ્રામજનો દ્વારા કેન્દ્રના મંત્રી બ.કાં જિલ્લાના સંસદ સભ્ય હરીભાઈ ચૌધરી, પૂર્વ ધારાસભ્ય કેશાજી ચૌહાણ અને બ.કાં જિલ્લાના કલેક્ટર અને અધિકારીઓને રજુઆત કરતાં આજદીન સુધી ગંદા પાણીનો નિકાલ થયો નથી. આરોગ્ય કેન્દ્રની આજુબાજુ ૪૦ જેટલા કર્મચારીઓ પોતાના કુટુંબો સાથે રહે છે ગટરના ગંદા પાણીથી મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે.

નવી ભીલડી ગ્રામપંચાયતના સરપંચ રજૂઆતો કરવા છતાંય પરિણામ શૂન્ય આવ્યું છે સત્વરે તંત્ર દ્વારા જો ગટરના ગંદા પાણીનો નિકાલ નહિ કરવામાં આવે તો રોગચાળો ફેલાય તેવી શકયતાઓ દેખાઈ રહી છે.

ઊંમરા જૈન સંઘમાં શ્રી મહાવીર સ્વામીનો ૨૬૧૭મું જન્મ કલ્યાણક ઉજવાશે

સુરત

ઊંમરા જૈન સંઘમાં પંન્યાસ રાજરક્ષિતવિજયજીએ ''નવપદનો મહિમા ન્યારો'' વિષય ઉપર ભરચક સભાને સંબોધન કરતાં જણાવ્યું કે સ્વાર્થભાવનો નાશ કરવા પરાર્થવ્યસની અરિહંતનું શરણું લેવું જોઈએ. દેહાધ્યાસને ખતમ કરવા માટે દેહાતિતસિદ્ધ ભગવન્તોનું શરણું લેવું જોઈએ. આજસુધીમાં આપણે ઘણાના શરણા લીધાં પરંતુ બધા જ કેલ ગયા છે. હવે પાંચ પરમેષ્ઠિનું શરણ પ્રાપ્ત કરીને શાશ્વત સુખના ભોક્તા બનીએ.

પૂજ્યશ્રીએ કહ્યું કે, કરૂણામૂર્તિ, જૈનાના ચોવીસમા તીર્થંકર પરમાત્મા મહાવીર સ્વામીનો ૨૬૧૭ મો જન્મકલ્યાણક તા. ૨૯ માર્ચ ગુરુવાર ચૈત્ર સુદ ૧૩ ના દિવસે આવે છે. તે મહાન દિવસે ઊમરા જૈન સંઘમાં સવારે ૬/૦૦ થી ૯/૦૦ કલાક ''શ્રીવીર જન્મ વધામલી'' નો વિશિષ્ટ કાર્યક્રમ રાખવામાં આવેલો છે.

અનુસંધાન પાના નં.૬

લવાણામાં માતાજીના મંદિરમાંથી ચોર બે કિ.ગ્રા. ચાંદી અને દાનપેટી ઉઠાવી ગયો

રાત્રીના બે વાગ્યા દરમિયાન ચોરી કરવા આવેલ ઈસમ સી.સી.ટી.વી. કેમેરામાં કેદ

હસમુખ ચૌધરી

પ્રતિનિધિ લવાણા

લાખણી તાલુકાના લવાણા ગામે આવેલા સિકોતર માતાજના મંદિરમાંથી રવિવારની રાત્રિ દરમિયાન એક અજાણ્યા ઇસમે મંદિરના તાળા તોડી માતાજના મંદિરમાંથી ચાંદી છત્ર તેમજ દાનપેટી ઉઠાવી જતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. જો કે મંદિરમાં રહેલા સી.સી.ટી.વી. કેમેરામાં ચોર કેદ થવા પામ્યો હતો.

લાખણી તાલુકાના લવાણા ગામે આવેલા સિકોતર માતાજના મંદિરમાં રવિવારે રાત્રીના બે વાગ્યાના સમયે એક અજાણ્યો ઇસમ મંદિરના તાળા તોડી મંદિરમાં પ્રવેશ કર્યો હતો અને માતાજીની મૂર્તિ આગળ તોરણ રૂપે લગાવેલા ચાંદીના છત્ર માતાજના ઘરેણાં અને દાન પેટી ઉઠાવી પલાયન થઈ ગયો હતો. આમ આસ્થા ના પ્રતીક સમા માતાજી ના મંદિર માં સી.સી.ટી.વી. કેમેરા હોવા છતાં કોઈ અજાણ્યો ઇસમ ચોરી કરી પલાયન થઈ જતાં સમગ્ર પંથક માં ચકચાર મચી જવા પામી હતી.

અનુસંધાન પાના નં.૬

ડીસા નગર સેવા સદન
ઈ-ટેન્ડર નોટીસ

આથી જાહેર બાંધકામ વિભાગની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા કોન્ટ્રાક્ટરો તથા નીચે જણાવેલ કામોના અનુભવી ઈજારદારો આ અંગેનું કામ – ઇજા કરતી એજન્સીઓએ જણાવવાનું છે ડીસા નગરપાલિકાને નીચે જણાવ્યા મુજબના કામો કરાવવાના હોઈ રસ ધરાવનાર કોન્ટ્રાક્ટર / એજન્સીએ આ અંગેની વિગતો www.nprocure.com ઉપર મેળવી લેવા જણાવવામાં આવે છે. શરતો જેતે કામમાં જણાવેલ છે તે મુજબની કામગીરી કરવાની રહેશે.

અ.નં.	કામનું નામ	અંદાજીત રકમ
૧	ડીસા નગરપાલિકા વિસ્તારમાં કબ્રીસ્તાનનગર, વિરમનગર વિસ્તારમાં પાણીની પાઈપ લાઈનનું કામ તથા પ્રદેશીકરણમાં મરદનું કામ.	રૂા.૯૫.૦૮/- લાખ
૨	ડીસા નગરપાલિકા હસ્તકની તમામ પાણીની ટાંકી, સંપને વોલ્ટેજ પ્રોટેક્ટરી સફાઈની કામગીરી.	–
૩	ડીસા નગરપાલિકા વિસ્તારમાં આર.એન.બી.રેસ્ટ હાઉસ પાસેના સ્થળેના "નાનાજી દેશમુખ" બાગમાં સીક્યુરીટી, નિભાવણી સંચાલનની કામગીરી (વાર્ષિક કામગીરી)	–
૪	ડીસા નગરપાલિકા વિસ્તારમાં વોર્ડ નં.૬ થી ૧૧ માં નાના – મોટા રીપેરીંગ ખાનીન કામો (વાર્ષિક કામગીરી) (બીજુ પખવાડા)	–
૫	ડીસા નગરપાલિકા વિસ્તારમાં ભોપાનગર વિસ્તારમાં પાણીની બોર બનાવવાનું કામ.	રૂા.૧૧.૪૩/- લાખ

નં.પા.પા.પુ./બાંધકામ/વર્ગી ૨૦૧૭/૧૮
નગરપાલિકા કચેરી
ડીસા તા.૨૭/૦૩/૨૦૧૮

ડીસા નગરપાલિકા
ડીસા

સરકારી પોલીટેક્નીક
પાલનપુર મહારા દરવાજા,
બંનગુણ રોડ, પાલનપુર આ સંસ્થા ખાતેની હોસ્ટલોમેની હોસ્ટેલ મેસ અને કેન્ટીન ભાડાવા માટેના ટેન્ડર કોમેસ તા.૦૨-૦૪-૨૦૧૮ થી તા.૧૨-૦૪-૨૦૧૮ સુધીમાં સવારે ૧૧:૦૦ થી ૫:૦૦ સુધી મેળવી શકાશે (જાહેર રજાનાં દિવસો સિવાય) ટેન્ડર કોમેની ફી રૂા.૫૦/- છે. ભરેલા ટેન્ડરો તા.૦૨-૦૪-૨૦૧૮ થી તા.૧૨-૦૪-૨૦૧૮ (જાહેર રજા નાં દિવસો સિવાય) સુધીમાં સવારે ૫:૦૦ વાગ્યા સુધીમાં સંબંધ ૫:૦૦ વાગ્યા સુધી દરમ્યાન ભરેલા ટેન્ડરો તા.૧૩-૦૪-૨૦૧૮ ના રોજ બપોરે ૨:૦૦ કલાકે ખોલવામાં આવશે. ટેન્ડર કોમેપણ કરવા ગજર ૨૬૦ભરાવ કરવાનો છે અનામાંકિત છે.
કમાંક:સ્પોપા/સ્ટોર/નોટીસ/૨૦૧૮/૩૮૦
તા.૨૬-૦૩-૨૦૧૮
સ્થાયાં, સરકારી
કમાંક:નામાનિ/પાલન/૬૪૮/૭૪-૧૮

જાહેર હરાજી

આથી જાહેર જનતાને જણાવવાનું કે, શ્રી વરનોડા પ્રા.શાળાના કેમેજ થયેલ કુલ ૯ રૂમો (3 પતરાવાળા + ૬ ઘાબાવાળા) ની જાહેર હરાજી તા.૦૩/૦૪/૨૦૧૮ ને મંગળવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે રાખેલ છે. તો હરાજીના નિયમો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

શ્રી સોનજી નાગજી
અધ્યક્ષશ્રી
એસ.એમ.સી. વરનોડા પે કેન્દ્ર શાળા

શ્રી એન.બી.પરમાર
આચાર્યશ્રી
વરનોડા પે કેન્દ્ર શાળા

તંત્રી સ્થાનેથી ...

સંસારમાં સર્વશ્રેષ્ઠ જ્ઞાનદાન છે...

દેશમાં શિક્ષીત બેરોજગારોની સમસ્યાને સરકાર નિવારી શકી નથી

દેશભરમાં બેરોજગારોની સમસ્યા કેન્સરની જેમ આગળ વધી રહી છે અને તેમાંય શિક્ષિત બેરોજગારોની સમસ્યાને નિવારવા સરકાર દ્વારા જે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમાં ઝડપી કાર્યવાહી થાય તે જરૂરી છે. સરકારી વિભાગોમાં અસંખ્ય ખાલી જગ્યાઓ પડી છે. ત્યારે તે જગ્યાઓમાં શિક્ષિત બેરોજગારોને સમાવી શકાય.

વર્તમાન સંજોગોમાં સામાન્ય વર્ગના શિક્ષિત યુવાનો શિક્ષિત થઈને બેહાલ ઝીંદગી પસાર કરી રહ્યા છે, તેઓના અંધકારમય બનેલા ભાવિમાં સરકાર ઉજાસ લાવી શકે તેમ છે. ધનિકોના દિકરાઓને નોકરી ધંધાની કોઈ ચિંતા રહેતી નથી. તેઓના માટે મોંઘવારી સામાન્ય બાબત છે, અઢળક નાણાં હોય એટલે ચિંતાઓને અભરાઈએ ચઢાવી દેવામાં આવતી હોય છે, પરંતુ ગરીબોનું કોણ? જે લોકો બે ટંક પુરતું જમી નથી શકતા તેમની વહારે સરકારે આવવું જોઈએ. અત્યાર સુધી ઉચ્ચ હોદ્દા ભોગવતા લોકોને 'મોંઘવારી' એટલે શું? તેનો અંદાજ આવી શકશે નહિં.

આશ્ચર્યની વાત એ છે કે હમણાં રિઝર્વ બેન્કે ખાસ ટકોર કરી હતી કે હાલમાં કોઈપણ સંજોગોમાં મોંઘવારી ઘટી જશે નહિં. એક તો કેન્દ્રના સરકારી કર્મચારીઓને ૭ મા પગાર પંચની ઓફર કરવામાં આવતા રાજ્યોના કર્મચારીઓને પણ તેનો લાભ મળવામાં આવી રહ્યો છે. તગડું વેતન, ભથ્થા અને તેમાં વળી વધારો એટલે સરકારી કર્મચારીઓને ઘી-કેળાં થઈ ગયાં છે. જ્યારે સરકાર દ્વારા જે બજેટ રજુ કરાયું હતું. તેનો દેશભરમાં સખ્ત વિરોધ થઈ રહ્યો છે. એક હકીકત છે કે નીતિ નિયમો વિનાના બજેટનો વિરોધ તો થવાનો જ. ત્યારે હાલમાં શિક્ષિત બેકારોનો પ્રશ્ન નિવારવામાં આવે તે મહત્વની વાત છે.

એક હકીકત છે કે લોકસભામાં સરકાર સંપૂર્ણ બહુમતિ ધરાવે છે કે અને સરકાર સામે અસ્થિરતાનો કોઈ ખતરો પણ નથી. નાણાંમંત્રીએ જે બજેટ રજુ કર્યું તે ખરેખર બજેટ હતું કે ચૂંટણી ઢંઢેરો હતો તેવું વિપક્ષોમાં ચર્ચાય છે. યુપીએના શાસનથી ત્રાસી ગયેલી જનતાએ દેશમાં પરિવર્તનની આશાએ ભાજપને ટોપલા ભરીને મત આપ્યા પરંતુ તેનો કોઈ અર્થ સર્યો નથી. ઉપરથી બેરોજગારી વધી કાયદો વ્યવસ્થાના ચિંથરા ઉડી રહ્યા છે. અસામાજીક તત્વો પોલીસનો ડર રાખ્યા વિના શાળા- કોલેજોમાં ઘુસીને વિદ્યાર્થીઓની છેડતી અને મનમાની કરી રહ્યા છે. શાળા કોલેજોમાં મનફાવે તેવી ફીના ધોરણો શાળા સંચાલકો નક્કી કરી રહ્યા છે. ક્યાંયે કોઈ કાયદાની અસર જણાતી નથી પછી કેવી રીતે કહી શકાય કે 'મેરા ભારત મહાન'!!

હમણાં કેન્દ્ર સરકારે સંસદમાં કબૂલ્યું હતું કે દેશભરના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમા પોલીસ દળોમાં ૧૯ લાખથી વધુ જગ્યાઓ મંજુર થયેલી છે. તેમાંથી સાડા ચાર લાખ જેટલી જગ્યાઓ ખાલી છે. પરંતુ આ મંજુર થયેલી જગ્યાઓ વર્કલોડના પ્રમાણમાં પૂરતી નથી.

દેશોમાં પોલીસ જવાનો મોટાભાગે સળંગ ૨૪ કલાક કે ૩૬ કલાકો સુધી ઓન ડ્યુટી રહેતા હોવાના અનેક કિસ્સા બાર આવ્યા છે, ખાસ કરીને વીવીઆઈપી બંદોબસ્ત આવે ત્યારે શહેરોના પોલીસ મથકો ખાલીખમ થઈ જતા હોય છે પછી શહેરમાં કે ગ્રામ્ય વિસ્તારોમાં કાયદો વ્યવસ્થાના ચિંથરા ઉડી જતા હોય છે. પોલીસ મથકોમાં નોંધાયેલા ગુન્હાઓની તપાસ કામગીરી અટકી પડતી હોય છે, વધારાના કાર્યબોજના કારણે પોલીસ કર્મીઓના આરોગ્ય પર માઠી અસર પડે છે. દેશભરમાં રોજ કેટકેટલા ગુન્હા બનતા હશે તે બાબતે સરકારે ખરેખર સમીક્ષા કરવી જોઈએ. અમુક ગુન્હાઓની પોલીસ રજીસ્ટરમાં નોંધણી પણ થતી હોતી નથી. આ બાબતે સરકારે સુનિશ્ચિત કરવું જોઈએ.

કેળવણીના સંસ્કાર

સોરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારના ખેડૂતનો એક બાળક દેશમાં શિક્ષણક્ષેત્રે ખુબ જ પ્રગતિ કરી છતાં હજુ તેને શિક્ષણની જરૂર હતી. તેના માટે તેને બે વર્ષનો કોર્સ વિદેશમાં કરવાનો હતો. સામાન્ય પરિસ્થિતિમાં જીવન વિતાવતા ખેડુતે આટલા સુધી ભણતર કરાવ્યું.પરંતુ હવે જરૂરી હતી તેને પુરા પાંચ લાખની. ગામના કોઈક આગેવાને આંગળી ચીંધ્યાનું પુણ્ય લેતા કહ્યું આપણા ગામના ધનસુખભાઈ શેઠ અમદાવાદ રહે છે. શિક્ષણ ક્ષેત્રે જરૂર મદદ કરશે. આટલું સાંભળતા શામજીભાઈ તેના પુત્ર મહેશને સાથે લઈ અમદાવાદ જવા નીકળ્યો. આપેલ સરનામાએ શેઠનું નિવાસસ્થાન મળ્યું. વતનના માનવીને જોઈ ધનસુખભાઈ રાજી થયા અને આવવાનું પ્રયોજન પુછયું. શેઠ, મારા પુત્રને શિક્ષણમાં સારી ડિગ્રી મળી છે, છતાં હજી તેને વધુ અભ્યાસ માટે વિદેશ જવાનું છે, તે માટે મારે પાંચ લાખ રૂપિયાની જરૂર છે. અમો ખેડૂત છીએ ખાનદાની છે મારી પાસે દસ વિઘા જમીન છે, તમો જે કહો તે આપવા તૈયાર છું. વ્યાજ સાથે તમારી રકમ આપી દઈશ.એક સાથે શામજીભાઈએ જણાવી દીધું.

ભાઈ શામજીભાઈ, તારી દરેક વાત મેં સાંભળી, તારા પુત્ર મહેશની કારકિર્દીથી મને સંતોષ છે. શિક્ષણ સહાયમાં મારે વ્યાજ લેવાનું નથી અને તારી જમીન પણ લેવાની નથી. પણ શેઠે તેના પુત્ર મહેશ સાથે વાત કરી જો મહેશ, તારા ઉપર અને તારા સંસ્કારીક શિક્ષણ ઉપર હું ભરોસો મૂકું છુ તેથી મારા વિશ્વાસનો ભંગ કરીશ નહી. ઓફિસે ફોન કરી તરત જ રૂા.પાંચ લાખની સગવડ કરી આપી.

ખેડુત પુત્ર મહેશ કેનેડા જેવા પ્રદેશમાં તેણે બાકી રહેલું શિક્ષણ મેળવી મોટા ઉદ્યોગ સાથે ભાગીદારી કરી લીધી. થોડા સમયમાં કરોડો રૂપીયાની કમાણી કરી.આ બાજુ ધનસુખલાલ શેઠને મોટું સંકટ આવ્યું તેમના દેશાવરના વહેપારમાં, માલો રીજેકટ થયા અને મોટી મંદીમાં ફસાઈ ગયા. તેમની તમામ મિલકતો વેચાઈ ગઈ છતાં તેમને પાંચકે કરોડનું દેવું રહી ગયું. ઈન્ટરનેટ ઉપર તેમનો બંગલો વેચવાની જાહેરાત મુકાઈ. એક સમયે મહેશે તે જાહેરાત જોઈ, જે બંગલેથી એને જે શેઠે તેને પાંચ લાખની મદદ કરી હતી તેમનું નામ જોઈ હતાશ થઈ ગયો. અને તરત જ અમદાવાદ જવા માટે વિમાની મથકે ઉપડી ગયો. અમદાવાદ આવીને શેઠને ફોન કર્યો. આપને હું માળવા માગું છું. ટાઈમ આપો. ભાઈ, હવે મારે ટાઈમટેબલ નથી, ગમે તે સમયે મને મળી શકો છો. ધનસુખલાલશેઠ પાસે આવતા તેમના લેણદારોના ફોન સમજી શાંતિથી આવવા જણાવ્યું તે જ વખતે ખેડૂત પુત્ર મહેશ શેઠના બંગલામાં આવીને શેઠને વંદન કરે છે. મને ઓળખો છો શેઠ ? ભાઈ, હું હમણાં ઓળખ શક્તિ ગુમાવી બેઠો છું. ભાઈ તારે જે કામ હોય તે શાંતિથી જણાવ. શેઠ આજે ઈન્ટરનેટના માધ્યમથી જાણ્યું, એટલે આપને મળવા આવ્યો છું. તમોએ મને શિક્ષણ માટે પાંચ લાખ રૂપીયાની મદદ કરી હતી એ જ હું તમારા ગામના ખેડૂતનો દિકરો મહેશ છું.

ભલે, ભાઈ, આભાર! દુઃખના વખતે યાદ કરે તે સાચો સાથી. શેઠ હવે તમારે તમારો બંગલો વેચવાનો નથી. તમારે જેટલી રકમની જરૂ હોય તે જણાવો આજે ઋણ ચુકવવા આવ્યો છું. ભાઈ, મારે તારી પાસે પાંચ જ લાખ લેવાના છે. આટલું બોલતાં ધનસુખલાલની આંખમાં આસું આવ્યા.

શેઠ, આ પાંપ કરોડનો ચેક છે. તેમાંથી તમારું દેવું ભરપાઈ કરો. તમોએ આપેલ મદદમાંથી મેં ઘણું પ્રાપ્ત કર્યું છે. આટલું કહી, મહેશ શેઠને વંદન કરી પોતાના વતન જવા નીકળી ગયો.

- ગંગારામભાઈ કોટક, રાધનપુર

ચીમનભાઈ પટેલની સરકારમાં પાંચ લાખ જેટલા બક્ષીપંચના લોકોની હાજરીમાં ૨૭ ટકા અનામતની જોગવાઈ કરાવવામાં લક્ષ્મણભાઈ નિમિત્ત બન્યા એ તેમના જીવનની મોટી સિદ્ધિ છે

ગતાંકથી ચાલુ

યુવાન લક્ષ્મણભાઈ અમદાવાદ શેઠ સી.એન. વિદ્યાલયમાં ભણવા તો આવ્યા; પણ કોલેજથી ઘર ખૂબ દૂર. સીટી બસ ચાલે પણ બસમાં બેસતાં જ ઊલ્ટી થવા માંડે. બીજું મજબુત કારણ એ પણ ખરું કે રોજ બસમાં જવાના ભાડાના પૈસા ક્યાંથી લાવવા? સાઈકલ હોય તો જવાય; પણ સાઈકલ ખરીદવાના પણ પૈસા નહીં. એટલે આપણને વળી સાઈકલ ચલાવતાં આવડતું હશે? એમ કરીને માંડી વાળ્યું. ગરીબી અને અભાવમાંથી જન્મેલી આ લઘુતાગ્રંથિ પછી સ્વભાવ બની જાય છે. જો કે લક્ષ્મણભાઈ તો એ ગ્રંથિને જીવનના અનુભવ વડે છેદીને ક્યાંય દૂર નીકળી ગયા છે. સવારે ઘેરથી ચાલતાં-ચાલતાં તેઓ આંબાવાડી જાય ને સાંજે કોલેજ છૂટ્યા પછી ઘેર આવે, ત્યારે રાતના નવ વાગી જાય! એટલે કે ત્રણ કલાક સવારે અને ત્રણ કલાક સાંજે ચાલવું પડે. આવી કઠિન તપશ્ચર્યા પછી સન ૧૯૬૫ માં તેમણે ડ્રોઈંગ ટીચરની પરીક્ષા (ડીટીસી) પાસ કરી. એટલે નરોડા વિદ્યામંદિરની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી મળી. બીજા વર્ષે તેઓ સન ૧૯૬૬ માં જનતા હિન્દી માધ્યમિક શાળામાં જોડાયા. એક્સ્ટર્નલ વિદ્યાર્થી તરીકે તો અભ્યાસ ચાલુ જ હતો. એટલે સન ૧૯૭૪ માં એમ.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી. સિધ્ધપુર પાટણમાં રહેવાવાળા દેવીપૂજકો પાટણને પોતાની જાત આગળ લગાડી 'પટ્ટણી' બન્યા હતા. પટ્ટણી સમાજમાં એમ.એ.થનાર તેઓ પ્રથમ હતા. એટલે અમદાવાદમાં રહેતા અઢી લાખ જેટલા પટ્ટણી સમાજે તેમનું ભવ્ય સન્માન કર્યુ. લક્ષ્મણભાઈ શિક્ષક તરીકે જોડાયા ત્યારે સમાજમાં માંડ એક ટકા જેટલું શિક્ષણ હતું. કન્યા કેળવણી તો એક ટકાથી પણ ઓછી. પાંચ- છ જેટલી દેવીપૂજક સમાજની દીકરીઓ મજૂર છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતી હતી. સમાજમાં રહેલ અજ્ઞાનતા અને પછાતપણાને દૂર કરવા માટે સમાજના યુવાનો એકઠા થયા અને તેમાં સમાજ વધુ શિક્ષિત બને તે માટે પ્રયત્નો કરવા સંગઠનની રચના કરવા વિચારાયું અને તેમાં વિદ્યાર્થી સંઘના પ્રમુખ તરીકે લક્ષ્મણભાઈની વરણી કરવામાં આવી. યુવાનોનો સહકાર મળતાં તેમણે શિક્ષણ માટે ઝુંબેશ શરૂ કરી. તેમણે સુત્ર આપ્યું. શિક્ષણ માટે ''દીકરો આપો- દીકરી આપો.' તેમના પ્રયત્નોથી સન ૧૯૭૧ માં પાટણ નગરમાં દેવીપૂજક કુમાર છાત્રાલય શરૂ કરવામાં આવ્યું. સમાજ જાગૃતિ માટે તેમના પ્રયત્નો ચાલુ જ રહ્યા. સમાજના એક સંમેલનમાં માધવસિંહ સોલંકી ગુજરાત હાઈકોર્ટના વકીલ હમીદ કુરેશી વગેરે હાજર હતા. માધવસિંહભાઈ આ તેજતરાર યુવાનના કાર્યથી પ્રભાવિત થયા અને દેવીપૂજક સમાજને કોંગ્રેસમાંથી વિધાનસભાની ટિકિટ આપવી તેવું નક્કી થયું. અને તેના પ્રતિનિધિ તરીકે તેમને સન ૧૯૭૫ માં અમદાવાદ શહેરના અસારવા મત વિસ્તારમાં વિધાનસભાની ટિકિટ મળી. જનરલ બેઠક હોવા છતાં લક્ષ્મણભાઈ આ બેઠકમાં વિજયી થયા. એ પછી તો સન ૧૯૮૦ અને સન ૧૯૮૫ માં પણ તેઓ આ મત

અમૃત ધારા — કનુભાઈ આચાર્ય

વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા. આમ તેમણે પંદર વર્ષ સુધી ધારાસભ્ય તરીકે લોકસેવા કરી. ત્રણ વખત વિજય હાંસલ કરી હેટ્રીકમેન તરીકે પ્રસિદ્ધિ મેળવી. સન ૧૯૮૪ માં સમાજમાં રહેલ અંધશ્રદ્ધા, કુરિવાજો અને અંદર અંદરના વિખવાદ દૂર કરી એકતાનો સંદેશો ફેલાવવા માટે તેમણે સિદ્ધપુર મુકામે સમાજના અગ્રણીઓની મિટીંગ બોલાવી. અને શિબિરની યોજના કરી સમાજ સુધારણા માટે બંધારણ બનાવવાનો નિર્ણય કર્યો.

જો કે ધારાસભ્ય બન્યા પહેલાં સન ૧૯૭૪ માં તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરાબેન ગાંધી જ્યારે અમદાવાદ આવ્યાં ત્યારે એરોડ્રામ ઉપર તેમનું સ્વાગત બેડાંથી કરવામાં આવ્યું હતું. એ સમયે કુદરતી એવી ઘટના બની કે બેડું લક્ષ્મણભાઈને વાગ્યું.. ને હાથમાં રહેલી સ્વાગતની થાળી પડી ગઈ. તેમાં સમાજ દ્વારા આપવાનું આવેદનપત્ર પણ હતું. કંકુ, ચોખા અને આવેદનપત્ર નીચે પડી ગયું. ઈન્દિરાબહેને જાતે નીચા વળીને આવેદનપત્ર ઉઠાવી લીધું. તેમણે ઈન્દિરાબેનની ક્ષમા માગી. પણ ઈન્દિરા ગાંધીએ હસીને તેમને દિલ્હી મુલાકાતે આવવા નિમંત્રણ આપ્યું. જો કે સમાચારપત્રોએ આ ઘટનાને મારી મચડીને રજૂ કરી. લક્ષ્મણભાઈની અતિ ભાવુકતા અને ઉત્સાહને કારણે થયું હોય તેમ તેમને દોષિત સમજ્યા. લક્ષ્મણભાઈ પણ ગિલ્ટી ભાવ અનુભવવા લાગ્યા. બે દિવસ સુધી તેઓ બહાર નીકળી શક્યા નહીં. એ પછી દિલ્હી કિસાન રેલીમાં તેઓ ઈન્દિરાજીને મળ્યા. સમાજના વિકાસ માટે રજૂઆત કરી અને આવેદનપત્ર આપ્યું જ્ઞાતિ વિષેનું એક પુસ્તક પણ ભેટ આપ્યું.દેવીપૂજક સમાજના વિકાસ માટે ખાતરી આપી.

તેઓ ધારાસભ્ય બન્યા પછી પણ શિક્ષક તરીકે તો કામ કરતા જ રહ્યા. વિદ્યાર્થીઓને ભણાવીને જ પછી વિધાનસભામાં જતા હતા. ગુજરાત વિધાનસભામાં બક્ષીપંચ સમિતિ અને પક્ષના સંગઠનમાં વિચરતી વિમુક્ત જાતિ પ્રદેશ સેલના ચેરમેન તરીકે સેવાઓ આપી છે. બક્ષીપંચના ચેરમેન તરીકે ઉત્તર અને દક્ષિણ ભારતના રાજ્યોનો પ્રવાસ કરીને તે રાજ્યોમાં પછાતવર્ગોને મળતા લાભો વિષે ગુજરાત સરકારને માહિતી પૂરી પાડી. સન ૧૯૭૬ માં ગંદા વિસ્તારમાં વસવાટ કરતા ગરીબ લોકોને પાકાં સુવિધાવાળાં મકાનો મળે એ માટે સન ૧૯૭૬ માં વિધાનસભામાં મુખ્યમંત્રીને ઝૂંપડી ભેટ આપી ગાંધીબાપુની જેમ રહેવા માટે અનુરોધ કર્યો હતો. સરકારે એ વાત સ્વીકારી શહેરી વિસ્તારમાં ગરીબો માટેના મકાનની જોગવાઈ થઈ.

ભારત સરકારે અતિપછાત વિચરતી - વિમુક્ત જાતિઓના વિકાસ માટે શું પગલા લઈ શકાય તેના અભ્યાસ અંગે ૨૦૦૬ ની છઠ્ઠી ફેબ્રુઆરીએ રાષ્ટ્રિય વિમુક્ત - વિચરતી અને અર્ધ વિચરતી જનજાતિ આયોગની રચના કરી. જેમાં લક્ષ્મણભાઈને સ્થાન આપવામાં આવ્યું હતું. તેમણે દેશના ૧૮ જેટલા રાજ્યોનો પ્રવાસ કરી જુલાઈ ૨૦૦૮ માં કેન્દ્રની યુ.પી.એ. સરકારને રિપોર્ટ પેશ કર્યો. પંરતુ સરકારે તેનો સ્વીકાર ન કર્યો. ૫૪૦ ગરીબ જાતિઓના ૧૫ કરોડ લોકોને ભારે અન્યાય કર્યો. તેનાથી તેમને ભારે દુઃખ થયું. તેમણે ૨૦૧૨ માં ભાજપમાં પ્રવેશ કર્યો. ભારતદેશમાં દેવીપૂજક, પાધરી, બાવરી-બાવરિયા સમાજના પાંચેક કરોડ લોકો વસે છે. તેઓ રાષ્ટ્રીય દેવીધર્મ સમાજ સંસ્થાના માર્ગદર્શક ધર્મગુરૂ તથા રાષ્ટ્રીય વિમુક્ત ધૂમન્તુ જનજાતિ વેલફેર સંઘના ઉપાધ્યક્ષ તરીકે જાગૃત્તિ અભ્યાસ ચલાવી રહ્યા છે.

લક્ષ્મણભાઈને ટૂંકી વાર્તા, કવિતા, પ્રવાસી લેખો લખવાનો પણ શોખ છે. સન ૧૯૮૬ માં તેમણે 'રમતા રામ' નામનું સાપ્તાહિક પણ ચાલુ કર્યું હતું. તેમણે ગરીબો વિશે અને આ જાતિઓ વિશે લખેલ તલસ્પર્શી લેખોને કારણે આ સાપ્તાહિકને અમેરિકા અને એશિયા રેફરન્સ ગ્રંથમાં સ્થાન મળ્યું છે. સન ૧૯૯૪ માં તત્કાલીન મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલ સાથે પરામર્શ કરી ગાંધીનગર ખાતે મળેલ પાંચ લાખ બક્ષીપંચ કાર્યકર મહાસંમેલન માં તેમણે ૨૭ ટકા અનામત જાહેર કરાવી હતી એ તેમની સિદ્ધિ છે. અમદાવાદ સરસપુર ખાતે મ્યુનિસિપલ સ્લમ ક્વાર્ટર્સમાં રહીને તેઓ કુમાર-કન્યા માધ્યમિક શાળા અને છાત્રાલયનું સંચાલન કરે છે.. તેઓ સારા વક્તા પણ છે. વિચરતી વિમુક્ત જાતિના ઉત્કર્ષ માટે તેઓ સતત પ્રયત્નશીલ છે. -કનુ આચાર્ય

કોમિયો વેલ્યુ સેગમેન્ટમાં બ્રાન્ડ સંતોષમાં 1 ક્રમે: સીએમઆર બજેટ સ્માર્ટફોન્સ ચેનલ ઓડિટ સર્વે ૨૦૧૮

કોમિયો સ્માર્ટફોન્સે હાલમાં મિડ- સેગમેન્ટ સ્માર્ટફોન બ્રાન્ડ લોન્ચ કરી હતી, જેને બજેટ સ્માર્ટફોન્સ ચેનલ ઓડિટ સર્વે ૨૦૧૮ પર સાઈબર મિડિયા રિસર્ચ અનુસાર ઓવર ઓલ બ્રાન્ડ સેટિસ્ફેકશન પર અદભુત પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો. આ સંશોધન અહેવાલ પૈસા વસૂલ (રૂ. ૧૦,૦૦૦ થી ઓછા) સ્માર્ટફોન સેગમેન્ટ આસપાસ પારંપરિત મલ્ટી-બ્રાન્ડ સ્માર્ટફોન રિટેઈલરોની અગ્રતાઓ અને પરિપ્રેક્ષ્યોને મઢી લે છે.કોમિયો હકારાત્મક અને આરોગ્ય વર્ધક નેટ પ્રમોટર સ્કોર સાથેની એક માત્ર નવી બ્રાન્ડ છે. કોમિયો ઈન્ડિયાના ચીફ માર્કેટિંગ ઓફિસર શ્રી સુમિત સેહગલે જણાવ્યું હતું કે મજબૂત ઓફફલાઈન વિતરણ નેટવર્ક નિર્માણ કરવું તે અત્યંત મહત્ત્વપૂર્ણ પરિબળ રહ્યું છે અને અમારી વૃદ્ધિની યોજનાનો મહત્ત્વ પૂર્ણ હિસ્સો છે. બ્રાન્ડ પ્રત્યે પ્રતિસાદ ગ્રાહકો પાસેથી તેમજ અમારા વિતરકો પાસેથી પણ અદભુત રહ્યો છે. અમને સીએમઆર દ્વારા ટેકામાં પ્રોડક્ટ ગુણવત્તા અને વેચાણમાં સર્વોચ્ચ ક્રમમાં સ્કોર મળ્યો તે બદલ અમે ભારે રોમાંચિત છીએ અને ઊભરતી સ્માર્ટફોન બ્રાન્ડ્સ હેઠળ ઈ૧ કંપની તરીકે જાહેર કરવામાં અમને ભારે ખુશી છે. પૈસા વસૂલ સેગમેન્ટમાં કોમિયોએ ચાર્ટમાં ઉચ્ચ ક્રમ મેળવ્યો છે અને સર્વોચ્ચ ગુણ મેળવતાં અન્ય બધી બજેટ બ્રાન્ડ્સની પાછળ મૂકી દીધી છે. આ કોમિયોની પ્રોડક્ટો અને આરએન્ડડી ટીમનું પરિણામ છે, જેમણે બારીકાઈથી ધ્યાન આપવા સાથે સ્માર્ટફોન્સ સાકાર કરવા માટે અથાક મહેનત લીધી છે.

ટ્રાયમ્ફ મોટરસાઈકલ્સ ઈન્ડિયા દ્વારા ઓલ- ન્યૂ ટાઈગર 800 XCX અને XR લાઈન-અપ લોન્ચ કરાઈ

ટ્રાયમ્ફ મોટરસાઈકલ્સ ઈન્ડિયાએ સૌથી વહાલીમાંથી એક અને સમીક્ષકો દ્વારા આજ સુધી સૌથી વધુ વખાણવામાં આવેલી મોટરસાઈકલમાંથી એક એવી નવીનક્કોર ટાઈગર ૮૦૦ XCX અને ઠઈ લાઈન-અપ લોન્ચ કરી છે. સૌથી દીર્ઘ ચાલેલી સાહસિક વારતા, ૧૯૩૬ની ઈન્ટરનેશનલ સિક્સ ડે ટ્રાયલની ગોલ્ડ મેડલ વિજેતા ટાઈગર્સ સાથે આરંભ કરે તે રક્તવાહિની સાથે આ નવી પેઢી સંપૂર્ણ ટ્રેડમાર્ક ટાઈગર જોશને સમાવવા સાથે ક્ષમતાને સંપૂર્ણ નવી ઊંચાઈએ લઈ જાય છે. ટ્રાયમ્ફ મોટર સાઈકલ્સ ઈન્ડિયા પ્રા. લિ.ના

મેનેજિંગ ડાયરેક્ટર શ્રી વિમલ સમ્બ્લીએ જણાવ્યું હતું કે ટ્રાયમ્ફનું શ્રેષ્ઠતમ પ્રદાન કરવા માટે અમે ઓન અને ઓફફ રોડ વર્સેટાલિટી માટે ટાઈગર ૮૦૦ની લાઈન-અપની ક્ષમતા અપગ્રેડ કરવા માટે અમારી એન્જિનિયરિંગ અને ટેકનોલોજી પર કામ કરી રહ્યા છીએ. આ પ્રગતિ ટાઈગરની સ્થિતિ સ્થાપકતા, તેની આસાન સવારીની સ્ટાઈલ તેમ જ તેની અજોડ ટાઈગર ખૂબીને પૂરક છે, જેમાં નવી ૮૦૦ લાઈન-અપ મહત્તમ સાહસ, મહત્તમ વર્ચસ જમાવી તે માટે નિર્માણ કરવામાં આવી છે.

સિનેપોલિસ ઈન્ડિયા યુપીઆઈ પેમેન્ટ કલેક્શન મોડ દ્વારા ક્યૂઆર કોડ સ્કેન એન્ડ પે વિકલ્પના માધ્યમથી પેમેન્ટ કરવાવાળી ભારતની પ્રથમ મલ્ટીપ્લેક્સ ચેન બની

ભારતનું પ્રથમ આંતર રાષ્ટ્રીય અને દુનિયાનું દ્વિતિય સૌથી મોટું મૂવી થિયેટર સર્કિટ સિનેપોલિસ દેશનું પ્રથમ મલ્ટીપ્લેક્સ ચેન છે જે હવેથી પોતાના યૂનીફાઈડ પેમેન્ટ ઈંટરફેસ પેમેન્ટ કલેક્શન મોડ દ્વારા ક્યૂઆર કોડ સ્કેન એન્ડ પે વિકલ્પના માધ્યમથી પેમેન્ટ સ્વીકારશે. આ સુવિધા ભારતમાં તેના દરેક મલ્ટીપેલેક્સમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આ પ્રસંગે શ્રી દેવાંગ સંપત, ડાયરેક્ટર- સ્ટ્રેટેજિક ઈનીશિએટિવ્સ, સિનેપોલિસ ઈન્ડિયાએ કહ્યું, ''યૂપીઆઈના માધ્યમથી ગ્રાહક સરળતાથી સિનેપોલિસ ઈન્ડિયાના બોક્સોપઈશ થતાં ફૂડ અને બેવરેજ કાઉન્ટર પર પેમેન્ટ કરી શકશે. આનાં સ્કેન એન્ડ પે ફીચરથી પેમેન્ટ પ્રક્રિયા ઘણી સરળ થઈ જશે.''

સિનેપોલિસ ઈન્ડિયાના સીએફઓ શ્રી રોડરિગો પેરેજ મોરાલેસે જણાવ્યું કે, ''ડિજિટલ લેવડ-દેવડને વધારવા માટેના પ્રયાસમાં અમે ગ્રાહકો માટે આ અનોખી સુવિધા લઈને આવ્યાં છે. અમને આશા છે કે આ માટે અમને ગ્રાહકોની ખૂબ સારી પ્રતિક્રિયા મળશે અને ગ્રાહક પેમેન્ટ માટે યૂપીઆઈ અપનાવશે. આવનારા સમયમાં પણ અમે સિનેપોલિસના ગ્રાહકોને ડિજિટલ લેણદેણના સરળ વિકલ્પ ઉપલબ્ધ કરાવતાં રહીશું.

સોની બીબીસી અર્થ મેટ્રોમાં નં. ૧ ફેક્ચ્યુઅલ એન્ટરટેઈનમેન્ટ ચેનલ છે!

લોન્ચ કર્યાની એક વર્ષમાં જ ફેક્ચ્યુઅલ એન્ટરટેઈનમેન્ટ ચેનલ સોની બીબીસી અર્થ નવા બીએઆરસી આંકડાઓ★ અનુસાર મેટ્રોમાં નં. ૧ ચેનલ તરીકે ઊભી આવી છે. આને લઈ સોની બીબીસી અર્થ ઈન્ફોટેઈનમેન્ટ શ્રેણીમાં સૌથી ઝડપથી વૃદ્ધિ પામતી ચેનલમાંથી એક છે.

એક વર્ષ પૂર્વે તે લોન્ચ કરાઈ ત્યારે નં. ૬ ચેનલ પરથી આ ચેનલની વ્યુઅરશિપ એકધારી વધી રહી છે, જે તેની કામગીરી પરથી સાફ પ્રદર્શિત થાય છે. સોની બીબીસી અર્થ મજબૂત વિતરણ નેટવર્ક, વ્યૂહાત્મક કન્ટેન્ટ લાઈન- અપ અને મજબૂત માર્કેટિંગ નાવીન્યતાઓના આધાર સાથે ૨૨ ટકા બજાર હિસ્સો હસ્તગત કરીને નં. ૧ સ્થાને છે.

તેનલ ન્યૂ યોર્ક ટાઈમ્સના બેસ્ટસેલિંગ લેખક, નામાંકિત ટીવી પ્રસ્તુતકર્તા અને એવોર્ડ વિજેતા મેડિકલ જર્નલિસ્ટ ડો. માઈકલ મોસલે સાથે આ સિદ્ધિની ઉજવણી કરી રહી છે.

ડો. મોસલે વિજ્ઞાનને જીવંત કરવાના જોશ સાથેના ભારતમાં જન્મેલા

માફ કરતા સલામત રહેવાનું સારું છે, નમિત ખન્ના કહે છે!

'યે પ્યાર નહીં તો ક્યા હૈ' સાથે અદભૂત પ્રવેશ કર્યા પછી, સિધ્ધાંત સિંહાની ભૂમિકા ભજવતા નમિત ખન્ના, ભારતીય ટેલિવિઝન પરના નવા અભિનેતા ઉત્સાહ પૂર્વક આલોચનાની સમીક્ષાઓ મેળવી રહ્યા છે અને ઘણો ધ્યાન ખેંચી રહ્યાં છે. એક મોડેલ અને એક અભિનેતા બનવું, નમિતને તદ્દન શિસ્તબદ્ધ માનવામાં આવે છે. તે એક સખત આહારનું પાલન કરે છે, તેની ફિટનેસ જાળવવા માટે નિયમિતપણે વ્યાયામ કરે છે અને શૂટિંગ વખતે તે હંમેશાટાઈમ પર હોય છે.

આગામી ટ્રેકમાં, સિદ્ધાત સિંહા (નમિત ખન્ના) 'ડ્રગ્સ એન્ડ ડ્રાઈવ' સામે કેસ લડશે. ચાલાક અને તીક્ષ્ણ વકીલને સ્ક્રીન પર ચિત્રિતકરે છે, તેમનાદોષી ક્લાઈન્ટના ફેવરમાં, કેસ જીતી જશે. જો કે, વાસ્તવિક જીવનમાં, નમિતઆ બાબતે સંપૂર્ણ વિરોધી અભિપ્રાયો ધરાવે છે. તેમનું માનવું છે કે નાગરિકોને શિસ્ત આપવા માટે નિયમો મહત્વપૂર્ણ છે, અને તે દરેક સમયે અનુસરવું આવશ્યક છે. તે ખાસ કરીને યુવાનોમાં સ્વ-શિસ્તનો પ્રચાર કરે છે, ખાસ કરીને જો તે નિયમોને તોડવા માટે સરળતાથી શિકાર બની શકે છે, અને પોતાના જીવન અને તેમના પ્રિયજનોને જોખમમાં નાખી શકે છે, ખાસ કરીને સાહસિક બનવાના બહાના પર.

કથાસાગર-બ્રહ્મચારીનો ઋષિઓને જવાબ

શનક અને અભિપ્રતારી નામના બે ઋષિ વાયુ દેવતાના ઉપાસક હતાં. એક દિવસે બપોરે બન્નેએ ભોજન તૈયાર કર્યું. ભોજન તૈયાર થયું જ હતું કે કોઈએ દરવાજો ખખડાવ્યો. બહાર એક યુવાન બ્રહ્મચારી ભોજન માંગી રહ્યો હતો. અંદરથી જવાબ મળ્યો, હાલ ભોજન નથી. યુવક માટે ઈન્કાર કોઈ નવી વાત ન હતી પરંતુ એક ઋષિના આશ્રમમાંથી આ પ્રકારનો જવાબ મેળવી તેને આશ્ચર્ય થયું. તેણે ઋષિને પૂછ્યું, માન્યવર! શું હું જાણી શકું કે તમે કયા દેવતાના ઉપાસક છો? એક ઋષિએ કહ્યું, મારા ઈષ્ટ દેવ વાયુ છે જેને પ્રાણ પણ કહેવામાં આવે છે. બ્રહ્મચારીએ કહ્યું, ત્યારે તો તમે એ અવશ્ય જાણતા હશો કે આ સંસારે પ્રાણ જ ધારણ કરેલ છે અને અંતે તે આ પ્રાણમાં જ વિલીન થઈ જાય છે. આ પ્રાણ પ્રત્યક્ષ અને પરોક્ષ તમામમાં વ્યાપ્ત છે. ઋષિએ કહ્યું, એ તો સૌ કોઈ જાણે છે. અમને પણ ખબર છે. આમાં નવું શું છે? બીજો પ્રશ્ન હતો. શું હું જાણી શકું કે આ ભોજન તમે કોના માટે તૈયાર કર્યું છે? ઋષિએ સત્વરે જવાબ આપ્યો, અમારા ઈષ્ટ દેવ માટે.

જો પ્રાણ જ આ સંસારમાં વ્યાપ્ત છે તો તે મારામાં પણ એવી જ રીતે મોજૂદ છે કારણ કે હું પણ સૃષ્ટિનો એક ભાગ છું. એ જ પ્રાણ આ ભૂખ્યા શરીરમાં પણ નિવાસ કરે છે જે તમારી સમક્ષ થોડા ભોજનની ભિક્ષા માંગી રહ્યો છે. તો મહામના ઋષિઓ! મને ભોજન આપવાનો ઈન્કાર કરો છો જે માટે તમે તે રાંધ્યું છે? યુવકે મનના હચમચાવી નાખનાર વાત કહી દીધી. બ્રહ્ણચારીની આ વાત પર બન્ને ઋષિઓ શરમથી પાણી-પાણી થઈ ગયા અને તેમણે એ બ્રહ્મચારીને સમ્માનપૂર્વક અંદર બોલાવી, હાથ-મોં ધોવડાવી ભોજન કરાવ્યું. તેમણે અનુભવ્યું કે તેઓ માત્ર રૂપ એટલે કે પ્રત્યક્ષના ફેરમાં પડ્યા હતાં અને તત્વ કે પ્રકૃતિથી અજાણ હતાં જે ખરેખર સમજવા યોગ્ય છે.

૫ જ મિનિટમાં બનાવો વધેલા ભાતની કટલેસ....

૧ કપ બચેલા ભાત અથવા ફ્રેશ ભાત, ૧ મોટુ બટાકુ અથવા ૩/૪ કપ બાફેલા અને મસળેલુ બટાકુ
૩ ટેબલસ્પૂન મકાઈનો લોટ તમે તેના બદલે તમે સ્વેકેલુ બેસન પણ લઈ શકો છો.
૧/૪ કપ છીણેલુ ગાજર, ૧/૨ કપ ઝીણી સમારેલી ડુંગળી, ૧/૨ કપ છીણુ સમારેલુ કેપ્સીકમ, ૨-૩ ચમચી સમારેલા ધાણા, ૧ ચમચી ચાટ મસાલો, ૧/૨ ટેબલ સ્પૂન હળદર, ૧/૨ ટેબલ સ્પૂન લાલ મરચુ પાવડર, સ્વાદ પ્રમાણે મીઠુ, ૧ ચમચી વાટેલુ અદરક, ૧ લીલુ મરચુ સમારેલુ
બનાવવાની રીત - સૌ પહેલા ભાતને સારી રીતે હલાવીને તેમા બાફેલુ બટાકુ, ગાજરનું છીણ, કેપ્સીકમ, ડુગળી, ધાણા, ચાટ મસાલો, હળદર, લાલ મરચું, મીઠુ અને આદુ નાખીને સારી રીતે હલાવો. ઉપરોક્ત બધી સામગ્રી નાખ્યા પછી ઉપરથી બેસન અથવા કોર્નફ્લોર નાખીને સારી રીતે મિક્સ કરો. બધી સામગ્રી સારી રીતે મિક્સ થાય ત્યા સુધી સારી રીતે મિક્સ કરતા રહો. પછી હાથ સાફ કરી લો અને એક બાજુ કઢાઈમાં તેલ ગરમ કરવા મુકી દો.

નારી નવી જાગૃતિનો સૂર્ય ચમકાવે એટલી સમર્થ થઇ ગઇ છે

નારી ચેતના

નારી પાસે શું નથી એની ગણતરી કરીને ઉતારી પાડવાના સફળ-નિષ્ફળ પ્રયત્નો સદીઓથી થયા હોવા છતાં આજની નારી જ્યારે પોતાની પાસે શું છે એની વાત કરતાં ક્યાંય વિરામચિહ્નોનો આધાર નથી લેતી. એ આધુનિક છે પણ આક્રમક નથી

વર્ષોથી આ દિવસે ઊગતો સૂર્ય દરેક નારીને નવી પ્રેરણા, નવી ચેતના આપી રહ્યો છે, પરંતુ આજે વર્ષો પછી, સદીઓથી નવી સમજણને મેળવીને નારી નવી જાગૃતિનો સૂર્ય ચમકાવે એટલી સમર્થ થઈ ગઈ છે, એની પાસે શું નહોતું એની રટણા એને પચી ગઈ છે અને એ નકારાત્મક દુનિયા એને હકારાત્મક જગત તરફ વાળવા નિમિત્ત બની ગઈ છે. મુંગે મોઢે સીતમ સહેતી નારી હવે મુંગે મોઢે કાર્યદક્ષ બનીને આગળ વધી રહી છે. ઈતિહાસનાં પાનાં ઊથલા વવામાં એ લવે સમય બગાડતી નથી પણ પોતાની સફળતાનો નવો ઈતિહાસ રચી રહી છે. એ પગથિયાં ચડતી જાય છે, હાંફવા છતાં નથી થોભતી કે નથી પાછું વળીને પોતે કેટલાં પગથિયાં ચડી ઉપર પહોંચી એનો હિસાબ રાખતી. એનું એક જ લક્ષ્ય છે કે હજી કેટલાં પગથિયાં ઉપર ચડવા પછી એ શિખરને આંબી શકશે?ઈતિહાસ અને કવિતાએ નારીને જંપવા નથી દીધી. અહીં નારીવાદનો પ્રારંભ ક્યારથી થયો, એમાં કોણે કોણે મહત્ત્વનું પ્રદાન કર્યું એની રૂપરેખા આપવાનો કોઈ અભિગમ નથી. હાં, એટલી અપેક્ષા જરૂર રાખી છે કે કલા અને અન્ય સૌંદર્યલક્ષી રચનાઓમાં જ હવે નારી રમવાની નથી. એ ઉપરાંત એની પાસે ધબકતું અસ્તિત્વ છે. આજે વર્ષોથી અનેક વિચારકો સમાજના આ સળગતા પ્રશ્ન પર લખી રહ્યા છે, બોલી રહ્યા છે છતાં સમસ્યાઓ ઓછી નથી થઈ. જ્યાં સુધી આ સમસ્યાઓ શહેર કે ગામની સીમામાં ઘૂમતી રહેશે ત્યાં સુધી પ્રગતિ ઉપરાંત આવી સમસ્યાઓને નિર્મૂળ ન કરી શકે તો પણ હળવી બનાવવાની નેમ રાખવામાં સ્ત્રી પાછી પાની નથી કરવાની.

નારી પાસે શું નથી એની ગણતરી કરીને ઉતારી પાડવાના સફળ-નિષ્ફળ પ્રયત્નો સદીઓથી થયા હોવા છતાં આજની નારી જ્યારે પોતાની પાસે શું છે એની વાત કરતાં ક્યાંય વિરામચિહ્નોનો આધાર નથી લેતી. એ આધુનિક છે પણ આક્રમક નથી. વર્ષોથી એની હૃદયસંપત્તિ તરફ જોઘા વગર જ આધિપત્ય ધરાવનાર પુરુષને એ એક વાર નિરખવાની વાત કરે છે અને તે પણ પૂરેપૂરા આત્મિજાત્યથી. કવયિત્રી તાજેતરમાં પ્રગટ થયેલા કવિયત્રી પન્ના નાયકના 'અંતિમે' કાવ્યસંગ્રહની આ રચના છે. વર્ષોથી પરદેશમાં વસવા છતાં પોતાના જીવનને ધબકતું રાખનાર ગરવી ગુજરાતી ભાષા અને પોતાની ભારતીયતાને એમણે નખશિખ જાળવી છે ખાસ તો પોતાની કવિતામાં. વતન ગુરાપો, દેશ ગુરાપો વર્ષો વીતવાં છતાંય ક્યાંય ઝાંખો નથી પડ્યો. આ રચનામાં જે સ્ત્રી પોતાની વાત કરે છે એ પણ ભારતીય નારી છે. ઈશ્વરે માણસને બનાવ્યો ત્યારે એની પૂર્ણતા - અપૂર્ણતાનો તાળો મેળવવાનું કામ એણે માણસ પર જ નાખ્યું. કવયિત્રી ધમાલિયા જીવનમાંથી થોડું એકાંત મેળવીને આવી રચનાઓ આપે છે. નાનકડી આંખ આખા વિશ્વને સમાવી શકે પણ એને ભીતર સાચવવાનું કામ તો આપણું

અનુસંધાન પાના નં.૬ ઉપર

બાળકોને ટીવીમાં આવતા ગપ્પા કાર્યક્રમો જોવા દેવાને બદલે પુસ્તકો વાંચવા તરફ વાળો

બાળ ઉછેર

ભારતમાં સૌપ્રથમ ટેલીકોમ ક્રાંતિ લાવનાર ડો. સામ પિત્રોડા અમરેલી એક સમારોહમાં આવ્યા હતા. જેમાં તેમણે ભારતના ટેકનોલોજી ક્ષેત્રમાં હાઈલેર તેમજ બાયોટેકનોલોજીમાં ભારે પડકાર હોવાનું જણાવ્યુ હતું તેમજ દરેક વાલીઓને બાળપણથી બાળકોને ટેલીવીઝનમાં આવતા ગપ્પા કાર્યક્રમોના બદલે વિવિધ ક્ષેત્રના વાંચન તરફ વાળવા સલાહ આપી હતી.

અમરેલીના કામનાથ મંદિરના પટાંગણમાં અખિલ ગુજરાત લુહાર સુથાર સમાજ દ્વારા 'વિશ્વકર્મા રત્ન એવોર્ડ' નામે એક સમારોહ યોજયો હતો. આ કાર્યક્રમમાં લુહાર-સુથાર સમાજના આગેવાનો, લુહાર સામાહીકનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો તેમજ અધ્યક્ષ સ્થાને ટેલીકોમ ક્રાંતિના પ્રણેતા ડો. સામ પિત્રોડા આવ્યા હતા. જેમણે ભારતમાં સૌપ્રથમ આ ક્રાંતી લાવી ભારતને ટેકનોલોજીની દુનિયામાં નવો રાહ ચીંધ્યો હતો.

તેમની સાથે તેમના પત્નિ અંજુબેન તેમજ દુરદર્શન અમદાવાદના પૂવર્ ડાયરેકટર જયંતભાઈ પંચાલ સહીતના હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં આગેવાનોએ ડો. સામ પિત્રોડાનું મોમેન્ટો- શાલ આપી સન્માન કર્યું હતું. આ પ્રસંગે ડો. સામ પિત્રોડાએ ટેકનોલોજી ક્ષેત્રમાં પોતાના યોગદાનના પાછલા ૫૦ વર્ષોની યાત્રાનો ટુંકો પ્રવાસ કરાવ્યો હતો કે તેઓ બોટ લઈને કઈ રીતે અમેરીકા અભ્યાસ કરવા ગયા. ત્યાંથી તેઓ ભારત આવ્યા બાદ કનેકટીવીટી માટે રાજીવ ગાંધી તેમજ ઈન્દીરા ગાંધીને મળ્યા. કઈ રીતે તેમણે ટેલીકોમ ક્ષેત્રે પ્રગતિ કરી તેની વાત જણાવી હતી.

હાલ ટીવી માધ્યમો દ્વારા જે જુઠાણા ફેલાવવામાં આવે છે તેનાથી દુર રહેવા તાકીદ કરી હતી.

આ ઉપરાંત બાળકોને હૉંશિયાર બનાવવા સલાહ આપી હતી. નાનપણથી જ બાળકોને ટીવીમાં આવતા ગપ્પા

કાર્યક્રમો જોવા દેવાને બદલે વિવિધ ક્ષેત્રના પુસ્તકોનું વાંચન કરવા તરફ વાળવા જણાવ્યું હતું.

ટેકનોલોજી ક્ષેત્રમાં ભારતની હાલની સ્થિતિ કેવી છે તેના વિશે તેમણે કહ્યું કે ભારતનું સોફટવેર ક્ષેત્ર સારૂ છે પરંતુ હાર્ડવેર તેમજ બાયોટેકનોલોજી ક્ષેત્રમાં હજુ ઘણું કરવાનું બાકી છે તે પડકારરૂપ છે. જો કે નવી કેટલીક ટેકનોલોજી આગામી સમયમાં લોન્ચ થઈ રહી છે તેવું કહ્યું હતું.

વધુમાં તેઓએ ઉમેર્યું હતું કે આપણા દેશમાં ૩૦ કરોડ ગરીબ વર્ગ છે. રાજીવ ગાંધીના સમયમાં પણ ભ્રષ્ટાચાર હતો. આજે પણ છે

અને ભવિષ્યમાં પણ રહેશે. સરકારની ઘણી બધી યોજનાઓ ચાલે છે પરંતુ તેનો સાચો ફાયદો સાચા લોકો ઉઠાવી શકતા નથી. ગામડે ગામડે એસોસીએશન કરી સરકારની યોજનાનો લાભ લેવો જોઈએ.

રસથાળ

ડ્રાયફ્રુટ બિસ્કીટ

સામગ્રી : બટર ૫૦૦ ગ્રામ, ખાંડ દોઢ વાટકી, શુગર પફ ૨ વાટકી, કોર્નફ્લેકસ બે વાટકી, સોજી ૧ વાટકી, દુધ પોણી વાટકી, કોપરાનું છીણ ૧ વાટકી, ગોલ્ડન સીરપ ૧ ચમચી, સોડા બાયકાર્બોનેટ ૧ ચમચી, બદામ, પિસ્તા, કાજુ જરૂરીયાત મુજબ.

રીત : સૌ પ્રથમ બટર ખાંડ અને સોડાને ફીણી તેમાં દુધ ઉમેરી બધું એકરસ થાય ત્યાં સુધી ફીણો. ત્યારબાદ એમાં સોજી, કોપરાનું છીણ, શુગર પફ, કોર્નફ્લેકસ, ગોલ્ડન સીરપ વગેરેને મીક્સ કરી તેને ૨૦ મીનીટ ફ્રીજમાં રાખો. પછી તેમાં નાના નાના ગોળ લુઆ વાળીને તેના પર બદામ, પિસ્તા તથા કાજુને બારીક સમારીને તેની સજાવટ કર્યા પછી ઓવનમાં બેક કરી લો. હવે આ બિસ્કીટને ચા કે અન્ય નાસ્તા સાથે સર્વ કરો.

૦૦૦૦

નટ ચીકી મન્ચીઝ

સામગ્રી : પલાળેલી છોલેલી બદામ અડધો કપ, કાજુ અડધો કપ, અખરોટ અડધો કપ, તલ અડધો કપ, ગોળ દોઢ કપ, કેસર થોડા તાંતણા. ઘી ૧ ચમચો.

રીત : કાજુ અને બદામને સહેજ શેકી અને અધકચરા ટુકડા કરો. ત્યારબાદ અખરોટનો ભુક્કો કરો. એક ટ્રેને ગ્રીસ કરો ગોળને એક પેનમાં ઓગાળી તેમાં કેસર ભેળવો. ગોળ બરાબર ઓગળી જાય એટલે તેમાં શેકેલા તલ, કાજુ, અખરોટ, બદામ નાખી સારી રીતે મીક્સ કરો.

આ મિશ્રણને ગ્રિઝ કરેલી ટ્રેમાં કાઢી તેના પર હળવે હાથે વેલણ ફેરવી ઉપરની સપાટી એકસરખી કરો. ઉપર થોડું ઘી લગાવી તેના મનપસંદ આકારના ટુકડા કરો. ઠંડુ પડે એટલે ટુકડા અલગ કરી સર્વ કરો.

સરગવાનું લોટવાળું શાક

સામગ્રી સરગવાની સીંગ પાંચ સો ગ્રામ ચણાનો લોટ બસો ગ્રામ આમલી, હળદર પચ્ચાસ ગ્રા મીઠું, ગોળ, મરચું

રીત : સરગવાની સીંગને ધોઈને નાના ટુકડા કરી તેને પાણીમાં મીઠું નાખી બાફી નાખો.ચણાના લોટને તેલ વિના જરા ગુલાબી રંગનો શેકો. આમલી ધોઈ તેનું પાણી કરો. આંબલીનું પાણી, ચણાનો લોટ, મરચું, મીઠું, હળદર, ગોળ ભેગા કરી લોટનું પાતળું ખીરું બનાવો.તપેલીમાં તેલ મૂકી, રાઈ- હિંગ નાખી, લોટને વઘારી, લોટનું પાણી વઘારો કે તરત જ હલાવતાં રહો, નહીતર ગાંઠો પડી જશે.લોટ, જરા ઘટ્ટ લાગે કે તરત જ બાફેલી સીંગ તેમાં નાખી ચમચાથી હલાવતા રહો.

તું વાંઝણી ના હોઈ શકે

આગ ભીતર ભીતરની | **રેણુ વિષ્ણુકુમાર બારોટ**

કુમુદ મારી પત્ની હતી. આજકાલ કરતાં એની સાથે પરણે આઠ નવ વર્ષ થયા હતા.સામાન્ય રીતે પરણ્યાના બે ત્રણ વર્ષમાં નવયુગલ માતા પિતા બની જાય છે. એના ઘરમાં આવનારા એ સંતાનનો કીલકીલાટ છવાઈ જાય છે એ સાથે એ દંપતિ ભાગ્યશાળી મનાય છે. કહેવાય છે પણ વર્ષોના વહાણા વાયા છતાંય જેમને સંતાન નથી હોતા એમના સંસારમાં આથે ઉભેલી ચિંતાઓ નજીક આવે છે. જાત જાતનાં ભવંડરો ઉભા થવા માંડે છે. એ બધીય પ્રક્રિયા દુઃદસ્તના હાથની હોવા છતાંય માણસ ન જાણે શી શી ઈચ્છાઓ રાખવા માંડે છે. ક્યાક વાર.. ક્યાંક કોઈ ઉપવાસ, મંત્રજાપ, બાધા એ બધુય કરી છુટવા લાગે છે, છુટે છે પણ સરવાળે એક મુગજણ રહેતા.. એને એનું દુઃખ અઢકૂં થઈ પડે છે. સંતાન થવાં કે ના થવા એનો દોર દુઃકરતના હાથમાં હોવા છતાંય આ સમાજ, પાસ પડોશમાં અરે ખુદના માણસો એવા તીક્ષ્ણ કાચ અણી જેવા શબ્દો છોડે છે.. કે.. કશું કહેવા જેવું નથી. કદાચ એ સહન શક્તિની પેલે પાર થઈ જાય છે.

એમાં કુમુદ હતી હું પણ હતો.. જોકે આપણા સમાજની ગતિની બલીહારી છે. એ મુજબ સંતાન ન થવાનો બધોય વાંક જાણે કે કુમુદના માથે ઢળતો હતો. મને કાંઈ નહીં અને કુમુદના માટે વાંઝણી શબ્દ આવી ગયો હતો.

સંતાન થાય એ માટે કુમુદે સાધુ સંતો અને જોષી મહારાજોને જતાવ્યું હતું. એમણે જે વિધિ નીયમનું સુચન કર્યું હતું તોય સંતાન સુખવંતા ઉઠ્યું નહીં.. જાણે ગજ છેટું રહેતું હતું.

કુમુદ મારા ખભે આ બાબતે રડતી એ સમયે હું એનું માથું આધુ કરી બોલી નાખતા નથી એ નથી.. એમાં મારા ખભે માથું મુકીને રોવાનો અર્થ નથી. .મને દુઃખી કર મા.. એક તો હું ઓફિસના કામમાં ટેન્શનમાં રહું છું ત્યાં વળી તું મારૂં કામમાં રહેલા લોચા ઓછા કર..

સાચે જ કુમુદ એના કામમાં લોચા વાળી દેતી. ક્યાંક ભીંડાના શાકમાં મીઠું વધારે પડી જતું તો ક્યાંક રવૈયાનું શાક દઝાડી દેતી. ખીચડીમાં તુવરની દાળ કાચી રહી જતી તો મગની દાળની ખીચડી ભઠીયાર વગરની થતી. મેથીના ગોટા બનાવે તો વચ્ચેનો લોટ બરાબર થતો નહીં.. આમ રસોઈમાં એક કરતાં અનેક લોચા હતા. જેને હું તો સહન કરતો પણ મારી મા ખળભળી જતી. એ તો કહી પણ દેતી, છોકરાની લાઘમાં તારા હાથનું રાંધણું (રસોઈ) પણ બગડ્યું છે.. ધાનન (અનાજને)ઘુણ કરો ખરવાય માં..

એક દિવસ બહારગામથી મોટી માસી અને એમની સાથે બીજી બે સ્ત્રીઓ આવી. કુમુદે દાળ એવી તીખી તમ્મર બનાવી દીધી કે.. કોઈ સરખી રીતને જમી ના શકયું.. મોટીમાસી સાસુની બહેન દેહાતી ગામડાની હતી. વળી ભાયડા છાપ (પુરૂષ જેવી) હતી, બોલવામાં ઓખદ હતી. એણે તો ઘરની ચોખટમાં કુમુદને વાંઝણી કહીને ઉતારી પાડી. બે પાઈનીય શરમ ના ભણી.. મોટી માસીની સાથમાં માએ પણ સુર પુરાવતાં કહ્યું, જુન શું કરૂં એક તો વાંઝણી અને પાછું રાંધતા ય નથી આવડતું. આ તો હું અને મારો દિકરો સહન કરીએ છીએ. બાકી કોક (કોઈક) અન્ય હોત તો તગેડી મારી હોત.. ચલ ફટ થા કહ્યું હોત..

ત્યારે હું ઓફિસમાં હતો. આમ તો મારે કોઈ સરકારી નોકરી ન હતી. ખાનગી કંપનીમાં હતો..સવારે નવ વાગે જતો સાંજે સાત વાગે આવતો.. આજ મારો દૈનિક કમ હતો. મોટી માસી તો એ દિવસે સાંજે સાડા ચાર પાંચ વાગે એસટીમાં એના ગામ જવાને નીકળી ગઈ હતી પણ એક પુળો ચાંપતી ગઈ હતી. અત્યાર સુધી લોકો કુમુદને વાંઝણી કહેતા હશે એની પીઠ પાછળ, પણ મોટી માસીએ તો ખુલ્લા શબ્દ બરછટ શબ્દ વાપરીને પુળો ચાંપ્યો હતો. એમાં મારી માએ પોતાની બહેનને રોકવાને બદલે કહ્યું હતું વાંઝણીને વાંઝણી પણ ના કહેવાય ! શું એને રાજીની રાણી કહેવાય ?

સાંજે સાત વાગે જેવો આવ્યો કે કકળાટનું કમઝાણ થયું. કુમુદે એના ચઢેલા મોંએ મને કહી દીધું તમારી મોટી માસીએ મને વાંઝણી કહી.. શું એક સ્ત્રીને સંતાન ન થાય તો એને વાંઝણી કહીને દાઝયા પર ડામ આપવાનો ?

મેં સાંભળ્યું.. ત્યારે મારી મા ઘરમાં હાજર હતી. એણે બહાર આવતાં જાણે સળગેલી આગમાં હવા ભરી ફુંક મારતાં કહ્યું, તું વાંઝણી છે એ કહ્યું.. એમાં ખોટું શું લગાડવાનું ? તને કાળી ભુરી તો નથી કહી ને.. અને તારા ઘરવાળાને શીંક (શા માટે) ચઢાવતો હોઈશ.. જગતમાં ઘણીય સ્ત્રીઓ માથે એક છાપ.. વાંઝણીને લઈને જીવતી હોય છે.. ઘરમાં કાંઈ બખેડા નથી ખડા કરતી..

અત્યાર સુધી મારી મોટી માસીએ ન જાણે કુમુદને કેટલી વાર વાંઝણી કહી હશે. એમાં મારી માએ સુર પુરાવ્યો હશે.. અને હવે એ માર્ગે હું ગયો.. મેં કહ્યું

'તું વાંઝણી નથી તો શું છો ?'

તારૂં ડાચું મોં જોવાય કાંઈ તૈયાર થતું ફનથી.. જો સવાર સવારમાં જોયું હોય તો એ દિવસમાં રાંધેલું ધાન પણ ભોજનમાં નસીબ ન થાય.. સમજી..

...મેંય જાણે એક મર્યાદા ઓળંગી.. એમાં મારો વાંક શું છે ?

તો મારા છોકરાનો વાંક છે.. છોકરાં જણનારી તો આખરે સ્ત્રી જ હોય છે ને..

મારી મા પણ જ્યારે બોલવા ઉતરતી એ ટાણે એને અટકાવવી ભારે હતી.

મેં મારી માને વારવાને બદલે એનો સાથ સુર પુરાવ્યો.. કુમુદ કંઈ બોલી નહીં..

રાતની શરૂઆત થઈ ચુકી હતી.. આઠ વાગીને પાંચ મીનીટ થઈ હતી. બારણું ખુલ્લું હતું ને ઝાઝો મંઝાયો હતો. મારી મા એના મોંમાં આવે એ બોલે જતી હતી અને હું નકારાત્મક ભૂમિકામાં હતો.

અને..ને એકાએક કુમુદ ખુલ્લા બારણા વાટે ચાલી ગઈ. હું એનો પતિ પુછયું પણ નહીં કે રાતવરત (રાત્રી ટાણે) ક્યાં જાય છે ? મન મોઢું રાખ..દરેક ઘરમાં આવી તો મગજમારી થાય..

મારા ઘરના ખુલ્લા બારણાની વ્યવસ્થા એક એવી હતી કે મહોલ્લાનો માઢ સીધો જ દેખાય..હું ઝીણી આંખ કરી જોઈ રહ્યો.. એણે લીલી સાડી પહેરી હતી પગ ઉપાડા

અનુસંધાન પાના નં.૬ ઉપર

લોકોમાં સુધારો આવ્યો છે, શિક્ષણ વધ્યું છે પણ કંઈક ખૂટે છે તે શું છે ?

શબ્દ સમીપે - નટવર હેડાઉ

સંસ્કાર ઘડતરની વાત આવે ત્યારે પ્રાથમ વિસ્તારમાં વસતાં અને કૃષિ વ્યવસાય કરતા એવા અદના માનવીઓમાં પ્રેરેલ માનવતાની જે સંસ્કાર મૂકી છે તે કઈ રીતે બહાર આવે છે તેનું ઉત્તમ ઉદાહરણ જોવું હોય તો તેમના જીવન પ્રસંગો અને ઘટનાઓ ઝોઝોયું કરી જોવું જોઈએ. ખુબ જ મહેનતુ અને પરિશ્રમી એવા લોકોમાં પડેલ માટીની મહેંકની પામવા માટે તેમની નજીક જવું પડે અને તેમને પોતાના સંસ્કારોની આ મુડી સમાજ સમક્ષ પ્રસ્તુત કરવા ઉત્રેરવા પડે.

આવું કામ ક્યારેક અનાયાસે થઈ જાય ત્યારે તેનાં જે સુંદર પરિમઆમો આપણી સમક્ષ પ્રસ્તુત થાય છે ત્યારે અહોભાવ પ્રગટ થયા વિના રહેતા નથી અને તે આલેખનાર ખુદ કહે છે કે આમાં જ જીવનનું નવું નિદાન છે. ગામડાના ખેડૂતો આવા નિદાનમાં ભારે માહેર હતા કાર્લ માર્કસ જેની વાત કરે છે તે તો આપણા જીવનમાં જ હતી. આજે લોકોમાં સુધારો આવ્યો છે. શિક્ષણ વધ્યું છે પણ કંઈક ખૂટે છે. તેની શંકા લેખકને છે. તે શું છે ?

આ ખૂટતી કડીને જોડી આપવાનું કામ લેખકે જીવનના પ્રસંગોને રેખાચિત્રો રૂપે આલેખીને કર્યું છે તેવા એક સુંદર મજાના નાનકડાં , રૂપકડાં પુસ્તકની વાત આજે મારે તમને કરવી છે.

'આગેન' શિર્ષક વાળા પુસ્તકમાંથી પસાર થતાં કુલ-૧૩ જેટલાં સુંદર રેખાચિત્રો આપણને મળે છે. જે દરેક પ્રસંગોને લેખકે પોતાની આગવી શૈલીથી જીવંત બનાવ્યા-જે પ્રયત્ન કર્યો છે. તેમાં તે સફળ રહ્યા છે અને તેને વાંચનાર વાચકને લાગ્યા વિના રહેતું નથી. રેખા ચિત્રોમાં દરિદ્ર, ચોંધાસી, દીકરી, કમુ, પ્રાયશ્ચિત, તર્પણ, સળગી ગયેલા સંબંધો મારૂ ફેહડાન, પાપી,વમળ, પ્રેમ અને જન્મ દિવસ જેવાં શિર્ષકો આપણને મળે છે.

આ પુસ્તકની પ્રસ્તાવનામાં નર્યું નીતર્યું ગંગાજળ' કહીને રેખાચિત્રોની ઓળખ આપનાર આપણા વરિષ્ઠ સાહિત્યકાર ડૉ.કેશુભાઈ દેસાઈ માંગલિક ચિત્રોની મહેફિલ સજાવી બેઠેલા લેખક માટે ખાસ નોંધે છે કે "કોઈ કલ્પનાના ઘોડા દોડાવ્યા વિના જાત અનુભવથી વાતો જ લેખકે અહીં કંડારી છે. નિરાંતે ગોઠડી માંડીને એમની જિંદગીના અણમોલ અનુભવોથી લહાણી કરી છે. અહીં નાના માણસમાં છુપાયેલી મોટાઈની વાતો છે. તો વળી અભણ ઘરેડાંની આગવી કોઠાસૂઝના દર્શોત પણ છે. માણસ ઘારે તો એની જિંદગીને અનોખા અવસરમાં પલટી શકે. ઈશ્વરે એને એટલી સમજણ અને લાગણીના સંપદા સાથે આ ધરતી પર મોકલ્યો છે. એ સ્વ વિવેકથી પોતાની હયાતીમાં જ મોક્ષ અને સ્વર્ગ મેળવી શકે છે. એવી સિદ્ધિ હાંસલ કરવા માટે એને કોઈ તપ તપવાની કે શક્તિ ભણવાની પણ જરૂર નથી. બધુ એની અંદર પડેલું છે. એણે ખુદને ખોળી કાઢવા માટે ખુદનું જ ખોદકામ કરવાની જરૂર છે." આ ખજાનો લેખકે શોધી કાઢ્યો છે અને તે જીવનના અર્ક રૂપે વાચક સમક્ષ ધરી દીધો છે.

અનુસંધાન પાના નં.૬ પર

બ્લેક ડ્રેસથી આપો અલગ-અલગ લુક તડકાથી પણ બચો અને સ્ટાઇલિશ પણ બનો

નારી

જો તમારી પાસે એક બ્લેક કલરનો ડ્રેસ હોય કે ની-લેન્થ હોય કે પછી ફુલ-લેન્થ હોય, એના પર મિક્સ એન્ડ મેચ કરી ઘણા અલગ-અલગ લુક આપી શકાય. જેમ કે જેકેટ, બ્લેઝર, સ્કાર્ફ અથવા તો અલગ-અલગ એક્સેસરી સાથે. તમારૂં બોડી-સ્ટ્રક્ચર કેવું છે એ પ્રમાણે સ્ટાઈલિંગ કરી શકાય

પાર્ટી લુક બ્લેક ડ્રેસ પાર્ટીવેઅર માટે એક બેસ્ટ ઓપ્સન છે. પ્લેન બ્લેક ડ્રેસમાં થોડો ટ્વિસ્ટ લાવવા માટે બ્લેક ડ્રેસ સાથે બ્રોન્ઝ કલરનો બેલ્ટ પહેરી શકો અને એની સાથે મેચ કરવા માટે બ્રોન્ઝ કલરના સ્ટિલેટોઝ પહેરી શકાય અથવા કંઈક અલગ લુક આપવા માટે બ્લેક ડ્રેસ સાથે નેકમાં લોન્ગ બીડ્સ પહેરવાં. એક જ હાથમાં બ્લેક કલરની બેન્ગલ્સ પહેરવી. આઈઝમાં મોકી ઈફેક્ટ આપવી અને પગમાં બ્લેક હાઈ-હીલ્સ પહેરવી. અથવા તો ગોલ્ડ કે કોપર કલરનું શિમરવાળું થ્રગ પહેરવું. ઓફિસ લુક ઓફિલ લુક માટે બ્લેક ની-લેન્થ ડ્રેસ સાથે બેજ કલરનું અથવા વાઈટ કે બ્લેક કલરનું બ્લેઝર પહેરી શકાય, જેની લેન્થ હિપથી થોડી ઊંચી હોવી જોઈએ. કંઈક અલગ ટ્રાય કરવા માટે જે લેન્થવાળો બ્લેક ડ્રેસ હોય એ જ લેન્થનું બ્લેઝર પહેરી શકાય અથવા તો બ્લેક શોર્ટ ડ્રેસસાથે બેજ કલરનો બેલ્ટ પહેરી એની સાથે બેજ કલરના સ્ટિલેટોઝ અને બેજ કલરની ઓફિસ બેગ. હેરમાં હાઈ પોની વાળવી અને ન્યુડ મેકઅપ કરવો. ઓફિસ લુક સાથે બહુ જ્વેલરી પહેરવી નહી. કાનમાં ડાયમન્ડ ટોપ્સ કે પર્લના ટોપ્સ પહેરી શકાય. એક હાથમાં રિસ્ટવોચ અને બીજા હાથમાં બ્રેસલેટ પહેરી શકાય.

કેઝુયુઅલ લુક કેઝુયુઅલ લુક માટે બ્લેક ડ્રેસની અંદર ફ્લોરલ પ્રિન્ટનું ટી-શર્ટ પહેરી શકાય અથવા ડેનિમનું જેકેટ પહેરી શકાય. ડેનિમના જેકેટ સાથે મિક્સ એન્ડ મેચ કરવા માટે પગમાં કેન્વસ શૂઝ પહેરી શકાય. હેરમાં હાઈ પોની વાળવી. હાથમાં કલરફુલ પ્લાસ્ટિક બેન્ગલ્સ પહેરી શકાય અથવા તો કોટન પ્રિન્ટના બેલ્ટ આવે છે એ બ્લેક ડ્રેસ પર પહેરી એની સાથે પગમાં મેચિંગ કલરના બેલી શૂઝ પહેરી શકાય અથવા તો સિન્થેટિક ફેબ્રિકમાં શર્ટ લઈ એને કરમ પર નોટ બાંધવી અને

અનુસંધાન પાના નં.૬ ઉપર

રૂપના રખોપા

યુવાનોમાં ગોગલ્સ હંમેશા ટ્રેન્ડમાં રહે છે. તેથી તેમાં હંમેશા વેરાયટી મળતી રહે છે. એક્સમેન પેટર્ન, કિલયર ગ્લાસ, ડબલ રીમ, રાઉન્ડ અને શાર્ઇનિંગ ફ્રેમવાળા સનગ્લાસ આ સમરમાં તમને દરેક જગ્યાએ જોવા મળશે.પ્લાસ્ટિક સનગ્લાસનો ક્રેઝ દરેક ઉંમરના લોકોમાં હંમેશા રહે છે. કારણ કે, તે પહેરવામાં હળવા અને દેખાવમાં સ્ટાઈલિશ હોય છે.યૂથમાં સાયન્સ ફિક્શન મુવીઝનો તેમજ તેના કેરેક્ટર્સનો ક્રેઝ હોય છે. તેથી આ સ્ટાઈલના સનગ્લાસ પણ હંમેશા ટ્રિમાન્ડમાં હોય છે. તે મોટા ભાગે વ્હાઈટ કે બ્લેક પેટર્ન બેઝ્ડ હોય છે.સયન્સ ફિક્શન પછી જો કોઈ સ્ટાઈલ સૌથી વધુ ટ્રિમાન્ડમાં હોય તો એ છે, જેમ્સ બોન્ડ મુવીઝના કેરેક્ટર્સના સનગ્લાસ. કેટલાક સનગ્લાસ તો એક્સમેનની સ્ટાઈલ ગેયરથી ઇન્સ્પાયર્ડ હોય છે.ડબલ વાયર રિમ્સ વાળા સનગ્લાસ આ વર્ષે વધુ ટ્રેન્ડમાં છે. આ લેન્સ કલરફુલ હોવાની સાથે પ્લેન અને ટ્રાન્સપરન્ટ સ્ટાઈલમાં પણ મળી રહે છે.આ વર્ષનું સમર આઈવેર ફોક્સ ગ્લિટરીંગ અને સ્પાર્કલિંગ પર છે. ફ્રેમને કોઈ પણ ડિઝાઈનમાં લઈને પછી તેને ગ્લિટર્સ કે સ્પાકલર્સથી સજાવીને યુઝ કરવામાં આવે. તેમાં ઓવરસાઈઝ રિમનો ઉપયોગ કરી શકાય અને શાઈનિંગ સ્ટોન્સ પણ લગાવી શકાય.હવે સનગ્લાસ વ્હાઈટ, યલો, પર્પલ, ગ્રીન અને બ્લ્યુ જેવા કલર્સમાં પણ એવેલેબલ છે. આમ એમવુ કહી શકાય કે, તમે હવે તમારા ડ્રેસીસ સાથે તમારા ચશ્મા પણ મેચ કરી સકશો.રાઉન્ડ રીમલેસ પ્રેમ અને એવિએટર પણ ઓવરસાઈઝમાં પહેરાય છે. તેમાં ચહેરો લગભગ અડધો ઢંકાઈ જાય છે. ગયા બે વર્ષમાં આ સ્ટાઈલ હોટ બની ગઈ છે.આજકાલ યૂથમાં લેમિનેટ્રસનો પણ ઘણો ક્રેઝ છે. એ લાઈટ અને ડાર્ક યલો શેડ્ઝ અને કલરના ઓવરસાઈઝ સનગ્લાસ હોય છે. તેને કોમ્પ્લેકશન અને ચહેરાની સાઈઝ મુજબ ટ્રાય કરી શકાય છે.

બનાસકાંઠા ...

પાના નં.૧ ચાલુ

ભુરા મયા ભટ્ટી (ડફેર) રહે. રાણીસર તા.સાતંલપુર (૫) દીપક ઠાકોર રહે. ભાભર અગર દીયોદરનો છે ટેટોડા ગામ પાસેના હાઈવે રોડ ઉપરથી એરંડા, રાયડુ, જીરૂ, મગની બોરીઓ ભરેલ ટ્રક અદગામ, તા.સમી ગામે સદામ અલુ ડફેરના ત્યાં લઇ જઇ બોરીઓ ઉતારેલ અને ટ્રક સાથે પકડેલ માણસોને ધાનેરા નજીક છોડી મુકેલ હતાં. જે લુંટનો ગુનો ડીસા રૂરલ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૪/૧૭ ઈપીકો ક.૩૯૫ વિ.મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ હતો.

જ્યારે પકડાયેલ આરોપી મુસ્તુફા રમઝાન સિપાઈની વધુ પછપરછ કરતા અન્ય લુંટનો પણ ખુલાસા થયા હતો. જેમાં આશરે આજથી એક વર્ષ પહેલા પોતાના ગુના સાથીઓ જેમાં (૧) હયાત અલુ ડફેર રહે.અદગામ તા.સમી (૨) સદામ અલુ ડફેર રહે.અદગામ તા.સમી (૩) પ્રભુ ઉર્ફે ભભાભાઇ નાગજી ડાકોર રહે.અગીચાણા તા.રાધનપુર (૪) ભુરા મયા ભટ્ટી (ડફેર) રહે.રાણીસર તા.સાતંલપુર (૫) ખાનીયો ઉર્ફે ખાનમહંમદ કરીમ સીન્ધી ડફેર રહે.અદગામ તા.સમી વાળાઓ ભેગા મળી તેનીવાડા ગામ પાસેના હાઈવે રોડ ઉપરથી જીરૂ તથા ઈસબગુલ(ઘોડાજીરૂ) ની બોરીઓ ભરેલ ટ્રક અદગામ તા.સમી ગામે સદામ અલુ ડફેરના ત્યાં લઇ જઇ બોરીઓ ઉતારેલ હતી અને ટ્રક સાથે પકડેલ ડ્રાઇવરને ભાભરથી મીઠા જતા રોડ ઉપર છોડી મુકેલ હતા. જે લુંટનો ગુનો છાપી પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૫/૧૭ ઈપીકો ક.૩૬૫,૩૯૫ વિ.મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ હતો. જે ગુનામાં સંકળાયેલ આરોપી પૈકીના (૧) મુસ્તુફા રમઝાન જાતે.સિપાઇ રહે.અદગામ તા.સમી જી.પાટણ તથા (૨) પ્રભુ ઉર્ફે ભભાભાઇ નાગજી ડાકોર રહે.અગીચાણા તા.રાધનપુર વાળાઓની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી હતી.

આમ જીલ્લા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગૂજર તથા પાટણ જીલ્લા પોલીસ અધિક્ષક અશ્વિન ચૌહાણ તથા એ.એસ.પી. ડો.પાર્થરાજસિંહ ગોહીલ રાધનપુરના માર્ગદર્શન હેઠળ અને એ.એસ.પી. ડો.પાર્થરાજસિંહ ગોહીલ અને જે.એચ.સિંધવ પોલીસ ઈન્સપેકટર એલ.સી.બી.પાલનપુરના સંકલન દ્વારા એન.એન.પરમાર તથા એમ.આર.મોહનીઆ તથા જી.આર.ઠાકોર ડીસા રૂરલ પો.સ્ટે. તેમજ વાય.કે.ઝાલા તથા એમ.એમ.માળીની અલગ અલગ ટીમો બનાવી ડીસા રૂરલ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૪૦/૨૦૧૭નો જીરા લુંટનો ભેદ ઉકેલાયો હતો. આમ બે જીલ્લાની પોલીસે ભેગા મળી લુંટના ગુનાનો ભેદ ઉકેલી આંતરજીલ્લા પોલીસ સંકલનનું પણ શ્રેષ્ઠ ઉદાહરણ પુરુ પાડ્યું હતું.

પમરૂ ગામે વિશ્વ...

અનુસંધાન ૨ નુ ચાલુ..

તથા આચાર્ય તથા શિક્ષકગણે રેલીમાં ભાગ લીધો હતો. રેલી પમરૂ ગામના દરેક વિસ્તારમાં ફરી ગામની પ્રજામાં ટી.બી. રોગ મટાડવા તથા તેનું નિદાન સારવાર વિશે જાગૃતિ હેતુ સુત્રો બોલી તથા પત્રિકાની વહેંચણી કરાઈ હતી. આ પ્રસંગે ગામના સરપંચ દ્વારા રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું તથા છેલ્લે ટીબી યુનિટના સુપરવાઈઝર પી.વી.સોલંકી તથા મલ્ટી પરપઝ હેલ્થ વર્કર રાજેશ કાપડીયા દ્વારા વિદ્યાર્થીઓને ક્ષયરોગ નિદાન સારવાર વિશેની સમજ આપી તથા શાળાના આચાર્ય દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

ઊંમરા જૈન...

અનુસંધાન 3 નુ ચાલુ..

ઈન્દ્ર- ઈન્દ્રાણી પરિવાર બાળ વર્ધમાન કુમારને પારણામાં ઝુલાવશે- તથા વીર જન્મકલ્યાણક નિમિત્તે ગૌશાળામાં ઘાસ, હોસ્પિટલમાં ફ્રુટ વિતરણ, ગરીબોને મિષ્ટાન દ્વારા વિશિષ્ટ અનુકંપા કરવામાં આવશે. આ પ્રસંગે સુરતના જિનાલયોમાં વિશિષ્ટ અંગરચના તથા પ્રભુભક્તિ થશે.

લવાણામાં માતાજીના...

અનુસંધાન 3 નુ ચાલુ..

જોકે આ સમગ્ર ઘટના મંદિરમાં લગાવેલા સી.સી.ટી.વી. કેમેરામાં કેદ થઈ હતી. આ બાબતે અગ્રણી ટી.પી. રાજપૂતે જણાવ્યું હતું કે ચોરી કરવા આવેલ ઈસમે મંદિરમાં રહેલા અંદાજે બે કિલો ગ્રામ ચાંદી ના ઘરેણાં તેમજ દાનપેટીમાં રહેલ બેથી ત્રણ હજારની રોકડ રકમ ઉઠાવી ગયો છે.જે બાબતની પોલીસ સ્ટેશને લેખિત જાણ કરેલ છે.

છતમાંથી અવારનવાર...

અનુસંધાન 3 નુ ચાલુ..

ઉધઈનો પણ રાફડો છે પરંતુ ઓફિસનું સમારકામ કરવાની કે નવીન મકાન બાંધવાની તસ્દી ન લેવાતા આજે ઓફિસના છતના કોન્ક્રીટના પોપટા તૂટીને નીચે પડી રહ્યા છે. ત્યારે ધાનેરા તાલુકાના સરકારી આવાસો મકાનો બનાવવા- સમારકામ કરવાની કામગીરી જે વિભાગની હસ્તક છે તે જ પી.ડબલ્યુ.ડી. વિભાગની ઓફિસનું મકાન જર્જરીત જોવા મળી રહ્યું છે. તેમજ ઓફિસ કંમ્પાઉન્ડમાં સ્ટાફ માટે બનાવવામાં આવેલ ચોકીયાત ક્વાર્ટરની સ્થિતિ પણ બદતર હાલતમાં જેથી ક્વાર્ટરના મકાનમાં રહેવુ પણ સ્ટાફના પરિવારને મુશ્કેલ બની રહ્યું છે. ત્યારે નઘરોળ તંત્રની વહેલી તકે આંખ ખુલે ને ઓફિસનું રીનોવેશન કરવામાં આવે તો કોઈ મોટી દુર્ઘટના બનતી અટકાવી શકાય.

વાતમના યુવક...

પાના નં.૮ ચાલુ

સંડોવાયેલા છે. ત્યારે જો મૃતકના મોબાઈલ ફોનની કોલ ડિટેઈલની તપાસ કરવામાં આવે તો અન્ય શખ્સોની સંડોવણી બહાર આવી શકે તેમ છે. ત્યારે આગથળા પોલીસ દ્વારા ઝીણવટભરી તપાસ કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ છે. આવેદનપત્ર આપતી વખતે મેલાજી ઠાકોર સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ફુટપાથની ગટર..

પાના નં.૮ ચાલુ

નેશનલ હાઈવે ઓથોરીટીને જાણ કરવા છતાં સફાઈ થતી નથી. જે અંગે અખબારી અહેવાલ આ અગાઉ પ્રસિદ્ધ થયા હતા. સ્વચ્છ, સ્વસ્થ ભારત અભિયાનમાં રેલી, સભા સરઘસ કાઢવામાં આવ્યાં પણ આ ગટરની સફાઈમાં નેશનલ હાઈવે ઓથોરીટી સત્તાવાળાને લેશ માત્ર રસ નથી. આ ગટરનાં ગંદા પાણી અને કચરો, કાદવ, સર્વીસ રોડ પર પથરાતાં લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે.

રાશન પુરવઠાના...

પાના નં.૮ ચાલુ

અને રાશન કાર્ડ નં.૪૪૨૧ ની ૧૬ સંખ્યા, રાશનકાર્ડ નં.૪૬૦૭ ની ૨૨ ની સંખ્યા વર્ષોથી યથાવત છે જેસ્ટોક ઉપાડવા ખોટી સંખ્યા ઉભી કરી હોવાનું જણાઈ આવે છે. વળી ખેતીની જમીન ધરાવતા કેટલાક લોકો અંત્યોદયના કાર્ડ ધરાવે છે વગેરે બાબતો વડગામ મામલતદાર કચેરીના ઈન્ચાર્જ ના.મામલતદાર માટે તપાસનો વિષય છે. છેલ્લા એક વર્ષથી વડગામ મા.કચેરી પુરવઠા ના.મામલતદારની જગ્યા ખાલી હોવાથી તાલુકાના રેશન કાર્ડ ધારકો મુશ્કેલીમાં મુકાયા છે.

ધાનેરા તાલુકાના..

પાના નં.૮ ચાલુ

હાલતમાં જણાતા આજુબાજુના લોકોને જાણ કર્યા બાદ પોલીસને જાણ કરવામાં આવી હતી.

આ અંગે મૃતકના ભાઈ રમેશભાઈએ ફરિયાદ નોંધાવી છે કે મારા ભાઈ ખોડાભાઈને કૌટુંબીંક ભાઈ નરેશભાઈ ભુરાભાઈ માજીરાણા દ્વારા હત્યા કરવામાં આવી છે જેથી આ અંગે ગુનો નોંધી ધાનેરા પોલીસે વધુ તપાસ કરી રહી છે.

ડીસામાં સાંઈરામ જન્મોત્સવમાં માનવ મહીસાગર છલકાયો

ડીસા

વિવિધતામાં એકતા એનું નામ ભારતીય સંસ્કૃતિ ! રોજીંદા જીવનની ઘટમાળના થાકને પ્રસન્નતામાં બદલવા વિવિધ તહેવારોના આયોજનમાં જેમાં ચૈત્ર માસ એવો પવિત્ર માસ છે કે, તહેવારોની હારમાળા સર્જાશે. ચૈત્ર સુદ-૧ થી ૯ શક્તિ ઉપાસના નવરાત્રી આનંદના ગરબાથી ધન્ય બની જાય છે. તેની પ્રતિતી ડીસાના ઉમિયાનગરમાં રાધકૃષ્ણ અંબાજી મંદિરે કિશોરભાઈ ત્રિવેદી, આત્મારામભાઈ ઠક્કર, નારણભાઈ પુરોહીતના ભવ્ય આયોજનની શાનદાર સફળતાથી થઈ રહી હતી.

ભારતીય સંસ્કૃતિમાં બે અક્ષરનો શબ્દ 'રામ' સર્વ વ્યાપકતા તો છે જ પરંતુ રામ આગળ જલા શબ્દ લાગતાં જલારામ દેખત સબમે રામ બન્યો તેમ ડીસા સાંઈ મંદિર (સરદાબાગ) ના સક્રિય કાર્યરત ટ્રસ્ટી સતીશભાઈ પંચાલના શબ્દોમાં રામ આગળ સાંઈ શબ્દ લગાવીને અને સોનામાં સુંગધ ભળે એમ બેવડી ઉજવણી કરીએ છીએ. દંતકથા મુજબ સાંઈબાબાના પ્રથમ દર્શન રામનવમી એ થયા હતા તે પણ યોગાનું યોગ હતો.

ડીસામાં સરદાર બાગમાં સાંઈ મંદિર પરિવર્તનનુ અજોડ ઉદાહરણ જ્યાં સત્સંગ અને સેવા સતત થાય છે. બીજમાંથી વટવૃક્ષ વડલાનો વિસામો બની રહ્યું છે. સાંઈ મંદિર પ્રખર ઉત્સાહી ટ્રસ્ટી મંડળ સદા તત્પર હોય છે. અન્નપૂર્ણા ખીચડી સેવા, કેસર સેવા, કથા, ભજન, દર ગુરૂવારે ખીચડી-કઢીની સેવા, ગોલ્ડ કીટીગૃપની બહેનો દ્વારા થાય છે. કોઈપણ આયોજનમાં સહભાગી બને છે.

આ વર્ષે રામનવમી તા.૨૫-૩-૨૦૧૮ ને રવિવારે સરદાર બાગમાં નજર કરો તો માનવ મહેરામણ છલકાય એટલી વિશાળ જન સંખ્યા સ્વયંભૂ ઉમળકાથી ઉમટી હતી. પરંતુ આ વિરાટ જન સંખ્યામાં લોકોનું ટોળું ન હોતું. સાંઈ અને રામ સત્યની ભાવના ભક્તિથી ભાવનારૂપી સાગર છલકાયો હોય તેવા ભાવ વિભોર દશ્યો હતા.

ભારતમાં બે દીવ્ય આત્માઓએ હોશિયાર ડૉક્ટર રોગનું સાચુ નિદાન કરે તેમ જલારામ બાપા અને સાંઈબાબા એ સાચો માર્ગ બતાવ્યો. જ્યાં રોટલાનો ટુકડો ત્યાં પ્રભુ ઢુકડો, કાઠીયાવાડની પરંપરા પ્રથમ હરીહર ભોજન ત્યારબાદ જ ભજન. ભૂખે ભજન ન થાય સરદારબાગમાં દિવસ દરમ્યાન લાપસી, ચણાનું શાક, ખીચડી, કઢીના પ્રસાદની મધુરતા ભાવિકોએ ભરપેટ માણી હતી.

જનની જણ તો ત્રણ જણ કાં ભક્ત, કાં દાતા, કાં સૂર નહીં તો રહેજે વાંઝણી તારૂ મત ગુમાવીશ નુર. દાતાઓએ ઉદાર હાથે દાનની એવી સરવાણી વરસાવી કે દાતાઓના નામ લખવા બોર્ડની જગ્યા ટુંકી પડી ! સમયનું દાન વ્યવસ્થા જાળવવામાં સાંઈ ભક્તો, સીનીયર સીટીઝનો, યુવાનો ભાઈ-બહેનો, વડીલો, માતાઓએ ઉત્સાહ ઉમંગથી સતત ખડે પગે ઉભા રહીને સેવાઓ આપી હતી. જે બધા નમસ્કારને પાત્ર છે. ટ્રસ્ટી મંડળનો 'સ્પિરીટટીમ' સામુહીક એકતા ને સર્વના સહયોગની ભાવનાથી સરદાર બાગમાં સાંઈ મંદિર શાનદાર સફળતાના શિખરો સર કરી રહ્યું છે.

આગ ભીતર ભીતરની...

અનુસંધાન ૫ નું ચાલુ

હતા ને નીકળી ગઈ..

હું જોઈ રહ્યો, ચુપ રહ્યો પણ મારી માએ શબ્દો ઉમેર્યા.. આફુરતી (આપોઆપ) આવશે.. કંઈ (કયાં જવાની છે ?) આ ઘર વિના.. કોણ એનો ડોહો (બાપ) રાખવાનો છે ?

માએ કહ્યું કુમુદને ના બાપ હતો ના મા હતી. હતો તો એક ભાઈ જે વેળ (ગમે)માં આવે તો રાખે નહીં તો જયશ્રીકૃષ્ણ..

માએ કુમુદે બનાવેલ ભાખરી શાક મારી સામે મૂકયા. એની સામે જોઈ રહ્યો. એને ગયે બે કલાક પણ નહીં થયા હોય તો જાણે એક કંપ અનુભવ્યો. ખાવાનું ન ભાવ્યું.. પણ મન મારીને ખાધું મારાં એઠાં વાસણ માએ લઈને બહાર ચોકડીમાં મુકી દીધાં..

ઘડીયાળ એના ક્રમમાં હતી.

સાડા નવ થયા.. દસ થયા.. બારણું ખુલ્લું હતું જે ખુલ્લા બારણેથી ગઈ હતી એ ખુલ્લા બારણેથી આવે. પાછી આવે. પરંતુ બાર વાગવા આવ્યા..મારો મહોલ્લો રાત્રીની સ્તબ્ધતા ધારણ કરતો જતો હતો. લગભગ બધાંના બારણાં બંધ હતા. મારા એકલાના ઘરનું જ બારણું ખુલ્લું હતું.. કુમુદ ગયેલીજે પાછી આવે માટે..

રાત્રી ઝમઝમ કરતી આગળ ખસી રહી હતી. આકાશના માંડવે કપાયેલો વદ પક્ષનો ચાંદ ઠોકઈ ગયો હતો. ઘેઘુર ચાંદની અવની તળે વિસ્તરતી હતી પણ જાણે એને કોઈ જ ઉત્સાહ ન હતો. ચાંદરણાં જાણે પોતાનું એક અસ્તીત્વ ખોઈ બેઠા હતા. તોય કયાંક કયાંક પોતાના અસ્તિત્વની આલબેલ રજુ કરતા હતા.

એક વાગ્યો..કુમુદ ન આવી..

એ દરમિયાન સુઈ ગયેલી અને વચ્ચે વચ્ચે જાગી ગયેલી મારી માએ મને પુછયું પણ ખરૂં, આઈ આવી ?

ના.. તો ગઈ કયાં....?

હું આખી રાત સુઈ ના શકયો.. મને ભીતરમાં એક ભીતી હતી કે એણે કયાંક કુવો હવાડો (પશુને પાણી પીવાનું સ્થળ) કર્યો ના હોય, મારા નાનકડા શહેરમાં એક તળાવ હતું એમાં કંટાળેલા પડતું મુકતા.. જીંદગીનો અંત આણવા.. એમની ફોગાયેલી લાશ બીજા દિવસે તળાવના પાણી પર જોવા મળતી..

મને ખબર હતી આજકાલ કરતાં ત્રણ દિવસ થયા. તળાવમાંથી કુમુદની લાશ ન મળી. રેલ્વે લાઈન પર કપાયેલો એનો દેહ ન મળ્યો..

તો ગઈ કયાં ? એના ભાઈ મામા.. ફોઈ મોટી માસી બધે તપાસ કરી.. કુમુદના કોઈ જ સમાચાર ન હતા. કોઈ સગાંના ઘેર એ ગઈ જ ન હતી. ઘરમાંથી ચાલી ગયા અંગેની પોલીસ ફરીયાદ કરી. પોલીસે જાણવાજોગ કરી. તપાસ આરંભી.. મારી મા કરતાં મારૂં હૈયું એને ઝંખતું હતું.. પુત્ર વિનાની.. સંતાન વિનાની તોય મારી એ પત્ની હતી.. એના લીધે હું હર્યોભર્યો લીલોછમ હતો.

કુમુદનો કોઈ જગ્યાએ પત્તો ન હતો. ભુવાજીને બતાવ્યું.. જોષ જોનારને બતાવ્યું.. કોઈકે કહ્યું, ઉત્તરમાં ગઈ છે, પશ્ચિમમાં ગઈ છે. ગેરંટી સાથે આવશે..

પણ બધા પાસા અવળા પડતા રહ્યા. કુમુદ કયાંયથી ન આવી ના મળી.. ન જાણે એને સાતમું આકાશ ઓગળી ગયું..ઉંડુ પાતાળ સમાવી ગયું.. કશીય કોઈ સમજ ન આવી.. હું એને સતત અને સતત શોધતો રહ્યો.. પણ ભાગ્ય વ્હેંત છેટું જ રહેતું ગયું.. હું માનસિક રીતે તુટતો જતો હતો. કુમુદના વિચારો.. ચિંતાઓ જાણે મને ઉધઈની જેમ ફોલવા.. સતાવવા લાગી ચુકી હતી.

જીંદગી હતી.. એ ઘડીયાળ અને સમય હતો.

આજકાલ કરતાં દસ વર્ષ થયા. મેં નક્કી કર્યું હતું ભલે ગમે એટલી મને અડચણો આવે, પણ બીજાં લગ્ન કરવા નથી એટલે નથી..

મને તો બસ કુમુદ જ મળી જાય. સમયની પાંખે, મારી મોટી માસી,ફોઈ, કાકી, માસા અને મારી મા.. પ્રભુના પંથે પ્રવાસી થઈ ગયા. મને એમ થતું રોજ સવારે કુમુદ આવીને મારામાં સમાઈ જશે એના એ જ લહેજામાં કહેશે, લો હું આવી ગઈ છુ તમારી વાંઝણી.. સવારે આળસ ચડીને બેઠી થયેલી જીવંત આશા સાંજ રાત્રે અંધકારમાં નિરાશાના મોતની ચાદર ઓઢી લઈ લેતી.

હુ જ્યાં નોકરી કરતો હતો એ સ્થળે આજકાલ કરતાં ઘણાં વર્ષ થયાં હતા. જાણે શેઠના પરિવારનાં સભ્ય બની ગયાં હતા. શેઠના બેય છોકરા મને જીભુ જીભુ કહીને માન આપતા હતા. મારા શેઠનું એમના મહારાષ્ટ્રમાં આવેલ સ્થળે એક આશ્રમમાં ધાર્મિક ક્રિયા હતી અમે લકઝરી ભરીને ગયા.. બે દિવસનું રોકાણ હતું.

અમે ધાર્મિક સ્થળે પહોંચ્યા.. આ સ્થળ સરસ હતું પહાડ પાસે ટચુકડી નદી અને નદી આગળ આદિવાસીઓની શાળા હતી.

હું ધાર્મિક વિધિ બાદ એ સ્થળે પહોંચ્યો આદિવાસી શાળાની બહેન તરી-કે મેં કુમુદને જોઈ મારા પગ જમીન સાથે જડાઈ ગયા..મેં સાદ કર્યો, કુમુદ..

એણે જોયો.. મને આટલી મોટી સજા.. આટલું કહેતાં હું રોઈ પડયો..

સજા શાની.. ?હું એ સમયે વાંઝણી હતી. આજે મારે. .મારાં આટલાં બધાં બાળકો છે.. સફેદ સાડીમાં, ચશ્મામાં એણે કહ્યું..ત્યાં તો છોકરાં દોડતાં આવ્યાં.. હાથ ઝાલીને ખેંચતાં બોલી ઉઠયાં.. કુમુદ અમ્મા અમારા વર્ગમાં ચાલો..

હું ત્યાં જ ઉભો રહી ગયો.. કુમુદ ચાલી ગઈ..

-રેણુ વિષ્ણુકુમાર બારોટ (અમદાવાદ)

નારી...

અનુસંધાન ૫ નું ચાલુ

હેરમાં સોફ્ટ કર્લ લુક આપવો અને આ બધા જ લુક સાથે સ્લિન્ગ બેગ સારી લાગશે અથવા ટોટ બેગ પણ લઈ શકાય. ટ્રેડિશનલ લુક પ્લેન બ્લેક શોર્ટ ડ્રેસ પર પટિયાલા અથવા ચૂડીદાર પહેરી શકાય. ડિપેન્ડિંગ કે તમારૂં બોડી-સ્ટ્રક્ચર કેવું છે. આ લુક સાથે હેવી દુપટ્ટો પહેરવો,જેથી પ્રોપર ટ્રેડિશનલ લુક આવે. જો તમારૂં ભરેલું શરીર હોય તો તમે શોર્ટ બ્લેક ડ્રેસ સાથે પટિયાલા પહેરી શકો અને પટિયાલાનો મેચિંગ દુપટ્ટો. પગમાં મોજડી અથવા ફ્લેટ ચંપલ પહેરી શકાય. જો તમારૂં શરીર સુડોળ હોય તો બ્લેક શોર્ટ ડ્રેસ સાથે એન્કલ લેન્ગ્થનું લેગિંગ્સ પહેરી શકો. તમે પ્રિન્ટેડ લેગિંગ્સ પણ પહેરી શકો. કાનમાં સિલ્વર અથવા ગોલ્ડ રિંગ પહેરી શકાય. હાથમાં સિલ્વર અથવા ગોલ્ડ મેટલની બેન્ગલ્સ પહેરી શકાય. આ લુક સાથે બેલી શૂઝ પહેરાય અથવા તો હીલવાળા ચંપલ પહેરી શકાય.

નારી ચેતના...

અનુસંધાન ૫ નું ચાલુ

હૃદય કરે છે. એની સામે ભલભલા અત્યાધુનિક કમ્પ્યુટરનો ડેટા પણ અધૂરો લાગે. કવિતાની દરેક પંક્તિ આપણને આશ્ચર્ય પમાડે છે. નારી પાસે આ બધી વસ્તુ હતી તે શું પુરુષ જાણતો જ નહોતો? હૃદયનું કામ ફક્ત ચાહવાનું છે, કોઈને ધિક્કારવાનું નથી. એક એક પંક્તિમાં પ્રગટ થતા હકારાત્મક ચીજોના ખજાનાની વાત જો આપણે એક વેદનાભર્યા આક્રોશ રૂપે લઈએ તો? તો તે આ કવિતાનું એક બીજું પાસું બની જાય છે. મન ચંચળ છે. સારા સાથે નરસા વિચારો પણ આવ-જા કરી લેતા હોય છે. આવું મનનું રૂપ જ એને સઢ વગરની નૌકા જેવું બનાવી દે છે. કોઈ પણ પંક્તિને અંતે આપણને પૂર્ણવિરામ નથી મળતો. એક એક પંક્તિ વિચારોની નવી દિશા તરફ ગતિ કરતી જણાય છે. નારીની આદર્શ પ્રતિમા પાછળ એનો સ્વાભાવિક ચહેરો ક્યારેક ઢંકાઈ જતો લાગે છે. હાથ જેમ બીજાને આપે, ત્યાગ કરે એ હાથના ધર્મની પરાકાષ્ઠા છે પણ જે હાથ અન્યને આપે તે ક્યારેક કંઈક મેળવવાની અપેક્ષા સાથે રિક્ત પણ હોઈ શકે. એ કોઈને દંડ આપવા માટે ઊંચકાતો પણ હોય. પગ કોઈના દુઃખને હળવું કરવા, એ વેદનાથી ઘેરાયેલી વ્યક્તિની દિશામાં દોડી જાય છે પણ સાથે સાથે કોઈક વ્યક્તિ એને હાથ આપવા, મદદ કરવા દોડીને આવે એ પણ અપેક્ષિત હોય છે. પક્ષીઓના સવારના કિલકિલાટને આપણા સુધી લઈ આવનાર સવારનાં કિરણો છે પણ એ કિરણોની વાત તો નારીને સાંભળવા દો! સવારની ફૂલોની પ્રફુલ્લિતતા અને રાતાના તારાઓનો ટમકાર જાગીને માણતી સ્ત્રી - પોતાના રાતદિવસના ચક્રને ભરી દેનાર અનેક તત્ત્વોની ઝંખના કરતી હોય છે. મિત્ર ખડખડાટ હસાવીને સમસ્યાઓને હળવી બનાવે છે.

પુસ્તકો વાંચવાની પ્રેરણા આપે છે, ઘર ઉલ્લાસી વાતાવરણને પૂરું પાડે છે. આ બધાને ચેતનાપૂર્ણ રાખનારી નારી છે. ટેલિફોન ફકત એક તરફી બનીને સહાનુભૂતિના સંદેશા વહેતા કરે એને બદલે ઝઘડીને, મીઠા છતાં મારકણા પ્રેમની અનુભૂતિ કરાવે એ વધુ ગમતી વાત છે. બગીચો ઉઘાડે પગે લટાર મારવા માટે ઘાસની ભીનાશનો સ્પર્શ કરાવે છે પણ એ ઉપરાંત બગીચાનો વૈભવ જોવા છતાં સ્ત્રી ક્યાં માણે છે! કોઈના આંસુ લૂછવા માટે સ્ત્રી પાસે રૂમાલ છે, પણ એનાં આંસુ લૂંછનાર રૂમાલ કોઈની પાસે છે ખરો? ક્ષણિક અનુકંપામાંથી જન્મેલું દર્દ દૂર કરનાર સ્પર્શ, વાણી એને તત્પૂરતા સુખ આપે પણ પછી શું? વારંવાર એક ઉદ્ગાર પ્રતિધ્વનિત થાય છે. 'મારી પાસે છે અને જે માત્ર'.ફક્ત હકારાત્મક ગુણોના ખજાના પર જીવતી નારી અહીં અપેક્ષિત નથી. આવા હકારાત્મક ઉદ્ગારોની પરંપરા રચવાની ઝંખના ધરાવનાર આ કવયિત્રી નથી. આ તો સ્ત્રીના અસ્તિત્વ સાથે જોડાયેલું એક મનગમતું સ્વપ્ન છે. હકારાત્મક ચીજોનો ખજાનો આપવાનો કવયિત્રીનો આશય કદાચ ન પણ હોઈ શકે. આટલી બધી હકારાત્મક ચીજોના ખડકલા નીચે નારી દટાઈ જવા નથી માગતી. એ તો નકારાત્મક ચીજોના અવરોધો વચ્ચેથી માર્ગ કાઢવા ઈચ્છે છે. આ કવિતા જેવું નર્યું સુખ જીવનસ્વપ્ન હોઈ શકે, પણ વાસ્તવિક્તા નહીં. આવા વિચારોની કેડી જાણે સ્ત્રીના અપેક્ષિત પરિચય તરફ આંગળી ચિંધે છે.

શબ્દ સમીપે...

અનુસંધાન ૫ નું ચાલુ

અહીં જીવતાં જાગતાં હાલતાં ચાલતાં હાડમાંસના ચરિત્રો ચિતરાયાં છે. તે મારા તમારા જેવા સામાન્ય માણસને પરમાત્માએ સોંપેલી મોંઘેરી મિરાત સમાં છે. લેખકની કેળવાયેલી આંખ તેને ઓળખી શકી તે આનંદની વાત છે. નહીંતર આપણા પરિવારમાં અને આસપાસ પર નાભિમાં અમીકુંપો સંતાડીને ફરતાં આવાં જ મીણ માટીનાં માણસૂડાં નો મેળો જામેલા હોવા છતાં આપણે ભૌતિકવાદના પડળ બાઝ્યા હોવાથી એવાં ધૂળની ઢગલીઓમાં રગદળામાં રતન કચરા પુંજામાં વાળી નાંખીએ છીએ અને પછી બધું બગડી ગયું હોવાની આરણ્ય રૂદન કરતાં હોઈએ છીએ. સંસ્કાર શિક્ષણની મસમોટી ગુલબાંગો પોકારતા સારસ્વતો અને લોકોની આંખમાં સપનાં આંજી નાંખતા નેતાઓના ઘોંઘાટમાં તંબૂરનો ઝીણો સૂર સાંભળવા માટે કાન સરવા કરવા પડે એવી સ્થિતિ છે.

અહીં કૃષિકારનો ઋષિ સ્વર છે. અને નાભિમાંથી ફૂટ્યો છે. શબ્દને બ્રહ્મ કહ્યો છે. એ કોઈ પંડિતોની પોથીમાં સમાઈ જવા કરતાં આવા આચરણપૂત કૃષિકારની કલમે કોળી ઉઠે ત્યારે વિશેષ સાર્થકતા પામે છે. સંગ્રહનાં બધાં જ રેખાચિત્રો નોખાં-અનોખાં અને તદ્દન મૌલિક છે. અહીં સ્વામી આનંદની જેમ લેખકે શબ્દના સાચા અર્થમાં ધરતીની જ આરતી ઉતારી છે. વળી રેખાચિત્ર કે સ્મરણ ચિત્ર જેવા સાહીત્ય પ્રકાર વિશે પણ લેખકને કશો શાસ્ત્રીય ખ્યાલ ન હોઈ આ અલ્પજ્ઞતા લેખકને ફળી છે. એથી એમણે સીધેસીધું જેવું લાગ્યું તેવું લખ્યું છે. શબ્દના કેમેરા ડે સ્વજનથી લઈ જીવનની વાટે અલપઝલ સાથે થઈ ગયેલા માનવીઓની છબી પાડી દીધી છે. એથી જે પરિણામ સાંપડ્યું છે તે નર્યું નિતર્યું ગંગાજળ છે તે વાતની પ્રતીતિ વાચકને થયા વિના રહેતી નથી.

લેખકે જીંદગી જીવવાનો કસબ અને કળા હસ્તગત કરેલ છે. જીવન એંક યાત્રા છે એમાં કોણ,ક્યારે કયે સ્વરૂપે સાથે થઈ જશે અને ક્યારે તેનો સાથ છૂટી જશે એ નિશ્ચિત નથી. ત્યારે જીવનમાં જે કંઈ મળવ્યું તેનો સંગ્રહ કરી રાખવાને બદલે'ઓગન' એટલે નિકાસની વ્યવસ્થા હોવી જોઈએ તે વાત લેખકે એક પ્રસંગ રૂપે ભલે તેના દીકરાઓને સમજાવી હોય પણ તે છેવટે તો સમગ્ર માનવ સમાજને દિશા ચિંધનારી છે. ચોમાસું હવે નજીકમાં છે. અનરાધાર વરસાદ વરસી પડતાં ડેમો છલકાવા લાગે છે. જેમ જેમ ડેમમાં પાણી વધતું જાય તેમ તેમ'ઓગન' દરવાજા ખોલાતા રહે તો ડેમમાં પાણી રામપ્રાણ રહે. પણ જે ડેમમાં ઓગન ન હોય અથવા ડેમનો રખેવાળ સમય પર ઓગન ન ખોલે તો ડેમ તૂટી જાય છે અને ડેમની આજુબાજુ રહેતા સૌ બરબાદ થઈ જાય છે. જેથી જીવનમાં એવી વ્યવસ્થા ગોઠવવાની વાત અહીં કરવામાં આવી છે કે તેથી જ તો આપણા ધર્મશાસ્ત્રો એ ધર્મ કરવાની સૂચના આપી છે. આપણી પાસે હોય તેનાથી બીજાને મદદ કરવી અને આપણી પાસે જે સંપત્તિ આવે એમાંથી બીજાને મદદ કરવાથી લક્ષ્મી ખુશ રહે છે તે ઉપદેશાત્મક વાત દેવચંદ શેઠની પેઢીની વાત સાથે સાંકળીને મોરબીના ડેમનો દાખલો આપી લેખકે ખુબ જ સરસ રીતે સમજાવી છે.

'ઓગન' પુસ્તકના લેખક હંસરાજ ભાઈ સાંખલા હિંમતનગરમાં વસતા એક સચ્ચરિત્ર માનવ છે. તેમના પ્રથમ પુસ્તક'સમાજ ભક્તિની ત્સુનમી' ને સારો આવકાર મળતાં 'જીવનની મહેંક' અને 'વૈષ્ણવજન તો તેને રે કહીએ' આલેખ્યાં બાદ 'ઓગન' તેમનું ચોથું પુસ્તક છે. જેનું પ્રકાશ ના ડૉ. સ્વામી ગૌરાંગ દેવ શ્રી રાધાગોવિન્દ દેવ ધામ હિંમતનગર તરફથી અરવલ્લી પ્રકાશના નેજા હેઠળ થયું છે.

આ પ્રસંગે'ઓગન' પુસ્તકના લેખક હંસરાજભાઈ સાંખલા અને પ્રકાશન સંસ્થા અરવલ્લી પ્રકાશનને સંસ્કાર પોષક અને પ્રેરણાત્મક રેખાચિત્રોના આવા સુંદર લેખન પ્રકાશન બદલ ધન્યવાદ પાઠવું છું અને પુસ્તકને આવકારૂ છું.

નટવર હેડાઉ

સ્થાનિક બજાર ભાવ

ચોકસી બજાર(કીલોના)
ચાંદી ચોરસા ૩૯૨૦૦-૩૯૪૦૦
રૂપુ કાચું ૩૯૨૦૦-૩૯૪૦૦
સોનુ તોલો ૩૧૨૦૦-૩૧૩૦૦
તેલ બજાર
રાધે પામોલીન ૧૧૯૦
પામોલીન ૧૧૭૦
સોયા રીફાઈન ૧૪૨૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૮૦
સીંગતેલ૧૫ કી. ૧૪૮૦
સીંગતેલ ૧૫ લી.૧૬૯૦
સીગતેલ ૫ લી. ૪૨૦
તિરૂપતી કપા. ૧૩૩૦
૫ લીટર ૪૨૦
વનસ્પતિ ઘી ૧૧૩૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૨૦૦
૫લી. અંકુર સીંગતેલ ૪૮૫
૧૫ લીટર સનફલાય ૧૩૦૦
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૬૦
૫ લી. ૪૦૦
૨ લી. ૧૬૫
ચોખા-દાળ બજાર
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦

ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦

દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
ખાંડ બજાર
(બોરીના ભાવ)
ખાંડ એસ. ૩૪૦૦-૩૪૫૦
ખાંડ એમ. ૩૫૦૦-૩૪૫૦
ખાંડએલ. ૩૫૦૦-૩૬૫૦
ચા-બજાર
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
આખા મરચાં-હળદર
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગઠ્ઠા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
ગોળ બજાર
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
ખોળ બજાર ૯૫૦-૧૦૦૦
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૬૮૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
પરચુરણ
સોજી ૭૮૦
મેંદો ૭૫૦
શ્રીફળ એમ. ૧૨૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
શાકભાજી(૨૦ કિલોના ભાવ)
દુધી ૧૨૦-૧૮૦
સુકી ડુંગળી ૧૮૦-૨૦૦
લસણ ૩૦૦-૭૦૦
ધાણા ૪૦૦-૫૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીંબુ ૯૦૦-૧૬૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૦૦-૮૪૦
રીંગણ ૨૪૦-૩૦૦
ટામેટા ૧૦૦-૧૪૦
ભીંડા ૮૦૦-૮૪૦
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૫૦૦-૬૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૧૬૦૦
બાદશાહ બટાકા ૨૦૦-૨૨૦
સાંગા બટાકા ૧૮૦- ૨૦૦
તુવેર ૬૦૦-૮૦૦

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ....જ.તા. ....ઉ.વ.
પરિચયઃ ....
સરનામુ : ....
મોકલનારની સહી : ....

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

પાટણ સિનિયર સીટીઝન કાઉન્સીલ ખાતે જનરલ મિટીંગ યોજાઈ

પાટણ

પાટણ સિનિયર સીટીઝન કાઉન્સીલ ખાતે ગતરોજ એક જનરલ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટીંગના વિવિધ કાર્યક્રમો જે રાખવામાં આવ્યા છે. તેની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સોવિનીયરની કામગીરી બાબત, ઓળખકાર્ડની કામગીરી બાબત, હરદ્વાર પ્રવાસ બાબત તથા તા. ૩૧ માર્ચના રોજ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર પ્રસ્તુત નાટક ''ગરીબ હત્યા' અંગેની ચર્ચાઓ કરવામાં આવી હતી. આ પ્રસંગે જે નવીન સભ્યો બન્યા હતા તેઓનું સ્વાગત સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું. તથા જે સભ્યોના જન્મદિવસ હતા. તેઓનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડબગર બાપુલાલ લલ્લુભાઈ તરફથી તમામ સભ્યોને નાસ્તો કરાવવામાં આવ્યો હતો. તથા આવેલ તમામ સભ્યો અને મહેમાનોનું સ્વાગત પ્રમુખ શંકરભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. તથા કાર્યક્રમનું સફળ સંચાલન રમણલાલ મંત્રી દ્વારા કરવામાં આવ્યું હતું. તથા આભારવિધિ ઉષાબેન ભુચ દ્વારા કરવામાં આવી હતી.

તલોદ-હિંમતનગર હાઈવે ઉપર પોયડા પાસે વૃક્ષ સાથે કાર અથડાતા ચાલકનું મોત

હિંમતનગર

તલોદ વાયા સાબરડેરી હિંમતનગર હાઈવે ઉપર આવેલ તલોદ તાલુકાના પોયડા ગામના સ્ટેન્ડ પાસે ગુરુવારે મધરાત્રે એક કાર ફંગોળાઈ ભાવળના ઝાડ સાથે અથડાતા કારના ચાલકનું ગંભીર ઈજાને કારણે કણસતી હાલતમાં સારવાર બાદ કરુણ મોત નિપજતાં શોકની કાલિમાં છવાઈ જવા પામી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે તલોદ તાલુકાના તોરણિયા ગામના રજુસિંહ ઝાલાને પુત્ર હરપાલસિંહ ઝાલા તેના મિત્રો બેંગ્લોરથી હવાઈ માર્ગે અમદાવાદ આવી રહ્યા હોઈ તે તેના મિત્રોને અમદાવાદ એરપોર્ટ ખાતે લેવા માટે પોતાના કબ્જાની વર્ના કાર નં.ડીએલ ૩ જીએલ ૭૫૯૫ લઈને અમદાવાદ એરપોર્ટ ઉપર પહોંચ્યો હતો.ત્યાંથી તેના મિત્રોને કારમાં લઈને તેમને પ્રાંતિજ ખાતે મુકવા માટે ગયો હતો.જે મિત્રોને પ્રાંતિજ મુકીને તેના વતન તોરણિયા ગામ ખાતે મધરાત્રે આવવા માટે નિકળ્યો હતો.જે દરમ્યાન તલોદ હિંમતનગર હાઈવે ઉપર આવેલ પોયડા ગામના સ્ટેન્ડ પાસે મધરાત્રે ૨-૦૦ કલાકની આસપાસ કાર હાઈવે માર્ગ ઉપર ચિર અંધકારને ચિરી દોડતી હતી. ત્યાં અચાનક ફૂતરુ વચ્ચે આવતા તેને બચાવવા જતાં સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી બેસતા કાર ફંગોળાઈ જઈ રોડ સાઈડના બાવળના ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ ચોકડીઓમાં પલટી ખાઈ જતાં સજ્રયેલ ગમખ્વાર અકસ્માતને કારણે કારના ચાલક હરપાલસિંહ રજુસિંહ ઝાલા(ઉ.વર્ષ ૨૩)રહે.તોરણિયા,તા.તલોદને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા કણસતી હાલતમાં તેને તલોદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં પ્રા.સારવાર હાથ ધરી વધુ ગંભીર જણાતા તેને હિંમતનગર ખસેડવામાં આવ્યો હતો ત્યાં તેનું માર્ગમાં જ પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું.

કડી ડેપો સંચાલિત અમદાવાદ-શંખેશ્વર લોકલ બસ પુન : શરૂ કરવા લોકમાંગ

ચાણસ્મા

કડી ડેપો સંચાલિત અમદાવાદ-શંખેશ્વર લોકલ બસનું સંચાલન એસ.ટી. વિભાગીય અધિકારીની સૂચનાથી એકાએક બંધ કરી દેવામાં આવતાં આ રૂટને ફરી શરૂ કરવા બહુચરાજી તાલુકાના ધારાસભ્ય ભરતજી ઠાકોરે તા.૨૩/૩/૨૦૧૮ ના રોજ એક લેખિત પત્ર પાઠવી મહેસાણા એસ.ટી વિભાગીય અધિકારીને ઘટતું કરવા માગણી કરી છે. કડી ડેપો દ્વારા અમદાવાદ-શંખેશ્વર વાયા સાદરા, ભોંયણી, દામોદરીપુરા, ઘેલડા, મદ્રીસણા, રામપુરા-રાંતેજ, પ્રતાપગઢ, બહુચરાજી લોકલ બસનું સંચાલન કરવામાં આવ્યું હતું. જે બસ સવારે ૧૦-૩૦ કલાકે અને સાંજે ૧૭-૦૦ કલાકે વિરસોડા આવતી જતી હતી. પરંતુ કોઈ અનિવાર્ય કારણોસર આ બસ સેવા બંધ કરી દેવામાં આવતાં આ રૂટ ઉપરના આશરે ૧૫ કરતાં પણ વધારે ગામોની બસ સેવા છિનવાઈ ગઈ છે, જેને પરિણામે લોકોને ભારે હાડમારી વેઠવી પડે છે. હાલમાં આ રૂટ ઉપર બહુચરાજી જવા-આવવા તથા અમદાવાદ કડી આવવા-જવા અન્ય કોઈ બસની સગવડ નથી. જેથી આ બંધ થયેલ એસ.ટી રૂટ ફરી શરૂ કરવા બહુચરાજી મત વિસ્તારના ધારાસભ્ય ભરતજી ઠાકોરે વિભાગીય અધિકારી મહેસાણાને તા.૨૩/૩/૨૦૧૮ ના રોજ એક લેખિત પત્ર પાઠવી ઘટતું કરવા માંગણી કરી છે.

પાટણમાં વેરાઈ ચકલા વિસ્તારમાં દારૂડીયા તત્વોના ત્રાસથી લોકોમાં આક્રોશ

પાટણ

પાટણમાં વેરાઈ ચકલા વિસ્તારમાં મોડી સાંજે દારૂડીયા તત્વોનો ત્રાસ વધતો જાય છે. કેટલાક અસામાજીક તત્વો આ વિસ્તારમાં રાત્રે અડ્ડો જમાવીને બેસી રહે છે. ત્યારે આ વિસ્તારમાં ભારતીય સંગીત વિદ્યાલયનું પોતાનું બિલ્ડીંગ આવેલ છે. સાંજે સંગીતના ક્લાસ ચાલે છે અને રાત્રે નવ વાગે કિશોર - કિશોરીઓ સંગીત ક્લાસમાંથી છુટી ઘરે જવા નીકળે છે. ત્યારે સંગીત વિદ્યાલયના ઓટલા પર બેઠા બેઠા લવારા કરતા હોય છે. ક્યારેક કિશોરીઓની ઠઠ્ઠા મશ્કરી કરે છે. પરંતુ પોલીસ આવા તત્વોને પકડારી શકતી નથી.

આમ તો વેરાઈ ચકલા વિસ્તારમાં સાંજે આઠ વાગ્યા સુધી અવરજવર હોય છે. પરંતુ નવ વાગે તમામ પ્રકારની ચહલપહલ શાંત થાય છે. ત્યારે સંગીત વિદ્યાલયમાંથી વિદ્યાર્થી ભાઈ - બહેનો છુટતા હોય છે. ત્યારે દારૂડીયા તત્વોની અવરજવર શરૂ થાય છે.આ બાબતે સ્થાનિક પોલીસ દ્વારા તપાસ ચલાવી અસામાજીક તત્વો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરે તેવી લોકમાંગ ઉઠી છે.

રાધનપુરમાં નેશનલ હાઈવેની ગટરો સાફ નહિ થાય તો હાઈવે ચક્કાજામ કરવાની ચીમકી

પાલિકાના સદસ્યોએ પ્રાંત અધિકારીને આવેદન આપ્યું

રાધનપુર

રાધનપુરમાં નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા રાધનપુરથી ડીસા અને રાધનપુરથી કંડલા જયારથી ફોરલાઈન રોડ થયો છે,ત્યારથી રોડની બંને બાજુ વિશાળ ગટરો બનાવવામાં આવી છે,આ ગટરો બન્યા બાદ ભાગ્યે જ સાફ થઈ હોવાથી ચોમાસાના સમય દરમ્યાન રાધનપુરના વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણી ઘુસી જતા નાગરિકો અને વેપારીઓ ત્રાહિમામ પોકારી જાય છે,અવાર-નવાર રજૂઆતો કરવા છતાંય ગટરો સાફ કરવામાં આવતી ના હોવાથી નગરપાલિકા દ્વારા નેશનલ હાઈવે અને રોડની સાર-સંભાળ રાખતી પટેલ હાઈવે મેનેજમેન્ટ કંપનીને નોટિસો આપવામાં આવી હતી, તેમ છતાંય નોટિસોની પણ એસી કી તૈસી કરવામાં આવતા પાલિકાના સદસ્યોએ મંગળવારે નેશનલ હાઈવેની આજુબાજુની ગટરો સાફ કરવા માટે પ્રાંત અધિકારીને આવેદન સુપરત કર્યું હતું.જો આવેદન આપવા છતાંય ગટરો સાફ નહિ થાય તો પાલિકાના સદસ્યો દ્વારા નેશનલ હાઈવે ચક્કાજામ કરવાની ચીમકી ઉચ્ચારવામા આવી છે. નગરપાલિકાના કારોબારી ચેરમેન કાનજીભાઈ પરમાર, સેનીટેશન ચેરમેન હરદાસભાઈ આહીર,

કમલ ચકવર્તી

ટાઉનપ્લાનિંગ ચેરમેન અહેમદભાઈ ઘાંચી,દીવાભત્તી ચેરમેન રસુલખાન બલોચ, ગણેશભાઈ ઠાકોર, ધારાસભ્ય અલ્પેશ ઠાકોરના પી.એ. હાર્દિકભાઈ ત્રિવેદી સહિતે પ્રાંત કચેરીએ જઈને ચંદ્રકાન્તભાઈ જીવરાણીને આવેદન સુપરત કર્યું હતું, જેમાં જણાવ્યા મુજબ રાધનપુરમાં નેશનલ હાઈવેની બંને સાઈડે બનાવેલી ગટરો ખુબ જ ગંદકીથી ભરાઈ ગયેલ છે.જે સાફ કરવા માટે રજૂઆત કરવામાં આવી છે.આ ઉપરાંત રોડની સાઈડોમાં પણ પૂળના પડ જામી ગયા હોવાથી વાહનચાલકો અને રાહદારીઓને હાલાકી પડી રહી હોઈ સત્વરે સાફ કરવા જણાવ્યું છે.ત્રણ દિવસમાં આ સફાઈ કરવાનું જણાવ્યું છે.

પાલિકાની નોટિસો પણ ના ગણકારી

પાલિકાના કારોબારી ચેરમેન કાનજીભાઈ પરમારના જણાવ્યા મુજબ પાલિકા દ્વારા નેશનલ હાઈવે ઓથોરિટી અને પટેલ હાઈવે ને નોટિસો આપવા છતાંય ના ગણકારતા આવેદન આપવાની ફરજ પડી છે,જો તેમ છતાંય ગટરો સાફ કરવામાં નહિ આવે તો પાલિકાના કોંગ્રેસના સદસ્યો દ્વારા હાઈવે ઉપર ચક્કાજામ કરવામાં આવશે.ગટરો સાફ ના થતા ચોમાસામાં વરસાદી પાણી શહેરમાં આવે છે,જેના કારણે વેપારીઓ અને રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

કરોડોની ગ્રાન્ટ ફાળવાય છે

પાલિકાના સેનીટેશન વિભાગના ચેરમેન હરદાસભાઈ આહિરના જણાવ્યા મુજબ સરકાર દ્વારા નેશનલ હાઈવેની આજુબાજુની ગટરો સાફ કરવા,રોડની મરામત માટે તેમજ વૃક્ષો વાવવા માટે નવ વર્ષનું રૂ.૧૩૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવે છે, તેમ છતાંય સાફ-સફાઈ રાખતી નથી.નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા બનાવેલ ગટરોને એકપણ ઢાંકણું નથી,અને ગટરો વર્ષોથી સાફ થઈ નથી.

ઉંઝા પોસ્ટ ઓફિસમાં ટેલિફોન બીલ, ગેસબીલ અને વીજબીલ લેવામાં ન આવતાં ગ્રાહકો પરેશાન

ઉંઝા

ઉંઝા નજીકના ઉનાવા ગામે પોસ્ટ ઓફિસમાં માર્ચની એન્ડીંગમાં ટેલીફોન બીલ, ગેસ બીલ, વીજબીલ વગેરે ભરવા માટે ઈન્કાર કરાતાં લોકો ભારે મુશ્કેલીમાં મૂકાયા છે.

ઉનાવા ગામે કેન્દ્ર સરકારના પોસ્ટ વિભાગ હેઠળ પોસ્ટ ઓફિસ કાર્યરત છે. આ પોસ્ટ ઓફીસમાં માર્ચ એન્ડિંગને લઈને કોણ જાણે કેમ લોકોના ટેલીફોન બીલ, વીજળી બીલ તેમજ ગેસબીલ ભરવા માટે ઈન્કાર કરવામાં આવી રહ્યો છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે આધારકાર્ડ બાબતે બંધારણીય બેંચ ચૂકાદો ન આપે ત્યાં સુધી ૩૧ મી માર્ચ ૨૦૧૮ સુધી લીંક કરવું ફરજીયાત નથી તેમ જણાવી લોકોને રાહત આપી છે. તેમ છતાં પોસ્ટ ઓફિસમાં બચત ખાતા ધારકોને આધારકાર્ડ લીંક કરાવવા માટે દબાણ કરાય છે. તેવું લોકોમાં બોલાય છે. આ બાબતે રાજયના પોસ્ટ વિભાગના વરિષ્ઠ અધિકારી ઓએ સત્વરે લોકોની મુશ્કેલી મીટાવવા યોગ્ય પગલાં ભરવાં જરૂરી મનાય છે.

સિધ્ધપુરના આંકવી ખાતે રામજન્મોત્સવની ઉજવણી કરાઈ

ડીસા

સમગ્ર દેશમાં રામજન્મોત્સવની ઉજવણી ધામધૂમપૂર્વક કરવામાં આવી હતી. ત્યારે સિધ્ધપુર તાલુકાના આંકવી રામજી મંદિરે પણ પૂજ્ય સીતારામ બાપુના આશીર્વાદથી રામજન્મોત્સવ ધામધૂમપૂર્વક યોજાયો હતો. અંદાજે ૫૦૦ વર્ષ જૂની આંકવી સીતારામજી મંદિરની જગ્યામાં છેલ્લા ૩૦ વર્ષથી પૂજ્ય સીતારામ બાપુ વહીવટ સંભાળી રહ્યા છે. અખંડ રામધૂન, રામરોટી, અન્નક્ષેત્ર, સંતસેવા, અતિથિસેવા, ભટ્ટક સેવા, રામચરિત માનસ પાઠ એમ વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમતો આંકવીનો રામજી મંદિર આશ્રમ અનેક શ્રધ્ધાળુઓ માટે દર્શનધામ બનેલ છે. તા. ૨૫/૩/૨૦૧૮ ને રવિવારે રામનવમીના પવિત્ર દિવસે આંકવી ગામમાં શોભાયાત્રા અને અખંડ રામાયણનો એક દિવસીય પાઠ થયો હતો. આ પવિત્ર અવસરે માહીના પૂજ્ય કૈલાસગીરી બાપુના અધ્યક્ષસ્થાને માનવંતા મહેમાનો અને દાતાઓને સત્કારવા સન્માન સમારંભ પણ યોજાયો હતો. આ પ્રસંગે ભાભરના ભગવાનભાઈ પીઠડીયા, અનિલભાઈ શર્મા, માંગીલાલજી, ડીસાના ભગવાનભાઈ બંધુ, સુરેશભાઈ ટી.ઠક્કર, (જમીન દલાલ), સુરેશભાઈ દેવવાળા, રાજુભાઈ મહેશ્વરી, હિંમતલાલ ગોક લાણી, જલારામભાઈ દેવ વાળા, પાલનપુરના ધીરૂભાઈ પૂજારા, કનુભાઈ ઠક્કર, મહેન્દ્ર ભાઈ ઠક્કર, ગાંધીનગરના પી.આઈ.પટેલ, આંકવીના સરપંચ તેમજ નરસિંહભાઈ પટેલ, સિધ્ધપુરના ગીરીશભાઈ ઠક્કર સહિત અંદાજે ૧૦૦ જેટલા મહાનુભાવો સમગ્ર ગુ-જરાતમાંથી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સર્વે મહાનુભાવો તેમજ દાતાઓનું સાલ ઓઢાડી હુલહારથી સન્માન કરાયું હતું. પૂજ્ય કૈલાસગીરી બાપુ તેમજ પૂજ્ય સીતારામ બાપુએ આશીર્વચન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભગવાનભાઈ બંધુએ કર્યું હતું. તેમજ આંકવી રામજીમંદિર વિશેની વિસ્તૃત માહિતી પુરી પાડી હતી. આંકવી આજુબાજુના ૧૦૦ ગામોમાં દર અઠવાડિયે એક કલાક રામધૂન થાય તેવું આયોજન પૂજ્ય સીતારામ બાપુએ ગોઠવતાં સૌએ આનંદ વ્યક્ત કર્યો હતો.

કંથારીયાની પરિણીતાએ નજીવી બાબતે ઝેરી દવા ગટગટાવી જીવન ટુંકાવ્યું

હિંમતનગર

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના મોટા કંથારીયા ગામની બાવીસ વર્ષિય પરિણીતાએ નજીવી બાબતની તકરારથી મનમાં લાગી આવતાં ઝેરી દવા ગટગટાવીને આત્મહત્યા કરી હતી. શામળાજી પોલીસના જણાવ્યા મુજબ કંથારીયા ગામની પરિણીતા નૈનાબેન રવિન્દ્રભાઈ ડામોર (ઉ.વ.૨૨) નું સારવાર દરમિયાન હિંમતનગરની સિવીલમાં ગત શનિવારે મોત થયું હતું. આ બનાવની જાણ મૃતક પરિણીતાના પતિ રવિન્દ્રભાઈ ડામોરે શામળાજી પોલીસને કરતાં પોલીસે કલમ ૧૭૪ અન્વયે અકસ્માતે મોતની જાણવા જોગ નોંધ કરી તપાસ ચલાવેલ છેપ્રાથમિક તપાસમાં પોલીસને એવું જાણવા મળેલ છે કે રવિન્દ્રભાઈ ડામોર અને તેમની પત્નિ નૈનાબેન વચ્ચે નવિન મકાન બનાવવા પ્રશ્ને મતભેદ ચાલતો હતો. જેના પરિણામે બંને વચ્ચે અવાર નવાર તકરાર ચાલતી હતી. આ રીતની તકરાર ગત શનિવારે થઈ હતી.ત્યારબાદ મનોમન દુઃખી થતાં નૈનાબેન મોડી રાત્રે દોઢેક વાગે ઝેરી દવા ગટાગટાવી હતી આથી તેણીને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવેલ પરંતુ સારવાર દરમ્યાન તેણીનું મોત થયું હતું.

હારિજમાં રોડની કામગીરીમાં ગેરરીતિ મુદ્દે આત્મવિલોપનની ચિમકી

હારીજ

હારીજ શહેરના વિકાસ માટે નગરસેવા સદને ખર્ચેલ રૂા. ૨૯ કરોડના કામોમાં મોટાપાયે થયેલી ગેરરીતિના આક્ષેપોની તપાસ થાય અને જો તપાસ યોગ્ય રીતે ન થાય તો આત્મવિલોપનની ચીમકી આપતું આવેદનપત્ર તંત્રને મળતાં અધિકારીઓ હરકતમાં આવી ગયા છે.

આવેદનપત્રમાં રજુ થયેલ વિગતોમાં હારીજ નગરના મુખ્ય બજારમાં બનેલા આરસીસી રોડમાં ગેરરીતિ થઈ છે તેવા આક્ષેપોથી રહીશોમાં ક્યવાટ છે.

તેમજ હારીજના વિકાસ માટે વાપરવામાં આવેલ ૨૯ કરોડમાં થયેલ કથિત ગેરરીતિના મુદ્દે જાગૃત નાગરિક રજનીભાઈ ઠાકરે લોકોના પસીનાના પૈસા વેરારૂપી ભરાયા બાદ જે રીતે ગ્રાન્ટનો દુરપ્યોગ થયો છે. તે રીતે કામગીરી પણ નબળી થઈ છે. કાચની ગુણવત્તા જળવાશે નહિં તે તમામ બાબતો સંદર્ભેનું આવેદનપત્ર તંત્રને આપ્યું છે અને યોગ્ય તપાસ નહિ થાય તો આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી છે.

બહુચરાજીથી વાયા શંખલપુર -મહેસાણા થઈ અંબાજી બસ રૂટમાં ફેરફાર કરાતાં લોકોમાં રોષ

ચાણસ્મા

યાત્રાધામ બહુચરાજી ડેપો સંચાલિત બપોરના ૧૨/૩૦ કલાકે ઉપડતી અને યાત્રાધામ અંબાજીને જોડતી સીધી લોકલ બસ સેવાના રૂટમાં એસ.ટી. વિભાગીય અધિકારી મહેસાણાની સૂચનાથી છેલ્લા ત્રણ દિવસથી ફેરફાર કરવામાં આવતાં આ રૂટના પાંચેક જેટલા ગામોના આશરે ૨૦ હજાર કરતાં વધારે મુસાફરોની સેવા છિનવાઈ જતાં લોકોમાં તંત્ર પ્રત્યે રોષની લાગણી ફેલાઈ છે. જેથી રૂટના ચાર કરતાં વધુ ગ્રામ પંચાયતના સરપંચોએ એસ.ટી. સત્તાવાળાઓને એક લેખિત પત્ર પાઠવી તેના જૂના રૂટ ઉપર જ બસ ચાલુ કરવા માંગણી કરી છે. બહુચરાજીથી બપોરના ૧૨/૩૦ કલાકે ઉપડી વાયા શંખલપુર, ડોડીવાડા, આદીવાડા, મીઠીયારી આલ, મોઢેરા, મહેસાણા થઈને જતી અંબાજીની લોકલ બસનું સંચાલન કરવામાં આવ્યું હતું. જે બસમાં પૂરતું ટ્રાફિક મળતું હતું અને ઉપરોક્ત ગામોને મહેસાણા-અંબાજી જવા સીધી બસનું જોડાણ મળતું હતું. શંખલપુરથી ટોડા બહુચર માતાજીનું સ્થાનક આવેલું છે, જેથી યાત્રાળુઓ દર્શનનો લાભ લઈ સીધા અંબાજી જઈ શકતા હતા. પરંતુ બહુચરાજીથી ૧૨ કિમી દૂર આવેલા સાપાવાડા માત્ર એક જ ગામની માગણી સંતોષવા આ બસના રૂટમાં ફેરફાર કરી સાપાવાડાથી શરૂ કરવામાં આવી છે. જે ગામ ૧૨ કિમી દૂર આવેલું હોઈ, અને મહેસાણા કે અંબાજી જતા મુસાફરોને ભાડા વધારા સહિત એક કલાક કરતાં વધારે મુસાફરીમાં સમય બગડતો હોઈ આ બસમાં મુસાફરી કરવાનુ ટાળતાં આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. એસ.ટી. વિભાગીય કચેરી મહેસાણા દ્વારા આ રૂટના ફેરફારમાં અઘટીત નિર્ણય લેવામાં આવતાં ભવિષ્યમાં વહીવટી તંત્રની અક્ષમ્ય ભુલના કારણે આવક ન મળવાને કારણે રૂટમાં વારંવાર ફેરફાર કરવામાં આવતાં મુસાફરોનો વિશ્વાસ પણ ઉઠી જતાં હવે કાયમી પોરણે આ બસ બંધ કરવા કોઈ રાજકીય દબાણ નીચે તેમાં ફેરફાર કરવામાં આવતા તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે અને આ બસને તેના મૂળ રૂટ પર ચાલુ કરવામાં નહીં આવે તો આ વિસ્તારના લોકો દ્વારા લડત આપવા વિચારાઈ રહ્યું છે.

બહુચરાજીમાં રામજી મંદિરમાં રામનવમી પ્રસંગે છપ્પનભોગ અન્નકુટ ધરાવાયો

ચાણસ્મા

બહુચરાજી ખાતે રામનવમી નિમિત્તે વહેલી સવારથી મોડી સાંજ સુધી રામજી મંદિરમાં દર્શન માટે લોકોની ભારે ભીડ જોવા મળી હતી. મંદિર પરિસરને વિવિધ ફુલો તેમજ રોશનીથી શણગારવામાં આવ્યું હતું. બહુચરાજીના પ્રતિષ્ઠીત વહેપારી અને અન્નકુટના દાતા પટેલ રજનીભાઈ પ્રહલાદભાઈ તેમજ પટેલ મહેશભાઈ પ્રેમાભાઈ દ્વારા છપ્પન ભોગ ધરાવવામાં આવ્યો હતો. રામજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ અનિલભાઈ શેઠ(લાટીવાળા) તેમજ તેમના પરિવારજનોએ હાજર રહી દર્શનનો લ્હાવો લીધો હતો. આ ધાર્મિક પ્રસંગે મંદિરના ટ્રસ્ટી પી.ડી.ઝાલા, ભીખાભાઈ જાની, પુજારી હર્ષદરાય વગેરેએ હાજરી આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ચેતન (પ્લાસ્ટિક) તેમજ અન્ય કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી. બહુચરાજીના સ્થાનિક

શ્રદ્ધાળુઓ તેમજ મોટી સંખ્યામાં ભક્તોએ રામચંદ્ર ભગવાનના ચરણોમાં શીષ નમાવી ધન્યતા અનુભવી હતી.

પાટણમાં રામનવમી ૩૧ મી નગરયાત્રામાં દર્શનાર્થીઓ ઉમટી પડ્યા

પાટણ

પાટણ જિલ્લામાં રામનવમી પર્વની ઉજવણી ભારે ઉલ્લાસપૂર્વ કરવામાં આવી. પાટણમાં છેલ્લા ૩૧ વર્ષથી રામ નવમીના દિવસે રામજીમંદિરથી આરતી ઉતાર્યા બાદ રામજીની નગરયાત્રા યોજાઈ હતી.આ શોભાયાત્રામાં પુરૂત્તમ ભગવાન શ્રી રામ, લક્ષમણ અને સીતાજી તથા હનુમાનજી દાદાને રથમાં બિરાજેલ.

વિ.હિ.પ., બજરંગ દળ તથા પોલીસ અધિક્ષક, સહિત હજારો ભક્તો શોભાયાત્રામાં જોડાયા હતા. આ શોભાયાત્રા રામજીમંદિરથી અંબાજી મંદિર, હિંગળચાચર, મુખ્યબજાર, ત્રણ દરવાજા, ગોમશેરી, પીંપ બાશેર, ઘી વટા વિસ્તાર, ખોખર વાડ, આલવીવાડા, મદારસા, રતનપોળ, બનાગવાડો, કલાસીયા વાડો, જવાળામુખીની પોળ, જુના ગંગ બજાર, ચતુર્ભુજ બાગ થઈ નીજ મંદિરે શોભાયાત્રા આવી પહોંચી હતી. આ પ્રસંગે રાજકીય પક્ષોના આગેવાનો તેમજ પાલીકાના કાર્પોરેટર મનોજ કે.પટેલ, સુરેશભાઈ પટેલ, લાલેશ ઠક્કર અને ધારાસભ્ય કિરીટ પટેલે દર્શનનો લાભ લીધો હતો.

પાટણ તાલુકાના બાલીસણા ગામની ઘટના

તળાવમાં પડેલી બકરીને બચાવવા જતાં યુવાનનું ડૂબી જવાથી મોત

પાટણઃ પાટણ તાલુકાના બાલીસણા ગામે આવેલા આંબાવાડીયા તળાવમાં સવારે ૧૧ઃ ૩૦ અરસામાં તળાવમાં અચાનક બકરી પડતા તેને બચાવવા પડેલા ૨૪ વર્ષીય દેવીપૂજક યુવાન પાણી ડૂબી જતા મોત નિપજ્યું હતું. બાલીસણા ગામે આંબાવાડીયા તળાવ પાસે રહેતા દેવીપૂજક અજયભાઈ અમરતભાઈ (૨૪) તેઓ તેમના ઘરે હતા તે વખતે તેમની બકરી તેમના ઘરની સામે આવેલા તળાવમાં પડતા તેને બચાવવા તેઓ પણ પાણીમાં ઝંપલાવ્યું હતું તે વખતે બકરીનો બચાવ થયો હતો. પરંતુ અજયભાઈને તરતા ન આવડતુ હોય તેઓ પાણીમાં ગરકાઉ થઈ ગયા હતા. આ બાબતની જાણ આજુ બાજુમાં રહેતા લોકોને થતા તેઓ તળાવમાં ડુબેલા અજયભાઈની લાશને બહાર કાઢીને આ બાબતે બાલીસણા મૃતકના ભાઈ વિનોદભાઈ દેવીપૂજકે જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે આવી લાશનું પંચનામું કરી પીએમ અર્થે પાટણ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. પોલીસ અકસ્માત મોતનો ગુન્હો નોંધી તેવું તપાસ ચલાવી રહેલા એએસઆઈ ભાવનાબેન, તેમજ પીએસઆઈ વી.એ. દેસાઈ જણાવ્યુ હતું.

વડગામ બસસ્ટેન્ડ ઉપર કેબિનમાં આગ લાગતાં અફડા તફડી

પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ. વડગામ

વડગામ બસસ્ટેન્ડ ઉપર જૂના પિકઅપ સ્ટેન્ડની બાજુમાં લાકડાના કેબિનમાં આગ લાગતાં અફડા તફડીનો માહોલ સર્જાયો હતો. બનાવની જાણ થતાં સ્થાનિક દુકાનદારોએ પાણીનો મારો ચલાવતાં આગ કાબુમાં આવી હતી.

આગને કારણે કેબિનમાં રહેલ કોટાફેબ્રીંગ માલ-સામાનને વ્યાપક નૂકશાન થયું હતું. સર્કલ ઈન્સ્પેકટર મફાજી ચૌહાણે વહીવટી તંત્રને જાણ કરતાં મામલતદાર, ટીડીઓ, પીએસટી ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

જગાણા પાસે અજાણ્યા વાહનની ટક્કરે બાઇક સવાર બે યુવકોના મોત : એકને ઇજા

ગંભીર ઇજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે મહેસાણા ખસેડાયો

પાલનપુર

પાલનપુર તાલુકાના જગાણા પાટીયા પાસે ગત વહેલી સવારના સુમારે અજાણ્યા વાહન ચાલકે બાઇકને ટક્કર મારી હતી. જેમાં બાઇક સવાર બે યુવકોના મોત નિપજ્યા હતા. જ્યારે એક યુવકને ઈજા થતાં મહેસાણા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

પાલનપુર-અમદાવાદ હાઇવે ઉપર જગાણા ગામના પાટીયા પાસે વહેલી સવારે ત્રણ વાગ્યાના સુમારે અમદાવાદ તરફથી બાઇક ઉપર આવી રહેલા વડગામ તાલુકાના જલોત્રાના ત્રણ યુવાનો જગાણા ગામમાં જવાના રસ્તા ઉપર વળી રહ્યા હતા. તે સમયે પુરઝડપે આવી રહેલા અજાણ્યા વાહન ચાલકે બાઇકને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બે યુવકોને ગંભીર ઈજા થતાં કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે ૧૮ વર્ષીય દિવ્યાંગ પરેશભાઈ રાવલને ગંભીર હાલતમાં પાલનપુર સિવિલ હોસ્પિટલમાંથી વધુ સારવાર અર્થે મહેસાણા ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતને પગલે સમગ્રપંથકમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.

(સંજય જોષી)

કમનસીબ મૃતકોના નામ

મયંકકુમાર કેશાભાઈ શ્રીમાળી (ઉ.વ. ૨૪)
જીગરકુમાર કેશાભાઈ મકવાણા (ઉ.વ. ૧૮)

લગ્નની પાર્ટીનો ઓર્ડર પતાવી ઘરે પરત ફરી રહ્યા હતા

અકસ્માતનો ભોગ બનેલા ત્રણે યુવકો લગ્ની પાર્ટીનો ઓર્ડર પતાવી વહેલી સવારે બાઈક ઉપર જલોત્રા પરત ફરી રહ્યા હતા. ત્યારે વાહન ચાલકે તેમના બાઈકને ટક્કર મારી હતી. જેમાં બે આશાસ્પદ યુવકોના મોતથી ગામમાં દોહ શોકની લાગણી છેવાઈ ગઈ હતી.

ધાનેરા પાલિકાનું ૫૧ કરોડનું બજેટ સર્વ સંમતિથી મંજુર

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા નગરપાલિકામાં ચૂંટાયેલા કોર્પોરેટરોની ગઈકાલે પ્રથમ સાધારણ સભા બોલાવાઈ હતી. જેમાં ૩૦ કરોડના ખર્ચ સામે ૨૦ કરોડના પુરાંતવાળુ કુલ ૫૧ કરોડનું બજેટ તમામ સભ્યોની સર્વ સંમતિથી મંજુર કરવામાં આવ્યું હતું. ધાનેરા નગરપાલિકા કચેરી ખાતે ગઈકાલે બપોરે ૨ વાગ્યે બોલાવાયેલી સભ્યોની બેઠકમાં બજેટની ચર્ચા વિચારણા અને શહેરના વિકાસ માટેના વિવિધ વિકાસ કાર્યોના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં કુલ ૫૧ કરોડનું બજેટ સર્વ સંમતિથી મંજુર કરવામાં આવ્યું હતું. અને પાલિકાની વિવિધ ૯ સમિતીની રચના પણ કરવામાં આવી હતી. જેના ચેરમેનોની નિમણુંક કરવામાં આવી હતી.

એન.કે.મોદી

વિવિધ સમિતિઓના ચેરમેનની યરોલ વરણી

કારોબારી સમિતિ - યુસુફખાન મોહમદખાન બેલીમ, બાંધકામ સમિતિ - ગોવિંદસિંહ વજાભાજી રાજપુત, પાણી પુરવઠા સમિતિ - શંકરભાઈ સવાભાઈ પટેલ, દીવા બત્તી સમિતિ - જગાબેન કાનાજી ઠાકોર, સેનિટેશન સમિતિ - હરજીભાઈ ગમનાભાઈ સોલંકી, મહેકમ સમિતિ - પ્રકાશભાઈ લમેભાલાભઈ સુથાર, વાહન વ્યવહાર સમિતિ - જગેશભાઈ શંકરભાઈ - સોલંકી, ગુમાસ્તા ધારા સમિતિ - કમળાબેન રમેશભાઈ નાઈ, સમાજ કલ્યાણ સમિતિ - ઈશ્વરભાઈ ખેતાભાઈ ભીલ

૨૦૧૭ ની જમીન ધોવાણ મુદ્દે નાળોદર ગામની ગેરરીતિનો અહેવાલ પ્રસિધ્ધ થતાં કસુરવારોમાં દોડધામ

તાલુકા પ્રતિનિધિ વાવ

ગતરોજ તા. ૨૭/૩/૨૦૧૮ ના રખેવાળ દૈનિકમાં ૨૦૧૭ ના પૂર પ્રકરણ માં જમીન ધોવાણની સહાયમાં નાળોદર ગામે ગેર-રીતિ ઓની ભૂમરાડના મથાળા હેઠળ સમાચારો પ્રસિદ્ધ થતાં કસુર વારો તેમજ જવાબદાર કર્મચારીઓમાં ભારે દોડધામ મચી ગઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સને ૨૦૧૫ ના પૂરસહાય પ્રકરણમાં ૫ થી વધુ કર્મચારીઓ જેલની હવા ખાઈ રહ્યા છે. ત્યારે ફરી ૨૦૧૭ માં ગેરરીતિઓનું ભુત પુણતા દોડધામ મચી ગઈ છે. જો કે નાળોદર ગામે આચરાયેલી ગેરરીતિઓમાં સરકારી દફતરો સાથે ચેડા કરી ખોટા દસ્તાવેજો ઉભા કરી સહાયમાં મોટાપાયે ખાયકી થઈ છે. જેથી ફરીને કસુરવારો વિરૂધ્ધ વિરૂધ્ધ ૪૨૦ ની કલમનો ગંભીર ગુનો બની શકે છે. જો કે આ બાબતે જવાબદાર તંત્ર તપાસમાં ભીનું ન સંકેલે તે જોવાનું રહ્યું છે? હાલમાં આ અખબારી અહેવાલથી નાળોદર ઉપરાંત અન્ય ગામોમાં જયાં ગેરરીતિઓ આચરાઈ છે. તે કસુરવારોમાં પણ દોડધામ મચી ગઈ છે. જો કે ૨૦૧૭ ના પૂરસહાય પ્રકરણમાં કસુરવારોને જેલના સળિયા પાછળ જવું પડશે. તેમાં બે મત નથી. નાળોદરની ગેરરીતિ ઓના મુદ્દે અરજદારો કોર્ટના દ્વાર ખખડાવે તેવું ચિત્ર ઉપસી આવ્યું છે.

પતિએ કપડાં ખરીદવાની ના પાડતાં એંગોલા ગામમાં પત્નીએ ગળે ફાંસો ખાઇ જીવન ટુંકાવતા ચકચાર

પાલનપુર

પાલનપુર તાલુકાના એંગોલા ગામ માં નજીવી બાબતે પતિથી લાગી આવતા પત્નીએ મોતને વ્હાલું કર્યું હતું. પતિએ તેની પત્નીને બજારમાંથી કપડાં ખરીદી કરવાની ના પાડતાં પત્નીને લાગી આવતા તેણીએ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવી દીધુ હતુ.

મુળ રાજસ્થાનના ઉદેપૂર જિલ્લાના કોટડા છાવણી તાલુકાના તીલરવા ગામના સોનાભાઈ વીરાભાઈ ગરાસીયા અને તેમની પત્ની સીતાબેન પાલનપુર તાલુકાના એંગોલા ગામે ભાગીયા તરીકે રહે છે. દરમિયાન સીતાબેનને તેમના પતીએ બજારમાંથી કપડાં ખરીદવાની ના પડતા બંન્ને વચ્ચે બોલાચાલી થઈ હતી. આથી સીતાબેનને લાગી આવતાં મકાનની છતના પતરા સાથે લગાવેલી લોખંડની એંગલ સાથે સાડી બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી દીધો હતો. આ અંગે સોનાભાઈએ પાલનપુર તાલુકા પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માતે મોતનો ગૂનો નોંધી વધુ તપાસ નાયબ પોલીસ અધિક્ષક એ. આર. જનકાંતએ હાથ ધરી છે.

વાતમના યુવકની હત્યા કેસમાં અન્ય શખ્સો સંડોવાયા હોવાની આશંકા

જિલ્લા પોલીસવડાને ઝીણવટ ભરી તપાસ કરવા રજૂઆત

પાલનપુર

લાખણી તાલુકાના વાતમ ગામે તાજેતરમાં એક યુવકની હત્યા થઈ હતી. જેમાં ફરિયાદના આધારે પોલીસે ત્રણ શખ્સોની અટકાયત કરી છે. જો કે, આ ગૂનામાં અન્ય શખ્સો પણ સંડોવાયેલા હોવાની આશંકાને પગલે પોલીસ દ્વારા જીણવટભરી તપાસ કરવામાં આવે તે માટે જિલ્લા પોલીસવડાને રજૂઆત કરવામાં આવી હતી.

(સંજય જોષી)

લાખણી તાલુકાના વાતમ ગામના લોકોએ બનાસકાંઠા જિલ્લા પોલીસવડા નિરજ બડગુજરને લેખિતમાં રજુઆત કરી હતી. જેમાં જણાવ્યું હતુ કે, ગામના ગગાજી શામજીજી ઠાકોરની હત્યા કરવામાં આવી હતી. આ ગૂનામાં પોલીસે ફરિયાદમાં જણાવેલા આરોપી ઓની અટકાયત કરી છે. જોકે, ત્રણ આરોપીઓ સિવાય પણ અન્ય શખ્સો આ ગૂનામાં

અનુસંધાન પાના નં.૬

પાલનપુરમાં અગ્નિ સ્નાન કરેલ યુવકનું સારવાર દરમિયાન મોત

પાલનપુર

પાલનપુર ખાતે વડલીવાળા પરા વિસ્તારમાં રહેતા રાજુભાઈ વાલાભાઈ કુવારીયાએ બે દિવસ અગાઉ કોઈ અગમ્ય કારણોસર અગ્નિ સ્નાન કર્યુ હતુ. જેમને પાલનપુર સિવિલ હોસ્પિટલ માં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સોમવારે સારવાર દરમિયાન રાજુભાઈ નું મોત નિપજ્યું હતુ. આ અંગે અરૂણકુમાર વાલાભાઈ કુવારીયાએ પૂર્વ પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી હે.કો. જસવંતસિંહ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ધાનેરા તાલુકાના ડેઢા ગામે યુવકની કરપીણ હત્યા

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા તાલુકાના ડેઢા ગામમાં રહેતા એક યુવકની ગઈ રાત્રી દરમિયાન માથાના ભાગે ઈજા પહોંચાડી હત્યા કરવામાં આવી હતી. જે બાબતની જાણ ગ્રામજનોને થતા પંથકમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.

આ બાબતની ટૂંકી વિગત એવી છે કે ધાનેરા તાલુકાના ડેઢા ગામમાં રહેતા ૩૦ વર્ષીય યુવક ખોડાભાઈ ધનાભાઈ માજીરાણા રાત્રી દરમિયાન પોતાના ઘરે સુતા હતા. બીજા દિવસે સવારે તેઓના મોટાભાઈ રમેશભાઈ ખેતરમાં રહે છે. તેઓ ઘરે આવી ખોડાભાઈને જગાડવા જતાં તેઓના માથાના ભાગે ઈજા જોવા મળતા અને તેઓ મૃત

અનુસંધાન પાના નં.૬

૨૦૧૭-૧૮ નું સુધારેલું અને ૨૦૧૮/૧૯ ના વર્ષનું વાવ તાલુકા પંચાયતનું બજેટ સર્વાનુમતે પસાર

તાલુકા પ્રતિનિધિ વાવ

ગતરોજ તા. ૨૭/૩/૧૮ ને મંગળવારના રોજ બપોરે ૧૨/૦૦ કલાકે વાવ તાલુકા પંચાયત કચેરીના સભાખંડ ખાતે પ્રમુખ કાંનજીભાઈ રાજપુતના અધ્યક્ષસ્થાને સામાન્ય સભા મળી હતી. જેમાં તાલુકા પંચાયતનું અને ૨૦૧૭/૧૮ ના વર્ષનું સુધારેલું અંદાજપત્ર અને ૨૦૧૮/૧૯ ના નવા વર્ષનું મંજુર કરેલ અંદાજપત્રવાળું બજેટ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે તા.પંચાયત વાવ તા. પ્રમુખ કાંનજીભાઈ રાજપુત, ટી.ડી.ઓ બી.ડી.સોલંકી, વિસ્તરણ અધિકારી પંચાયત શિવરામભાઈ પટેલ, હિસાબ નીશ ડી.જી.ઓઝા તેમજ તા. પંચાયતની બોડીના ચૂંટાયેલા તમામ સદસ્ય મિત્રો હાજર રહ્યા હતા.

થરાના મુખ્ય બજારમાં સર્વિસ રોડના ફુટપાથની ગટર છેલ્લા ત્રણ વર્ષથી સફાઈ નહીં થતાં રોગચાળાની ભીતી

યશપાલસિંહ વાઘેલા

થરા પોલીસ સ્ટેશનની બાજુમાં ત્રણ રસ્તાને પેટ્રોલપંપથી દિયોદર ગરનાળા સુધીની ફુટપાથ ગટર કાદવ, કીચડથી ઉભરાઈ દુર્ગંધ મારી રહી છે

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના થરા નગર તળમાંથી દિલ્હી-કંડલા નેશનલ હાઈવે પસાર થાય છે જેમાં હાઈવે ઓથોરીટી કેન્દ્ર સરકાર દ્વારા થરા પોલીસ સ્ટેશન પાસેથી ભાભર ત્રણ રસ્તા સુધી ઓવરબ્રીજ બનાવી નગર તળમાં મુખ્ય બજારમાં બંને બાજુ સર્વિસ રોડ,ફુટપાથ ગટર સાથે બનાવવામાં આવ્યો છે. ફુટપાથ પર અસામાજીક તત્વોએ દબાણો કરી ભાડાપટ્ટાથી ચલાવે છે. ને ફુટપાથ ગટર રામભરોસે મુકી દેવામાં આવી છે. જેના કારણે ત્રણ ફુટથી વધુ ઉંડી આ ગટર કાદવ, કીચડ ગંદા પાણીથી ભરાઈ ગઈ હોવા છતાં તેની છેલ્લા ત્રણ વર્ષથી સફાઈ થતી નથી. આ બાબતે થરા નગરપાલિકા તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું તો જાણવા મળ્યું કે સર્વિસ રોડ ફુટપાથ ગટરની તમામ જવાબદારી નેશનલ હાઈવે ઓથોરીટીની છે. ગટરનાં ઢાંકણાં ખોલી પાલિકા કર્મચારીઓ સફાઈ કરે તો ઢાંકણા તુટે છે એટલે

અનુસંધાન પાના નં.૬

પાલનપુરના કીર્તિસ્થંભ વિસ્તારની ઘટના વીજ ડીપી પર ચડેલા કપિરાજને વન વિભાગે નીચે ઉતાર્યા

(સંજય જોષી)

પાલનપુર

પાલનપુરના કીર્તિસ્થંભ વિસ્તારમા વિચિત્ર ઘટના સામે આવી હતી. ફૂતરું પાછળ પડતા ઘાયલ થયેલ કપિરાજ એક વીજ ડીપી પર ચડી ગયા હતા. જેઓને વન વિભાગની મદદથી સહી સલામત નીચે ઉતારી સારવાર અર્થે ખસેડાયા હતા.

પાલનપુરના કીર્તિસ્થંભ વિસ્તાર માં એક ઘાયલ કપિરાજ વીજ ડીપી પર ચડી ગયા હતા. જેની જીવદયાપ્રેમીઓને જાણ થતા તેઓએ વન વિભાગને જાણ કરી હતી. દરમિયાન વન વિભાગના અધિકારીઓએ દોડી આવી કપિરાજને વીજ ડીપી પરથી સહી સલામત નીચે ઉતારવા ગન વડે ભેભાન કર્યા હતા. બાદમાં કપિરાજને નીચે ઉતારી સારવાર અર્થે બાલારામ ખસેડાયા હતા. આ ઘટનાને પગલે લોકોના ટોળેટોળાં એકત્ર થયા હતા. જેઓએ જીવદયા પ્રેમીઓ સહિત વન વિભાગની કામગીરીને બિરદાવી હતી.

પરખડીમાં પરલોકવાસીઓને પણ રાશન પુરવઠો પ્રાપ્ત ??

રાશન પુરવઠાના વિતરણમાં વ્યાપક ગેરરીતીની રાડ

તા.પ્રતિ. વડગામ

વડગામ તાલુકાના પરખડી ગામે આવેલ પંડીત દિનદયાલ ગ્રાહક ભંડારમાંથી ગામના છ મૃત્યુ પામેલા રેશનકાર્ડ ધારકોનો પણ રાશન પુરવઠો દર મહીને નિયમિત ઉપડતો હોવાની અજાયબીના ચોંકાવ નારા અહેવાલો સાંપડે છે.

ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને રાહત દરે જીવન જરૂરીયાત ચીજવસ્તુઓ મળી રહે તે માટે સરકાર દ્વારા ગામે ગામે પંડીત દિનદયાલ ગ્રાહક ભંડાર કાર્યરત કરેલ છે. પરંતુ 'મેલી મથરાવરી' ધરાવતા ભંડારના સંચાલકોના પાપે રાશનનો પુરવઠો બારોબાર ફાળ બજારમાં પગ કરી જાય છે. જેથી રાશન પુરવઠાના વિતરણમાં પારદર્શિતા લાવવા સરકારે છેલ્લા કેટલાક સમયથી રેશન કાર્ડ "બાયોમેટ્રીક" બનાવી કાર્ડ ધારકના અંગૂઠાના નિશાન સિવાય અન્યને પુરવઠો ન ફાળવાય તેવું જડબેસલાખ આયોજન કર્યુ છે. જેમાં ઘણી ખામીઓ છે અને ઉલટાનું કાર્ડ ધારકો હેરાન થાય છે તેમ છતાં સંચાલકો આ નવી ટેકનોલોજી ને પણ પડકારી છટકબારીઓ દ્વારા ભય વગરનો ભ્રષ્ટાચાર આચરી રહ્યા છે જેના સમાચારો અખબારોના પાને ચમકી રહ્યાં છે. જેમાં જરૂરીયાતમંદ પરિવારોને પણ રાશન પુરવઠો મળતો ન હોવાની ચોમેરથી કાગારોળ સંભળાય છે. પરંતુ પરખડી ગામના પરલોક વાસીઓને પણ રાશન પુરવઠો નિયમીત મળે છે જેની મળતી વિગતો મુજબ વડગામ તાલુકાના પરખડી ગામે કાર્યરત પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારની દુકાનમાં ૧૨૯ અન્ત્યોદય રેશનકાર્ડ, ૧૩૬ એ.પી.એલ. રાશન કાર્ડ અને ૩૦૦ બી.પી.એલ.રાશન કાર્ડ કુલ ૫૬૫ રાશન કાર્ડ પૈકી ૪૨ રાશન કાર્ડ ધારકોનુ રાશન ખોટી રીતે ફુપન ઉપારી સગેવગે કરવામાં આવતું હોવાનું ગ્રાહકો પાસેથી જાણવા મળ્યું છે. નં.૩૫૯૩ નં. ૩૮૮૫, નં.૩૮૧૨, નં. ૪૦૦૫, નં.૩૮૩૬, નં. ૪૫૯૨, કુલ ૬ રાશન કાર્ડ ધારકોનુ મૃત્યુ થયું હોવા છતાં તેઓ દર મહીને નિયમિત રાશન ઉપાડે છે.

અનુસંધાન પાના નં.૬

શ્રદ્ધાંજલિ

સ્વ.કાનજીભાઈ વસાભાઈ ચૌધરી (લોહ)
સ્વર્ગવાસ તા.૨૬/૦૩/૨૦૧૮

જુંદગી જીવવાની અહેસાસ બતાવી ગયા તમે, હજારો અરમાન દિલના તોડી ગયા તમે, ઠંડકી સુંદર હતી જુંદગી તમારી સાથેની અમને અચાનક છોડી ગયા તમે, ૭૯ દિલ તમારા નામની જ ધડકે છે તમારા ચિતા અનુસર કેમ કરી ગયા અમને, પ્રભુ આપના દિલા પરમ આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.
ચૌધરી પરાણભાઈ આંકાભાઈ - કાકા
ચૌધરી હરજીભાઈ પરાણભાઈ - ભાઈ
ચૌધરી ડુંગરભાઈ પરાણભાઈ - ભાઈ
ચૌધરી આનંદકુમાર હરજીભાઈ - ભત્રીજા
(સ્વજન તથા પરિવાર - ડીસા)

ચૌધરી સુનીલકુમાર ડુંગરભાઈ - ભત્રીજા
ચૌધરી સતીશકુમાર ડુંગરભાઈ - ભત્રીજા
ચૌધરી સચિનભાઈ હરજીભાઈ - ભત્રીજા
ચૌધરી રીનકુકુમાર ડી. (ભાણેજ)

એન.પી.કોલ્ડ સ્ટોરેજ પરીવાર

પાલનપુરમાં યુવતીએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરતા ચકચાર

પાલનપુર

પાલનપુરના ગોબરીરોડ વિસ્તાર માં ગત સાંજના સુમારે અગમ્ય કારણોસર એક યુવતીએ પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. પાલનપુરના ગોબરીરોડ કર્ણાવત સ્કુલ વિસ્તારમાં રહેતા ૨૩ વર્ષીય જ્યોતિબેન અમરતભાઈ માજી રાણાએ અગમ્ય કારણોસર પોતાના ઘરે પાટ સાથે સાડી બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તેણીના મુર્તદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવા માં આવ્યો હતો. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

પ્લોટ વેચવાનો છે
બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક લાણણીમાં મેઈન બજારમાં આવેલ રહેણાંક મકાનને લાયક પ્લોટ વેચવાનો છે.
સરનામું : ભમરા મહારાજના ઘરની સામે, એરટેલ ટાવરની બાજુમાં લાણણી (બનાસકાંઠા)
મો.૯૯૦૯૩ ૩૬૫૧૨

વેકેશનમાં અખબારી ક્ષેત્રની તાલીમ મેળવવા અમુલ્ય તક
ધો.૧૨ ના વિદ્યાર્થી ભાઈ બહેનોને વેકેશનમાં અખબારી ક્ષેત્રની પ્રાથમિક તાલીમ માટે "રખેવાળ દૈનિક" અમુલ્ય તક પુરી પાડે છે. ત્રણ મહિનાના તાલીમ વર્ગમાં પત્રકારત્વનું પ્રાથમિક જ્ઞાન, કોમ્પ્યુટરને લગતી ટાઈપીંગ, ડી.ટી.પી. વેબ, ઈન્ટરનેટ વગેરેની તાલીમ આપવામાં આવશે. તેમજ તાલીમ બાદ દરેક તાલીમાર્થીને સર્ટીફીકેટ આપવામાં આવશે. તો વહેલી તકે આ તાલીમમાં જોડાવવા વિદ્યાર્થી ભાઈ બહેનો સંપર્ક કરે
રખેવાળ દૈનિક કાર્યાલય
માનવ મંદિર અંબિકા ચોક, ડીસા

હીરામણિ સ્કૂલ/હૉસ્ટેલ માં પ્રવેશ ઉપલબ્ધ
નિરમા યુનિવર્સિટી સામે, કરમેર - ગાંધીનગર હાઈવે, અમદાવાદ-૩૮૨૪૮૧.
ફોન(૦૨૭૬)૨૨૬૫૫-૨૨૬૭૬.(હૉસ્ટેલ)૨૨૧૫૨ www.hiramanischools.org
ધો.૩ થી ૧૦ અને ૧૧-૧૨ ના વિજ્ઞાન તથા સામાન્ય પ્રવાહ (ગુજરાતી/અંગ્રેજી માધ્યમ)ના વિદ્યાર્થીઓ માટે અદ્યતન હૉસ્ટેલમાં ઉત્તમ નાસ્તા તથા ભોજન,લોન્ડ્રી તેમજ ૨૪ કલાક ડૉક્ટર, જીમની સુવિધા.
હૉસ્ટેલના તમામ વિદ્યાર્થીઓ માટે સંસ્થાના ખર્ચે સલાયરી વધારાના શિક્ષણની સુવિધા. ધો.૧૧ અને ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે NEET અને GUJCET ના કોચિંગની સુવિધા.
પ્રવેશ માટે સમય : સવારે ૯.૦૦ થી ૪.૦૦

બેસણું

સ્વ.કાનજીભાઈ વસાભાઈ ચૌધરી (લોહ)
સ્વર્ગવાસ તા.૨૬/૦૩/૨૦૧૮

અમારા મોટાભાઈ કાનજીભાઈ વસાભાઈ ચૌધરી (લોહ) નું તા.૨૬/૦૩/૨૦૧૮ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું સમાજના રિતરીવાજ મુજબ અમારા નિવાસ સ્થાન કાંટ મુકામે તા.૨૯/૦૩/૨૦૧૮ ને ગુરૂવારના રોજ રાખેલ છે.

સ્થળ : મુ.કાંટ, તા.ડીસા, જિ.બ.કાં.
મો.૯૯૨૫૪૯૮૨૫૬, ૯૬૩૮૦૮૬૬૦૬

લિ.
ચૌધરી દ્યાભાઈ વસાભાઈ - ભાઈ
ચૌધરી જયંતિભાઈ કાનજીભાઈ - પુત્ર
ચૌધરી હરેશભાઈ કાનજીભાઈ - પુત્ર
ચૌધરી અશોકભાઈ દ્યાભાઈ - ભત્રીજો
ચૌધરી હરજીભાઈ પરાણભાઈ - ભાઈ
ચૌધરી પરાણભાઈ આંકાભાઈ - કાકા
ચૌધરી શીવાભાઈ શેહરાભાઈ - ભાઈ
ચૌધરી લાલજીભાઈ દેવસીભાઈ - ભાઈ
ચૌધરી ધુડાભાઈ દેવસીભાઈ - ભાઈ
ચૌધરી ડુંગરભાઈ પરાણભાઈ - ભાઈ
સમસ્ત ચૌધરી (લોહ) પરીવાર - કાંટ